૨૦૩ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 45 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



દૈનિક **મુંબઈ સમાચાર** — સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 45 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

શનિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભાષાને આધારે વિભાજન કરવાના પ્રયાસ ન કરો: મોદી

નવી દિલ્હી: ભાષાને નામે ભેદભાવ અને વિભાજન કરવાના પ્રયાસ કરતા લોકોને જબરજસ્ત તમાચો મારતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે ભારતીય ભાષાઓ વચ્ચે ક્યારેય શત્રુતા નહોતી અને પ્રત્યેક ભાષાએ અન્ય ભાષાને સમૃદ્ધ બનાવી છે.

૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં મોદીએ મરાઠી ભાષાને સંપૂર્ણ ભાષા લેખાવી વધાવી લીધી હતી અને કહ્યું હતું કે મરાઠી ભાષા શૌર્ય, હિંમત, સુંદરતા, સંવેદનશીલતા અને સમાનતાનું પ્રતિબિંબ પાડે છે.

ભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ સંસ્કૃતિની વાહક છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભાષા સમાજમાં જન્મ લે છે અને સમાજના ઘડતરમાં એટલી જ મહત્વની ભૂમિકા ભજવે છે. મરાઠી ભાષાએ મહારાષ્ટ્ર અને રાષ્ટ્રીય સ્તરે અનેક વિચારોની અભિવ્યક્તિ કરી સંસ્કૃતિનું ઘડતર કર્યું છે. મરાઠી એક સંપૂર્ણ ભાષા છે તેમાં શૂરતા પણ છે અને વીરતા પણ. મરાઠી ભાષામાં સુંદરતા પણ છે અને સંવેદના પણ. સમાનતા પણ છે અને સમરસતા પણ, આધ્યાત્મિકતા પણ છે અને આધુનિકતા પણ, ભક્તિ પણ છે અને શક્તિ તેમ જ યુક્તિ પણ છે મરાઠી ભાષામાં એમ તેમણે કહ્યું હતું. દિલ્હીમાં ૯૮મું અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન ચાલી રહ્યું છે ત્યારે વિજ્ઞાન ભવનમાં ચાલી રહેલા કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, એનસીપીના નેતા અને સર્વેસર્વા શરદ પવાર તેમ જ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ એકસાથે જોવા મળ્યા હતા. મોદીએ શરદ પવારનો હાથ પકડી દીપ પ્રજ્વલન કર્યું હતું. શરદ પવારનું ભાષણ પૂરું થયા બાદ મોદીએ પોતાના હાથે શરદ પવાર માટે પાણીનો ગ્લાસ ભર્યો હતો. (એજન્સી)


## બ્રાઝિલમાં બસ અને ટ્રકની ટક્કરથી યુનિવર્સિટીના ૧૨ વિદ્યાર્થીનાં મોત, ૨૧ ઘાયલ

સાઓ પાઉલો: બ્રાઝીલમાં એક હાઇવે પર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને લઈ જતી બસ અને ટ્રક વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં ૧૨ વિદ્યાર્થીનાં મોત થયા હતા અને ૨૧ અન્ય ઘાયલ થયા હતા, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર પણ ઘાયલ થયો હતો, તેણે ગુરુવારે મોડી રાત્રે રાજ્યની રાજધાનીથી લગભગ ૩૭૦ કિલોમીટર દૂર આવેલા શહેર નુપોરંગા નજીકના હાઈવે પર અકસ્માતના સ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેને પકડી લેવામાં આવ્યો હતો અને તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં તેના પર ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ, અનૈચ્છિક હત્યા અને શારીરિક નુકસાનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ મૃતકો ફ્રાંકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા, ઘાયલોને પ્રદેશની હૉસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.સ્થાનિક ટેલિવિઝન સ્ટેશનોએ અકસ્માતના દ્રશ્યની તસવીરો પ્રસારિત કરી હતી જેમાં બસની ડાબી બાજુ અથડામણમાં સંપૂર્ણપણે નાશ પામેલી દેખાઈ હતી.સાઓ પાઉલો રાજ્યમાં જ્યાં અકસ્માત થયો હતો ત્યાં રાજ્યનાં ગવર્નર ટાર્સિસિયો ડી ફ્રીટાસે ત્રણ દિવસનો સત્તાવાર શોક જાહેર કર્યો છે.

યુનિવર્સિટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''તે ખૂબ જ દુ:ખ સાથે જણાવે છે કે અમને સમાચાર મળ્યાં છે કે અમારા વિદ્યાર્થીઓના સપનાં એક દુ:ખદ અકસ્માતમાં તૂટી ગયા છે.'' પરિવહન મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૨૪માં, બ્રાઝીલમાં ટ્રાફિક અકસ્માતોમાં ૧૦,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ડિસેમ્બરમાં, મિનાસ ગેરાઈસ રાજ્યમાં હાઈવે પર પેસેન્જર બસ અને ટ્રક વચ્ચેની બીજી અથડામણમાં ૩૮ લોકોનાં મોત થયા હતા.

ગયા સપ્ટેમ્બરમાં કોરીટીબા ક્રોકોડાઈલ ફૂટબોલ ટીમને લઈ જઈ રહેલી બસ રોડ પર પલટી ગઈ હતી, જેમાં ત્રણ ફૂટબોલરના મોત થયા હતા. બસ દક્ષિણના શહેર કુરિટિબાથી રિયો ડી જાનેરોમાં એક રમત માટે મુસાફરી કરી રહી હતી.



નારીશક્તિ ઝિંદાબાદ: દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે શુક્રવારે યોજાયેલી બેઠક દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને દિલ્હીનાં નવાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા. (એજન્સી)

## ઈડીએ બીબીસી વર્લ્ડ સર્વિસ ઈન્ડિયાને ફટકાર્યો ₹ ૩.૪૪ કરોડનો દંડ

નવી દિલ્હી: ફૉરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફઆઈઆઈ)ના નિયમોના કથિત ભંગને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ બીબીસી વર્લ્ડ સર્વિસ ઈન્ડિયાને રૂ. ૩.૪૪ કરોડ કરતાં પણ વધુનો દંડ ફટકાર્યો હોવાનું ઈડીના અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

ફૉરેન એક્સચેન્જ મેનેજમેન્ટ ઍક્ટ (ફેમા) અંતર્ગત બ્રિટિશ બ્રોડકાસ્ટર (બીબીસી) વિરુદ્ધ કાર્યવાહી કરતાં ઈડીએ બીબીસીના ત્રણ ડિરેક્ટર (ગાઈલ્સ ઍન્ટની હન્ટ, ઈન્દુ શેખર સિંહા અને પૉલ માઈકલ ગિબન્સ)ને રૂ. ૧.૧૪ કરોડનો દંડ કર્યો હતો.

## પરીક્ષામાં કોપી કરવા ન દેતા વિદ્યાર્થીને ગોળી મારી; બિહારમાં સાસારામમાં હોબાળો

પટના: હાલ બિહારમાં બિહાર સ્કૂલ એક્ઝામિનેશન બોર્ડની ૧૦મા બોર્ડ મેટ્રિકની પરીક્ષા ચાલી રહી છે. ગઈ કાલે સાસારામ વિસ્તારમાં પરીક્ષા બાદ પરીક્ષાર્થીઓના બે જૂથો વચ્ચે મારામારી થઇ હતી, જેમાં થયેલા ગોળીબારમાં એક વિદ્યાર્થીનું મોત થઇ જતા હોબાળો મચી ગયો છે. એહવાલ મુજબ પરીક્ષાખંડમાં વિદ્યાર્થીએ કોપી ન કરવા દેતા કેટલાક વિદ્યાર્થીએ તેના પર હુમલો કર્યો હતો.

સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ પરીક્ષા દરમિયાન ઉત્તરવહી ન બતાવવા અંગે જૂથો વચ્ચે વિવાદ થયો હતો. વિવાદને કારણે વિદ્યાર્થીઓના બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં ગોળીબાર થયો હતો. ઉમેદવારો સેન્ટ અન્ના સ્કૂલમાંથી પરીક્ષા આપીને ઘરે પરત ફરી રહ્યા હતા. પછી તારાચંડી ધામમાં પહેલેથી જ રાહ જોઈ રહેલા બીજા જૂથે હુમલો કર્યો. ત્યારબાદ ગોળીબાર થયો. ગોળીબાર બાદ ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ હતી. ગામના લોકો એકઠા થવા લાગ્યા, ત્યારે આરોપીઓ ભાગી ગયા. ઘાયલ વિદ્યાર્થીઓને સદર હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર દરમિયાન એકનું મોત થઇ ગયું.ગોળીબારમાં ઘાયલ વિદ્યાર્થીઓમાંથી એક નામ અમિતકુમાર અને બીજાનું નામ સંજીતકુમાર છે. બંને દેહરી શંભુ બિઘા ગામના રહેવાસી છે. ઘાયલ વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગુરુવારે મધ્યરાત્રિએ અમિતકુમારનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. આ ઘટના પછી, અમિતના પરિવારજનો અને ગામલોકો રોષે ભરાયા અને દેખાવો કર્યા હતા.

આજે શુક્રવારે સવારે વિદ્યાર્થીના પરિવારના સભ્યોએ એનએચ-ટુ બ્લોક કરી દીધો હતો. લોકોએ આગચંપી પણ કરી, પરિવારજનો આરોપીઓની ધરપકડ કરવાની માગ કરી રહ્યા છે. લગભગ દોઢ કલાક સુધી હાઈવે જામ રહ્યો. બાદમાં, ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને લોકોને સમજાવીને જામ હળવો કરાવ્યો.

પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરી અને આરોપી સુમિતકુમારની ધરપકડ કરી. ઘટનામાં વપરાયેલું હથિયાર પણ મળી આવ્યું છે. બાકીના આરોપીઓને પકડવા માટે તપાસ કરવામાં આવી રહી છે.

બિહારમાં ૧૦મા બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. આ પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી અને ૨૫ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ પરીક્ષામાં ૧૫ લાખથી વધુ ભાગ લઇ રહ્યા છે.

## ભારતીય મૂળના કાશ પટેલ બન્યા એફબીઆઇના ડાયરેક્ટર, સેનેટે આપી મંજૂરી

ન્યૂ યોર્ક: ભારતીય મૂળના અમેરિકન કાશ પટેલ ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)ના નવા ડિરેક્ટર બન્યા હતા. કાશ પટેલને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના નજીકના સાથી માનવામાં આવે છે. અમેરિકન સેનેટ દ્વારા સમર્થન મળ્યા બાદ કાશ પટેલ દેશની મુખ્ય કાયદાકીય એજન્સીનું નેતૃત્વ કરનાર પ્રથમ ભારતીય અમેરિકન બન્યા છે. રિપબ્લિકન પાર્ટીનું વર્ચસ્વ ધરાવતી સેનેટે ગુરુવારે ૪૪ વર્ષીય કાશ પટેલના નામની પુષ્ટિ કરી હતી. સીનેટમાં થયેલા મતદાનમાં કાશ પટેલે સામાન્ય સરસાઈથી જીત મેળવી હતી.

સેનેટમાં એફબીઆઈના ડિરેક્ટર તરીકે કાશ પટેલના નામને ૫૧-૪૯ના માર્જિનથી સમર્થન મળ્યું હતું. જો કે, રિપબ્લિકન પાર્ટી તરફથી મેનની સેનેટર સુસાન કોલિન્સ અને અલાસ્કાની લિસા મુર્કોવ્સ્કીએ કાશ પટેલની ઉમેદવારીનો વિરોધ કર્યો હતો.

સેનેટે કાશ પટેલને ૫૧-૪૯ના મતથી સમર્થન આપ્યું હતું.

બે રિપબ્લિકન સુસાન કોલિન્સ અને લિસા મુર્કોવસ્કીએ તેમની પુષ્ટિ વિરુદ્ધ મત આપ્યો હતો.

કાશ પટેલની ઉમેદવારીને 'કેપિટલ હિલ'ના ડેમોક્રેટ્સ તરફથી તપાસનો સામનો કરવો પડ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે કાશ પટેલ આ પદનો ઉપયોગ ટ્રમ્પના કથિત રાજકીય દુશ્મનો સામે બદલો લેવા માટે કરવા માટે તૈયાર છે.

પટેલે પોતાની પસંદગી દરમિયાન મોટા દુશ્મનોની યાદીમાં રાખવાનો પણ ઇનકાર કર્યો, જ્યારે તેમણે ભૂતકાળમાં કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓથી પણ પોતાને દૂર કરી દીધા હતા. પટેલે ભૂતકાળમાં ટ્રમ્પના કેસની તપાસ કરતા કાયદા અમલીકરણ અધિકારીઓને 'ગેંગસ્ટર' તરીકે ઓળખાવ્યા હતા.



પેરાગ્લાઈડિંગ: મનાલીના કુલુ જિલ્લામાં શુક્રવારે પર્યટકોએ પેરાગ્લાઈડિંગની મજા માણી હતી. (એજન્સી)

## સંભલ હિંસામાં એસઆઇટીએ દાખલ કરી ચાર્જશીટ, દુબઇ ઍંગલનો કર્યો ખુલાસો

સંભલ: સંભલમાં જામા મસ્જિદ સર્વેના વિરોધમાં ૨૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ થયેલી હિંસાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા ૭૯ લોકો સામે સંભલ પોલીસે ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં દુબઈનો ઍંગલ પણ ખૂલ્યો છે. દુબઈના એક ઑટો લિફ્ટરને સંભલ હિંસાનો મુખ્ય સૂત્રધાર ગણાવવામાં આવ્યો છે.

સંભલ હિંસામાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૩૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. પોલીસે આરોપીઓ પર રમખાણો, આગચંપી અને ગોળીબાર કરવાના આક્ષેપો લગાવ્યા છે. તપાસમાં સંગઠિત ગુના અને વિદેશી ભંડોળનો પણ ખુલાસો થયો છે.

સંભલ હિંસાના ચાર કેસોમાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. પોલીસે હજુ સુધી સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા ઉર રહેમાન બર્ક અને સદરના વિધાનસભ્યના પુત્ર સુહેલ ઈકબાલ સામે હજી સુધી ચાર્જશીટ દાખલ કરી નથી.

જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસાની તપાસ કરી રહેલી પોલીસે તાજેતરમાં દાવો કર્યો હતો કે સંભલ હિંસાનો માસ્ટર માઈન્ડ શારિક સાઠા હતો, જે દુબઈમાં છુપાયેલો છે, હિંસા દરમિયાન ચાર લોકોના થયેલા મોત માટે પણ શારિક સાઠાના માણસો જવાબદાર છે. તેમણે ગોળીબાર કરીને ચાર લોકોની હત્યા કરી હતી.

## મહાકુંભથી યુપીની અર્થવ્યવસ્થાને ₹ ત્રણ લાખ કરોડથી વધુની મદદ: આદિત્યનાથ

લખનઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું કે મહાકુંભ રાજ્યની અર્થવ્યવસ્થાને ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુનો વિકાસ કરવામાં મદદ કરશે.વિધાનસભાના બજેટ સત્રના પ્રશ્નકાળમાં બોલતા આદિત્યનાથે કહ્યું કે ઉત્તર પ્રદેશ એક ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.તેમણે સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રાગિણી સોનકરના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ''ઉત્તર પ્રદેશની સંભવિતતા, જેનું વિશ્વ આજે સાક્ષી છે, તેને મહાકુંભ મેળા સાથે જોડી શકાય છે. એકલા મહાકુંભથી યુપીની અર્થવ્યવસ્થાને રૂ.૩ લાખ કરોડથી વધુ વૃદ્ધિ કરવામાં મદદ મળશે.''સપાનાં ધારાસભ્ય પર કટાક્ષ કરતા તેમણે કહ્યું, ''હું તમારી પીડા સમજી શકું છું, કારણ કે જ્યારે તમારા નેતાઓ કહે છે કે ભારત ક્યારેય વિકસિત દેશ નહીં બની શકે, ત્યારે તમારે તેમને અનુસરવું પડે.''

''આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે અને ૨૦૨૭માં ભારત પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બની જશે. આમાં કોઈ શંકા નથી.''ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા તરીકે આગળ વધી રહ્યું છે અને ૧૪૦ કરોડ ભારતીયોએ આ અંગે ગર્વ અનુભવવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ''એવું બની શકે છે કે કેટલાક લોકોને આ પસંદ ન હોય કારણ કે જેમનો પોતાનો અંગત એજન્ડા છે તેઓ દેશના વિકાસને યોગ્ય રીતે સ્વીકારશે નહીં.''

## તનાવપૂર્ણ સ્થિતિ ટાળવા ભારત-પાકે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં ફ્લેગ મીટિંગ યોજી

નવી દિલ્હી: તાજેતરમાં બનેલી ક્રોસ બૉર્ડર ફાયરિંગ અને આઈઈડી હુમલાની અનેક ઘટનાઓને પગલે નિર્માણ પામેલી તણાવપૂર્ણ સ્થિતિને હળવી કરવા ભારત અને પાકિસ્તાને શુક્રવારે જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લામાં એલઓસી પાસે ફ્લેગ મીટિંગ યોજી હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ચાકન-દા-બાગ ક્રોસિંગ પૉઈન્ટ વિસ્તારમાં બ્રિગેડ-કમાન્ડર સ્તરની બેઠક યોજાઈ હતી જેમાં બંને પક્ષે સરહદી વિસ્તારમાં શાંતિ જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અગિયાર વાગ્યે શરૂ થયેલી આ બેઠક લગભગ સવા કલાક ચાલી હતી. શાંતિપૂર્ણ વાતાવરણમાં આ બેઠક યોજાઈ હતી અને બંને પક્ષે વ્યાપક હિત ખાતર સરહદી વિસ્તારમાં શસ્ત્રવિરામ અંગે સહમતી દર્શાવી હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

વર્ષ ૨૦૨૧ની પચીસ ફેબ્રુઆરીએ શસ્ત્રવિરામના કરાર રિન્યુ કરવામાં આવ્યા બાદથી જમ્મુ-કાશ્મીરમાં શસ્ત્રવિરામ ભંગની ઘટના ભાગ્યે જ બનતી હતી.

૧૧ ફેબ્રુઆરીએ અખનૂર સેક્ટરમાં શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આઈઈડી વિસ્ફોટમાં કૅપ્ટન સહિત ભારતીય સેનાના બે અધિકારી શહીદ થયા હતા.

અન્ય એક ઘટનામાં રાજૌરી અને પૂંચ જિલ્લામાં અનુક્રમે ૧૦ અને ૧૪ ફેબ્રુઆરીએ કરવામાં આવેલા ગોળીબારમાં સેનાના બે અધિકારી ઘાયલ થયા હતા.

ગયા અઠવાડિયે પૂંચમાં સુરંગ વિસ્ફોટની બનેલી ઘટનામાં વધુ સેનાના બે જવાન ઘાયલ થયા હતા.

ભારતે આપેલા વળતા જવાબમાં પાકિસ્તાનને કેટલું નુકસાન થયું તે જાણવા નહોતું મળ્યું, પરંતુ અધિકારીઓના જણાવ્યાનુસાર પાકિસ્તાનને પણ ભારે નુકસાન થયું હતું. (એજન્સી)

## અદાણી મુદ્દો વ્યક્તિગત નહીં રાષ્ટ્રીય છે: રાહુલ ગાંધી

નવી દિલ્હી: અદાણી જૂથ સાથે સંકળાયેલા વિવાદ અંગે તાજેતરમાં અમેરિકાના પ્રસારમાધ્યમમાં કરેલા નિવેદન અંગે ટિપ્પણી કરવા બદલ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર એમ કહીને પ્રહાર કર્યા હતા કે અદાણી મુદ્દો વ્યક્તિગત નહીં રાષ્ટ્રીય છે. સંસદીય મતદારક્ષેત્રની મુલાકાતના બીજે દિવસે લાલગંજ ખાતે એક કાર્યક્રમ દરમિયાન યુવાનોને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું. તાજેતરમાં અમેરિકાની મુલાકાત દરમિયાન પ્રસારમાધ્યમ સાથેની વાતચીત દરમિયાન રાહુલે નિવેદન કર્યું હતું. (એજન્સી)





ટ્રાફિકજામ: ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન પ્રયાગરાજના સંગમ નજીક શુક્રવારે ટ્રાફિકની ભારે સમસ્યા સર્જાઈ હતી. ૨૬, ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિના દિવસે મહાકુંભનું અંતિમ શાહી સ્નાન હશે. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીન સાથે સરહદી વિવાદ દેશની સુરક્ષાનો મુદ્દો છે...

**ભારતમાં** મીડિયાનો એક વર્ગ બહુ ચુસ્ત રીતે પત્રકારત્વના સિદ્ધાંતો અને નૈતિકતાને વળગી રહ્યો છે, પણ મોટા ભાગનું મીડિયા પૂર્વગ્રહયુક્ત રીતે વર્તે છે. સત્તાધારી પક્ષના નેતાઓનાં વાહિયાત ને બકવાસ નિવેદનો પર કે વર્તન પર ઢાંકપિછોડો કરવો ને વિપક્ષના નેતાઓની વાતોમાં કાગનો વાઘ કરી નાખવો કે તેમને તોડી-મરોડીને વિકૃત રીતે રજૂ કરવી એ ધીરે ધીરે ભારતના બહુમતી મીડિયાની લાક્ષણિકતા બનતી જાય છે.

રાજકીય બાબતોમાં મીડિયા આ રીતે બિકાઉ બનીને વર્તે તો હજુ ચલાવી લેવાય, પણ કમનસીબે દેશની સુરક્ષા અને ગૌરવને લગતી બાબતોમાં પણ મીડિયા એ રીતે વર્તે છે એ જોઈને ખરેખર આઘાત લાગે છે. મીડિયાનો ધર્મ સત્યને લોકો સામે મૂકવાનો છે, પણ તેના બદલે સત્તામાં બેઠેલા લોકોની ચાપલૂસી કરીને સત્યને દબાવવામાં અને વાતને અવળે પાટે વાળવામાં ભારતનું બહુમતી મીડિયા પાવરધું થઈ ગયું છે. મીડિયાના આ કૌશલ્યનું તાજું ઉદાહરણ રાહુલ ગાંધીએ ચીનની ભારતમાં ઘૂસણખોરી અંગે કરેલું નિવેદન છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આપણા આર્મી ચીફે કહ્યું છે કે ચીને ભારતીય વિસ્તારોમાં ઘૂસણખોરી કરી છે. રાહુલ ગાંધીના નિવેદનને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ખોટું ગણાવીને રદિયો આપ્યો હતો. એક સમાચાર એજન્સીના પોડકાસ્ટમાં રાહુલ ગાંધીના આ નિવેદન અંગે ઈન્ડિયન આર્મીના ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને સવાલ પુછાયો હતો. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શું જવાબ આપ્યો તેની વાત કરીશું, પણ એ પહેલાં આપણી અતિઉત્સાહી ટીવી ચેનલો અને વેબસાઈટ્સે શું ચલાવી દીધું તેની વાત કરી લઈએ.

ટીવી ચેનલો અને વેબસાઈટ્સે ચલાવ્યું કે, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ રાહુલ ગાંધીને ઈન્ડિયન આર્મીને રાજકારણમાં ખેંચવા બદલ ઠપકાર્યા છે અને સલાહ આપી છે કે, ઈન્ડિયન આર્મીને રાજકારણમાં ન ખેંચવી જોઈએ. આપણા આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ખરેખર રાહુલ ગાંધીને ઠપકો આપ્યો છે? બિલકુલ નહીં.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જે જવાબ આપ્યો છે તેમાં સૌથી પહેલાં તો રાહુલ ગાંધીનું નામ તેમણે નથી લીધું. સવાલ કરનારે રાહુલ ગાંધીનો ઉલ્લેખ વિપક્ષના નેતા તરીકે કર્યો છે, પણ જનરલ દ્વિવેદીએ વિપક્ષના નેતા કે રાહુલ ગાંધી એવો ઉલ્લેખ કરવાનું પણ ટાળ્યું છે. બીજું એ કે, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ભારતીય વિસ્તારોમાં ચીને ઘૂસણખોરી નથી કરી એવું સ્પષ્ટ રીતે કહ્યું નથી.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું આખું પોડકાસ્ટ યુટ્યુબ પર છે જ ને જેમને શંકા લાગે એ યુટ્યુબ પર જઈને જોઈ શકે છે. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અંગ્રેજીમાં બોલે છે તેથી અંગ્રેજીમાં ખબર ના પડતી હોય તેમના માટે જનરલ સાહેબે જે કહ્યું તેનો ભાવાનુવાદ રજૂ કરી દઈએ. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે, મને લાગે છે કે આ રાજકીય સવાલ હતો ને તેનો રાજકીય જવાબ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા એક્સ પર આપવામાં આવ્યો છે. સંરક્ષણ મંત્રાલયે તેની વિગતો પણ આપી છે, પણ મને બે વાતની ખબર પડી. પહેલી અને મહત્ત્વની વાત એ છે કે, મારે એ વાતનો ભરચક પ્રયાસ કરવો જોઈએ કે ભારતીય લશ્કરને કોઈ પણ રાજકારણમાં સામેલ ન કરવામાં આવે.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તો પોતે શું કરવું જોઈએ તેની વાત કરી છે, પણ મીડિયાના ગમારોએ આર્મી ચીફે રાહુલ ગાંધીને ઠપકો આપી દીધો એવું હળાહળ જૂઠાણું ચલાવી દીધું. આ પોડકાસ્ટ સાંભળનારે બીજી પણ એક વાત ધ્યાનમાં લેવા જેવી છે. સવાલ કરનારે જ પહેલાં તો એવું કહી દીધું છે કે, આર્મીના વર્તમાન વડાને મિસક્વોટ કરવામાં આવ્યા કે રાજકીય બાબતોમાં ઢસડવામાં આવ્યા એ વિશે તમારે શું કહેવું છે? રાહુલે આર્મી ચીફને ખોટી રીતે ટાંક્યા એવું માનીને જ સવાલ પુછાય તેને શું કહેવું?

રાહુલે જનરલ દ્વિવેદીના જે વાક્યને ટાંક્યું એ પણ જાણી લઈએ. ગયા મહિને એક પ્રેસ કૉન્ફરન્સમાં, જનરલ દ્વિવેદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે ભારત અને ચીનની સેનાઓ વચ્ચે હજુ પણ ઘર્ષણ છે અને બંને પક્ષોએ બેસીને પરિસ્થિતિને કેવી રીતે શાંત કરવી અને વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો તે અંગે વ્યાપક સમજણ સ્થાપિત કરવાની જરૂર છે. મોદી સરકાર ચીન સાથેની સરહદે કોઈ સમસ્યા નથી એવી રેકર્ડ વગાડ્યા કરે છે ત્યારે જનરલ દ્વિવેદીએ બિલકુલ અલગ વાત કરી હતી. તેના કારણે બબાલ થઈ, પછી વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટતા કરવી પડેલી કે, આર્મી અને વિદેશ મંત્રાલયના નિવેદનમાં કોઈ વિરોધાભાસ નથી. પણ વાસ્તવમાં વિરોધાભાસ હતો જ.

આપણે મૂળ મુદ્દા પર પાછા ફરીએ. મૂળ મુદ્દો તો ચીનના લશ્કરે ભારતીય વિસ્તારોમાં ઘૂસણખોરી કરી કે નહીં તેનો છે. જનરલ દ્વિવેદીએ ભલે આ સવાલને રાજકીય ગણાવ્યો, પણ આ રાજકીય સવાલ નથી. આ મુદ્દો દેશની સુરક્ષાને લગતો છે અને તેનો સ્પષ્ટ જવાબ જનરલ દ્વિવેદીએ આપવો જોઈતો હતો. ચીને ભારતનો વિસ્તાર પચાવી પાડ્યો છે કે નહીં તેનો હા કે નામાં જવાબ આપવાની જરૂર હતી, પણ તેના બદલે જનરલ દ્વિવેદીએ નરો વા કુંજરો વા કરી નાખ્યું. તેમણે સ્પષ્ટ રીતે ભારતનો વિસ્તાર ચીને પચાવ્યો છે એવું પણ ના કહ્યું ને નથી પચાવ્યો એવું પણ ના કહ્યું.

બીજી એક મહત્ત્વની વાત એ કે, જનરલ દ્વિવેદીએ ચીન સાથેની સરહદ ડોક્ટર્ડ છે એવું પણ ઈન્ટરવ્યૂમાં કહેલું. ડોક્ટર્ડનો મતલબ ચેડાં કરવો એવો થાય, પણ અત્યારે જનરલ દ્વિવેદીએ પોતે સરહદ ડોક્ટર્ડ થઈ છે એવું કહ્યું તેનો મતલબ બંને બાજુ બાંધકામો થયાં છે એવો થાય છે એવું કહ્યું છે. ભારત કે ચીન પોતપોતાના વિસ્તારમાં બાંધકામ કરે તેના કારણે સરહદ સાથે ચેડાં થયાં છે એવું કઈ રીતે કહી શકાય? વાત એટલી જ છે કે, જનરલ દ્વિવેદીનો ખુલાસો ગળે ઊતરે એવો નથી.

ચીન સાથેના સરહદી વિવાદનો મુદ્દો ગંભીર છે એ જોતાં આ મુદ્દાને ગંભીરતાથી લેવો જરૂરી છે. મીડિયાએ સરકાર પાસે જવાબ માગવો જોઈએ કે, ખરેખર ચીને ભારતના વિસ્તારોમાં ઘૂસણખોરી કરી છે કે નહીં? મીડિયાએ સરહદે જઈને ઈન્ટરવ્યૂ કરવો જોઈએ અને ગ્રાઉન્ડ રીપોર્ટિંગ કરીને સરહદે શું સ્થિતિ છે એ લોકોને જણાવવું જોઈએ. તેના બદલે અહીં તો રાહુલને ખોટો સાબિત કરવામાં મીડિયા મજા લઈ રહ્યું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૨–૨–૨૦૨૫,
શ્રી રામદાસ નવમી

- ભારતીય દિનાંક ૩, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા સાંજે ક. ૧૭–૩૯ સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં સાંજે ક. ૧૭–૩૯ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૩૮ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૨૦–૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૨૨ (તા. ૨૩)
- ઓટઃ બપોરે ક. ૧૨–૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૦૫ (તા. ૨૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – નવમી. શ્રી રામદાસ નવમી, વિંછુડો સમાપ્તિ સાંજે ક. ૧૭–૪૦, ભદ્રા પ્રારંભ ક. ૨૫–૪૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મહાબલી હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલિસા પાઠ વાંચન, સુંદરકાંડ ભજન, જ્યેષ્ઠા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, સપ્તશતી પાઠ વાંચન, હવન, શનિદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, પશુ લેવડ–દેવડ, પ્રયાણ મધ્યમ, પ્રાણી પાળવાં, શાંતિપૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય રહ્યા કરે. ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ કુટીલ ચિત્તવાળા, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ પુરુષાર્થી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૨૩), ચંદ્ર–રાહુ ચતુષ્કોણ (તા. ૨૩). બુધ પૂર્વાભાદ્રપદા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, વક્રી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# પ્રજામત

### ટ્રમ્પની અસલિયત

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકામાં બીજી વખત ચૂંટાયા પછી ઘણાં બદલાઈ ગયા છે. એમના છેલ્લાં ફતવા પ્રમાણે અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા લોકોને ત્યાંથી દેશ નિકાલ કરવામાં આવે છે. અમેરિકા ઘણો મોટો દેશ છે. ત્યાં રહેવા અને કામ કરવા માટે લોકો તૈયાર હોય છે. વાત છે ડિપોર્ટેશનની. જે રીતે ઘૂસણખોરોને તેમનાં દેશમાં ધકેલવામાં આવે છે. તેમને હથકડીઓ અને પગમાં બેડી લગાવવામાં આવે છે. શું આ જરૂરી છે કે પછી ભવિષ્યમાં ઘૂસનારા સો વખત એનો વિચાર કરે એવો ડર લોકોમાં પેદા કરવા માગે છે. એથી આજની યુવાપેઢી સમજે અને અમેરિકાનો મોહ છોડે એ અગત્યનું છે. આપણાં દેશમાં જ મહેનત કરે તો આપણે દુનિયાની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બની શકીએ છીએ.

**જિતેન્દ્ર શાહ (હૈદરાબાદ)**

### અમેરિકા-ભારતના વડાની મુલાકાત

અમેરિકા અને ભારતના વડાઓની તાજેતરમાં જ મુલાકાત થઈ હતી. બન્ને દેશ રશિયા–યુક્રેન યુદ્ધ રોકવામાં મદદરૂપ બની રહ્યાં છે. આતંકવાદ વિરોધની આ બન્ને દેશોના વડાની મુલાકાત ખૂબ અગત્યની રહી છે. દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલી અને ભૂલ વગરના વક્તવ્યો આગવા પ્રકારનાં છે, જેની નોંધ સમગ્ર વિશ્વ લે છે. આ જ કારણ છે કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ કરતાં અગ્રેસર બન્યા છે. કોરોનાકાળમાં અન્ય દેશોને વૅક્સિન મોકલીને નરેન્દ્ર મોદી આજે વિશ્વમાં પ્રથમ સ્થાને છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે.

**પ્રવીણ રાઠોડ (અમદાવાદ)**

### મિત્રતા

જીવનમાં મિત્રતાથી અધિક પ્રસન્ન બાબત કોઈ નથી.
મિત્રતા ધીરજથી કરવી, પરંતુ કર્યા બાદ અચળ અને દૃઢ બનીને નિભાવવી.
મિત્રતાનો પ્રકાશ જ્વલિત ફોસ્ફરસના પ્રકાશ જેવો છે.
મિત્રની ભૂલ એકાંતમાં જણાવો પરંતુ વખાણ જાહેરમાં કરો.
મિત્ર ઢાલ જેવો હોય, સુખમાં પાછળ અને દુખમાં આગળ.
મિત્રતાનો સાર છે-પૂર્ણ ઉદારતા અને વિશ્વાસ.
સમાન સ્થિતિવાળા સાથે મિત્રતા કરવી.
વાતચીત દ્વારા સંબંધ (મિત્રતા) થાય છે.

**'પરાગરજ'માંથી સંકલન હર્ષદ દડિયા (મુંબઈ, ઘાટકોપર)**

### એક રાજ્ય, એક ગણવેશઃ યુનિફોર્મની જવાબદારી હવે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની...

મહારાષ્ટ્ર સરકારે હવે 'એક રાજ્ય, એક યુનિફોર્મ' નીતિના અમલમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. યુનિફોર્મ સિલાઈ અને વિતરણ માટે કેન્દ્રીય પ્રણાલીને બદલે રાજ્ય સરકારે હવે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીને સ્થાનિક સ્તરે પ્રક્રિયાનું સંચાલન કરવાની જવાબદારી સોંપી છે.

સુધારેલી યોજના મુજબ- સ્કૂલ મેનેજમેન્ટ કમિટી વિદ્યાર્થી દીઠ યુનિફોર્મના બે સેટની સિલાઈ અને વિતરણ માટે જવાબદાર રહેશે.

યુનિફોર્મમાં ક્લાસને આધારે છોકરાઓ માટે ડાર્ક બ્લ્યુ હાફ પેન્ટ અથવા પેન્ટ સાથે લાઇટ બ્લ્યુ શર્ટ. છોકરીઓ માટે ડાર્ક બ્લ્યુ સ્કર્ટ અથવા સલવાર સાથે જ લાઇટ બ્લ્યુ શર્ટ અથવા કમીઝનો સમાવેશ કરવો.

**પ્રિન્સિપાલ કે.પી. બારોટ (અંધેરી, મુંબઈ)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## ભારતીય લોકતાંત્રિક મૂલ્યો પર હુમલા પાછળના લોકોનો પર્દાફાશ થવો જોઈએઃ ધનખડ

નવી દિલ્હીઃ ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે શુક્રવારે ભારતમાં મતદારોની સંખ્યામાં વધારો કરવા માટે કથિત યુએસએઆઈડી ભંડોળ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે જે લોકોએ દેશના લોકતાંત્રિક મૂલ્યો પર આવા હુમલાની મંજૂરી આપી છે તેમને ખુલ્લા પાડવા જોઈએ.

તેમણે એમ પણ કહ્યું કે આવાં દળો પર હુમલો કરવો એ લોકોની ''રાષ્ટ્રીય ફરજ'' છે.

ગુરુવારે મિયામીમાં એક કાર્યક્રમને સંબોધતા, યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારતમાં મતદાર મતદાન માટે ૨૧ મિલિયન ડૉલરના ભંડોળ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું કે ''મને લાગે છે કે તેઓ બીજા કોઈને ચૂંટવાનો પ્રયાસ કરી રહ્યા હતા.''

અહીં ધ્યાન પર એક કાર્યક્રમમાં બોલતા, ધનખડે કહ્યું કે યુએસએઆઈડી ફંડિંગ પરની ટિપ્પણી સત્તા પરની વ્યક્તિ તરફથી આવી છે અને તે હકીકત છે કે પૈસા આપવામાં આવ્યા હતા.

વિવાદના મૂળમાં જવા માટે ''ચાણક્ય નીતિ'' નો ઉપયોગ કરવાની હાકલ કરતાં તેમણે કહ્યું કે સમસ્યાને તેના મૂળમાંથી નાબૂદ કરવી જોઈએ.

''જે લોકોએ આ પ્રકારના હુમલાને મંજૂરી આપી હતી (ચૂંટણીની શુદ્ધતાને કથિત રીતે નુકસાન પહોંચાડવા માટે) તેઓને ખુલ્લા પાડવા જોઈએ,'' તેમણે કહ્યું. ગયા અઠવાડિયે, અબજોપતિ ઇલોન મસ્કની આગેવાની હેઠળ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડોજે) એ ''ભારતમાં મતદાન'' માટે ફાળવેલ ૨૧ મિલિયન ડૉલર સહિત ખર્ચમાં કાપની શ્રેણીની જાહેરાત કરી હતી.

## 'આપ'ના મોહલ્લા ક્લિનિકને સ્થાને નવી દિલ્હીમાં ભાજપના 'આરોગ્ય મંદિર'

નવી દિલ્હીઃ દિલ્હીમાં ભાજપ સરકાર બન્યાની સાથે જ આરોગ્ય સેવા ક્ષેત્રમાં પ્રમુખ સુધારાઓ લાગુ કરવાની દિશામાં એક યોજના તૈયાર કરવામાં આવી છે જેમાં સ્વાસ્થ્ય સેવાઓનું ડિજિટલીકરણ, 'આરોગ્ય મંદિર'ની સ્થાપના, તબીબી શિક્ષકોના વિવિધ ખાલી પદો ભરવા અને નિર્માણાધીન હૉસ્પિટલોનું નિર્માણ પૂર્ણ કરવાનું સામેલ છે એમ અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી હતી.

તેમણે કહ્યું હતું કે અનેક સરકારી હૉસ્પિટલોમાં એમએસ અને એમડીની સંખ્યા ખૂબ જ ઓછી છે. કેટલાક અધિકારીઓ એક સાથે બે હૉસ્પિટલનું સંચાલન કરી રહ્યાં છે જેના કારણે સ્વાસ્થ્ય સુવિધાઓનું સંચાલન પ્રભાવિત થઇ રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ મુદ્દા પર સમાધાન કરવું પ્રાથમિકતા છે. સરકારની મેડિકલ સેવાઓમાં અડચણને રોકવા અને લોકોને કોઈ પણ બાધા વિના જરૂરી આરોગ્ય સેવાઓ મળે તે નિશ્ચિત કરવાની અપેક્ષા છે.

અધિકારીએ કહ્યું હતું કે છેલ્લા એક વર્ષથી અમે આરોગ્ય ક્ષેત્રની ખામીઓને ઉજાગર કરી રહ્યા છીએ. હવે જ્યારે બધા વિભાગોને પ્રથમ ૧૦૦ દિવસના કાર્ય માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, ત્યારે કેટલાક મુખ્ય પ્રસ્તાવો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે એચઆઇએમએસ દિલ્હી સરકારની લાંબા સમયથી માગણી રહી છે. તેમણે કહ્યું, ''આ સિસ્ટમ હૉસ્પિટલ મેનેજમેન્ટ માટે એક મૂળભૂત જરૂરિયાત છે અને તેના અમલીકરણથી આરોગ્ય સેવાઓમાં ઘણો સુધારો થશે.''

એચઆઇએમએસ મફત છે અને ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં મદદ કરે છે, તે એક સરકાર–થી–સરકાર વેબ–આધારિત દેખરેખ માહિતી પ્રણાલી છે જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર ૨૦૦૮માં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય નીતિ ઘડતર અને કાર્યક્રમ દરમિયાનગીરી માટે મહત્ત્વપૂર્ણ ઇનપુટ્સ પૂરા પાડવાનો છે, પરંતુ આપ સરકારે તેને મંજૂરી આપી ન હતી.

મોહલ્લા ક્લિનિક બંધ નહીં થાય, કારણ કે જાહેર કલ્યાણ સાથે સમાધાન ન થવું જોઈએ. તેના બદલે તેમનું નામ બદલીને 'આરોગ્ય મંદિર' રાખવામાં આવી શકે છે અને વધુ સારી સુવિધાઓ અને સારા સંચાલન સાથે અપગ્રેડ કરવામાં આવી શકે છે, એમ એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું. ''હાલનું મૉડેલ ખૂબ અસરકારક નથી તેથી અમે તેને વધુ સારી કાર્યક્ષમતા માટે કાર્યરત કરીશું. સંસાધનોનો બગાડ કરવાનો નથી પરંતુ સારી રીતે કાર્યરત સ્વાસ્થ્ય સેવા કેન્દ્રો બનાવવાના છે.''

## ઈઝરાયલના તેલ અવીવમાં ત્રણ બસમાં બ્લાસ્ટ, વિસ્ફોટકો પણ મળી આવ્યા

તેલ અવીવઃ ઇઝરાયલના તેલ અવીવ શહેરમાં ત્રણ બસમાં એક પછી એક વિસ્ફોટ થતા ખળભળાટ મચી ગયો છે. અહેવાલ મુજબ આ વિસ્ફોટોમાં કોઈ જાનહાનિ થઇ નથી. ઇઝરાયલી પોલીસના જણાવ્યા મુજબ આ આતંકવાદી હુમલો હોઈ શકે છે, હજુ સુધી કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. અહેવાલમાં જણાવ્યા મુજબ આ વિસ્ફોટો શહેરના બાટ યામ વિસ્તારમાં થયા હતા. ઇઝરાયલની પોલીસે જણાવ્યું હતું કે બે અન્ય બસોમાં લગાવવામાં આવેલા વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. આ હુમલાઓ બાદ દેશના પરિવહન પ્રધાન મીરી રેગેવે વિસ્ફોટકોની તપાસ માટે દેશની તમામ બસ, ટ્રેન અને લાઇટ રેલ સેવાઓ બંધ કરી દીધી છે.

ઇઝરાયલી સંરક્ષણ પ્રધાન કાત્ઝે ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સીઝ (આઇડીએફ)ને વેસ્ટ બૅન્કમાં ગતિવિધિઓ વધારવાનો આદેશ આપ્યો છે. આઇડીએફ અને શિન બેટ આ હુમલાઓની તપાસ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પાર્કિંગમાં ઊભેલી એક બસમાં આગ લાગી. તેલ અવીવ જિલ્લા પોલીસ વડા હૈમ સરગારોફે જણાવ્યું હતું કે વિસ્ફોટક ઉપકરણોમાં ટાઈમર ફીટ કરવામાં આવ્યા હતા. જણાવવામાં આવ્યું કે આ ડિવાઈસ પર બદલાની ધમકી લખેલી હતી. તેમણે કહ્યું કે આ હુમલામાં કેટલા લોકો સામેલ હતા તે હજુ સુધી જાણી શકાયું નથી.

## નાર્કો ટેરર કેસઃ આરોપો ગંભીર હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે જામીની અરજી હાથ ધરવાનું નકાર્યું

નવી દિલ્હીઃ અટારી ખાતેથી રૂ. ૨,૭૦૦ કરોડના મૂલ્યના જપ્ત કરવામાં આવેલા ૫૩૨ કિલો હેરોઈન અને બાવન કિલો અન્ય ડ્રગ્સ સંબંધિત કથિત નાર્કો ટેરરિઝમ કેસને મામલે સુપ્રીમ કોર્ટે આરોપો ગંભીર હોવાનું જણાવી આરોપીની જામીન અરજી હાથ ધરવાનું નકારી કાઢ્યું હતું.

આરોપીઓમાંનાં એક તારીક અહમદ લોન વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોન્ઝાલ્વીસે દલીલ કરી હતી કે પ્રતિબંધિત ડ્રગ્સ આરોપી પાસેથી જપ્ત કરવામાં ન આવ્યું હોવાને કારણે તેમ જ જે ટ્રક અને ગોદામમાંથી પ્રતિબંધિત ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું તેની માલિકી લોનની ન હોવાને કારણે પણ તેને જામીન આપવામાં આવવા જોઈએ, પરંતુ જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને પ્રશાંતકુમાર મિશ્રાની બનેલી ખંડપીઠે તેમની આ દલીલ માન્ય નહોતી રાખી.

જામીન અરજી નકારી કાઢતાં ખંડપીઠે કહ્યું હતું કે આરોપો અતિ ગંભીર છે.

આરોપીઓએ વર્ષ ૨૦૧૯માં અટારી ઈન્ટીગ્રેટેડ ચેક પોસ્ટ મારફતે પ્રતિબંધિત ડ્રગ્સ દાણચોરી કરીને પાકિસ્તાનથી ભારત લાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે કારણે જ તેમની ધરપકડ કરી તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું ખંડપીઠે કહ્યું હતું. જમ્મુ–કાશ્મીરના કૂપવાડાના વતની લોને કેસને મામલે તેના જામીન નકારતા પંજાબ–હરિયાણા હાઈ કોર્ટના છઠ્ઠી ઑક્ટોબર ૨૦૨૪ના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.




સંબોધનઃ દિલ્હીમાં શુક્રવારે યોજાયેલ પ્રથમ સૉલ લીડરશિપ કોન્ક્લેવને સંબોધી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## 'ત્રીજું વિશ્વયુદ્ધ બહુ દૂર નથી...', ડોનલ્ડ ટ્રમ્પના નિવેદનથી ખળભળાટ

વોશિંગ્ટન ડીસીઃ મધ્ય પૂર્વમાં ઇઝરાયલ-હમાસ યુદ્ધ અને યુરોપમાં રશિયા-યુક્રેન યુદ્ધને કારણે દુનિયાભરના અર્થતંત્રને ભારે નુકસાન પહોંચ્યું છે. મોટાભાગના દેશો એવું ઈચ્છી રહ્યા છે કે આ બન્ને યુદ્ધ ઝડપથી ખતમ થાય. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ આ બંને યુદ્ધ અંગે એક પછી એક ચોંકાવનારા નિવેદનો આપી રહ્યા છે. એવામાં એક સંબોધન દરમિયાન ટ્રમ્પે ત્રીજા વિશ્વયુદ્ધ અંગે પણ આગાહી કરી દીધી છે.

ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે ત્રીજું વિશ્વયુદ્ધ બહુ દૂર નથી, પરંતુ તેમના રાષ્ટ્રપતિ બનવાથી હવે ત્રીજું વિશ્વયુદ્ધ અટકી જશે. તેમની પાસે વિશ્વયુદ્ધ રોકવાની યોજના છે.

માયામીમાં એક સભાને સંબોધિત કરતા ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું, અમે વિશ્વભરમાં ચાલી રહેલા યુદ્ધોનો નિવેડો લાવવા અને વિશ્વમાં ફરી શાંતિ સ્થાપિત કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. અમે નથી ઇચ્છતા કે યુદ્ધને કારણે વધુ લોકો મૃત્યુ પામે. જો આપણે મધ્ય પૂર્વ અને યુક્રેનમાં થયેલા મૃત્યુ પર નજર કરીએ તો તમે સમજી શકો કે આપણે ત્રીજા વિશ્વયુદ્ધથી બહુ દૂર નથી.ટ્રમ્પે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનની ટીકા કરી, તેમણે કહ્યું, જો બાઈડેને વધુ એક વર્ષ શાસન કર્યું હોત તો ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઇ ગયું હોત, પણ હવે હું અમેરિકાનો રાષ્ટ્રપતિ છું, તો આવું નહીં થવા દઉં.

# ગુજરાત વિધાનસભામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ સુધારા વિધેયક પસાર કરાયું: રજિસ્ટ્રેશનની મુદત વધારાઈ

અમદાવાદ: ગુજરાતના આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક રજૂ કર્યું હતું. ત્યારબાદ તેને સર્વાનુમતે પસાર કરાયું હતું. આ વિધેયક હેઠળ રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજી કરવાનો સમય છ માસ એટલે કે ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી વધારવામાં આવ્યો હતો. આ સુધારા વિધેયકના મુખ્ય ઉદ્દેશ અને જોગવાઈઓ સંદર્ભે આરોગ્યપ્રધાને જણાવ્યું હતું કે, રાજ્યમાં નાના ક્લિનીકથી લઇ મોટી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ, લેબોરેટરી અને ઇમેજિંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓ, તેમજ આ સંસ્થાઓમાં કામ કરતા મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની વિગતો, બેડ, આઈસીયુ, ઇમરજન્સી સેવાઓ વિગેરેની સચોટ માહિતી મળી રહે તે ઉદ્દેશથી રાજય સરકારે ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરીને "ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૧" રાજ્યમાં અમલમાં મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં કંઇ હોસ્પિટલ કયા પ્રકારની સેવા આપી રહી છે, હોસ્પિટલમાં કે ક્લિનિકમાં કયા કયા પ્રકારની સુવિધાઓ, સાધનો, કઇ સ્પેશ્યાલિટીના તબીબો છે તેનું ડેટા મેનેજમેન્ટ અને નિયમન કરીને ડિજિટલી રજીસ્ટ્રી પ્રજાલક્ષી પોલિસી બનાવવા અને આપત્તિ સમયે કારગત સાબિત થશે. હાલ રાજ્યમાં આ એક્ટ અંતર્ગત તમામ આરોગ્ય સંસ્થાઓએ તા. ૧૨-૦૩-૨૦૨૫ સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું હતું. હવે રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજી કરવા માટેનો સમય છ માસ એટલે કે ૧૨-૦૯-૨૦૨૫ સુધી વધારવામાં આવશે. તે ઉપરાંત કાયદા કે નિયમોની કોઇ જોગવાઇના ભંગના કિસ્સામાં રજિસ્ટ્રેશનને રદ્દ કરવાની તેમજ ૧૦ હજારથી રૂ. ૧ લાખ સુધીના દંડની જોગવાઇ તેમજ રજિસ્ટ્રેશન વગર ક્લિનિક ચલાવવાના કિસ્સામાં ૨૫ હજારથી લઇ ૧ લાખ સુધીના દંડની જોગવાઇ સહિત અધિકૃત વ્યક્તિ, ઓથોરિટીના નિર્દેશોનું પાલન ન કરવાના, માહિતી આપવાના ઇન્કાર કરવા વિગેરે કિસ્સામાં ૫ લાખ સુધીના દંડની જોગવાઇ છે.

# અમદાવાદનાં નગરદેવી ભદ્રકાળી માતાની શોભાયાત્રા નીકળશે: ૬૧૪ વર્ષ બાદ પુનઃપ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરનાં નગરદેવી ભદ્રકાળી માતા નગરની સ્થાપનાના ૬૧૪ વર્ષ બાદ નગરયાત્રાએ નીકળવાના છે. ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના દિવસે અમદાવાદનો સ્થાપના દિવસ છે, ત્યારે નગરદેવી ભદ્રકાળી માતાની ભવ્ય યાત્રા યોજાશે. માતાજીની ચરણપાદુકા રથમાં મૂકવામાં આવશે. સવારે ૭:૩૦ વાગ્યે નગરયાત્રા નીકળશે. જોકે, આ યાત્રાનું પ્રસ્થાન મુખ્ય પ્રધાન કરાવશે કે નગરપતિ તરીકે મેયર કરાવશે તે અંગે હજી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને આમંત્રણ આપવામાં આવ્યું છે, પરંતુ હજી સુધી યાત્રામાં ઉપસ્થિત રહેશે કે કેમ? તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

અમદાવાદના મેયર પ્રતિભા જૈનએ જણાવ્યું હતું કે, નગરદેવી ભદ્રકાળી માતાની નગરયાત્રા નીકળવાની છે, જેમાં દરેક રૂટ પર ભવ્ય સ્વાગત કરાશે. અનેક સાધુ-સંતો આ યાત્રામાં હાજર રહેશે. યાત્રામાં અખાડા, ટેબલો, ભજનમંડળી સહિતના નગરજનો જોડાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. યાત્રાના રૂટ પર વિશેષ તૈયારીઓ કરાશે. હોર્ડિંગ, બેનર વગેરે લગાવવામાં આવશે. માતાજીની આ યાત્રામાં ચરણપાદુકા અમદાવાદના કોટ વિસ્તારમાં ફરશે.

૬૧૪ વર્ષ બાદ પહેલીવાર આ નગરદેવીની યાત્રા નીકળશે. ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા, માણેકચોક, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ, ખમાસા, માલપુર દરવાજા થઈને જગન્નાથ મંદિર જશે. જગન્નાથ મંદિરથી સાબરમતી નદીના કિનારે ગાયકવાડ હવેલી થી મહાલક્ષ્મી મંદિર થઈને લાલ દરવાજા ઘર થઈને નિજ મંદિરે પરત ફરશે. ત્રણ દરવાજા પાસે માતાજીની આરતી થશે. માણેક બુરજ ખાતે માતાજીનું સ્વાગત અને આરતી કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે શોભાયાત્રાનું સ્વાગત થશે. ખમાસાથી જમાલપુર પગલાં જશે. જમાલપુર મંદિરથી હવેલી નીકળશે. સાબરમતી નદીના આરે માતાજીની આરતી થશે. વસંત ચોક મંદિરના વારસદારો આરતી ઉતારશે. લાલ દરવાજાથી સિદી સૈયદની જાળી સુધી યાત્રા પહોંચીને યાત્રા નિજ મંદિર પહોંચશે. શોભાયાત્રા બપોરે ૧૨.૩૦ આસપાસ પરત આવશે. બપોરે હવન થશે અને સાથે વિશેષ ભંડારાનું આયોજન કરાયું છે.

લાલ દરવાજા નગરદેવી ભદ્રકાળી મંદિરના ટ્રસ્ટી શશીકાંત તિવારીએ જણાવ્યું હતું કે, નગરદેવી ભદ્રકાળીની શોભાયાત્રાને લઈને તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તે અંગેની પરમિશન અને બધું કાર્ય ઇવેન્ટ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઇવેન્ટ મેનેજમેન્ટને મંદિર દ્વારા કામગીરી સોંપવામાં આવી છે, જે પરમિશનથી લઈને તમામ સંકલન કરી રહી છે. તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે અને તમામ પરમિશન લેવાની પ્રક્રિયા ચાલી રહી છે અથવા પૂર્ણ થઈ ગઈ છે. આ બાબતે અમારા ઇવેન્ટ મેનેજમેન્ટ મેનેજર બધું કરી રહ્યા છે.

# ગુજરાતમાં સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ અમલમાં આવતાં ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વિધાનસભાના છઠ્ઠા સત્રમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયક રજૂ કર્યું હતુ. ફિઝિયોથેરાપી કાઉન્સિલ એક્ટ ૨૦૧૧ રાજ્યમાં અમલમાં હતો. જેના અંતર્ગત ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપીની રચના કરાઇ હતી. તાજેતરમાં ભારત સરકારે નેશનલ કમિશન ફોર એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેસન્સજની રચના કરી હતી. આ કમિશનનો હેતુ દેશભરના એલાઈડ અને હેલ્થકેર વ્યવસાયિકોના શિક્ષણ અને સેવાઓના ધોરણોના નિયમન અને દેખરેખ, સંસ્થાઓનું મુલ્યાંકન, સેન્ટ્રલ અને સ્ટેટ રજીસ્ટરની જાળવણી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વગેરે કરવા માટેનો છે. આ એક્ટ હેઠળ કુલ-૫૬ પ્રકારના એલાઈડ અને પેરામેડીકલ અભ્યાસક્રમોનો સમાવેશ કરીને ૧૦ કેટેગરીમાં વિભાજિત કરાયા છે. ભારત સરકારના આ કાયદાની કલમ-૨૨ની જોગવાઈ મુજબ દરેક રાજ્યએ સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલની રચના કરવાની થતી હોવાથી ગુજરાત સરકારે તા.૨૬/૧૧/૨૦૨૪ના જાહેરનામાથી ગુજરાત સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલની રચના કરી હતી. જેમાં તા.૨૦/૧૨/૨૦૨૪ના જાહેરનામાથી ચેરમેન તથા વિવિધ સભ્યોની પણ નિમણૂંક કરાઇ હતી. ભારત સરકારના એક્ટમાં સમાવિષ્ટ કુલ-૫૬ વિવિધ એલાઈડ હેલ્થકેર અભ્યાસક્રમોમાં ફિઝીયોથેરાપી કોર્ષનો પણ સમાવેશ કરાયો હતો.

# ગુજરાતના વીજગ્રાહકોને વર્ષ ૨૦૨૪ દરમિયાન કુલ ૨૦૦૪ કરોડ રૂપિયાની રાહત અપાઈ

અમદાવાદ: રાજ્ય વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ગ્રાહકોને અપાયેલી વીજ રાહત અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા દર ત્રણ મહિને રાજ્યમાં જે પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય, તેની સામે થયેલા ખર્ચની ગણતરી કરીને તે મુજબ ફ્યૂઅલ ચાર્જ નિયત કરવામાં આવે છે.

ઊર્જા પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સોલાર અને વિન્ડ એનર્જીમાં અગ્રસ્થાને છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૩૦૦ મેગાવોટ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧-૧-૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧-૧૦-૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે. આ ઘટાડાથી વર્ષ-૨૦૨૪ દરમિયાન જૂનાગઢ જિલ્લાના ૪,૩૯,૯૧૭ વીજગ્રાહકોને કુલ રૂ. ૧૬.૬૮ કરોડની રાહત આપવામાં આવી હતી.

રાજ્યના બીપીએલ કાર્ડ ધારકોને વીજબિલના દરોમાં અપાતી રાહત અંગે ઊર્જા પ્રધાને જણાવ્યું કે અન્ય રહેણાંક વિસ્તારોના વીજગ્રાહકોની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે વીજદરો ઓછા હોય છે. જે મુજબ રહેણાંક વિસ્તારના ગ્રાહકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૧૫ થી ૭૦ છે, જ્યારે બીપીએલ કાર્ડધારકો માટે ફિક્સ્ડ ચાર્જ ૫ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટદીઠ ચાર્જ રૂ. ૨.૬૫, જ્યારે શહેરી વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટના રૂ. ૩.૦૫ની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે પ્રથમ ૫૦ યુનિટ દીઠ રૂ. ૧.૫૦ લેખે વીજ ચાર્જ આકારવામાં આવે છે. જ્યોતિગ્રામ યોજનાનો લાભ મેળવતાં દરિયાકાંઠાના વિસ્તારોમાં કેબલિંગના કામનું નવીનીકરણ કરવાનું પણ આયોજન છે.

# સુરત અને નર્મદા જિલ્લા માટે ૬૫૧ કરોડના ખર્ચે તૈયાર થનાર તાપી-કરજણ લિફ્ટ યોજનાનું ૯૨ ટકા કામ પૂર્ણ

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પૂછવામાં આવેલા સવાલના જવાબમાં જળ સંપત્તિ રાજ્યપ્રધાન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, સુરત અને નર્મદા જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે સુવિધા પૂરી પાડવા ૬૫૧ કરોડના ખર્ચે નિર્માણાધીન તાપી-કરજણ લિફ્ટ યોજનાનું ૯૨ ટકા કામ પૂર્ણ થયું છે જેનું લોકાર્પણ ટૂંક સમયમાં કરાશે. શુક્રવારે વિધાનસભા ખાતે પુછાયેલા પ્રશ્નના પ્રત્યુતરમાં જળ સંપત્તિ રાજ્યપ્રધાન મુકેશ પટેલે પટેલે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોને વધુ ને વધુ સિંચાઈની સુવિધા મળે એ માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને અનેકવિધ સિંચાઈ યોજનાઓ અમલી બનાવી છે. તાપી-કરજણ લિફ્ટ યોજના એ ભારતની પહેલી ઐતિહાસિક સિંચાઈ યોજના છે. જેમાં ૨૧૨ મીટર ઊંચાઈ સુધી પાણી લિફ્ટ કરીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે. આ યોજના થકી સુરત અને ઉંમરપાડાનાં ૭૩ ગામોમાં ૫૩,૭૪૮ એકર જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળશે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાનાં ૫૧ ગામોમાં ૩૫,૯૪૬ એકર વિસ્તાર અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં ૨૨ ગામોમાં ૧૭,૮૦૨ એકર વિસ્તારનો સમાવેશ થાય છે. આ, યોજના થકી ૯૯ હયાત ચેકડેમ તેમજ ૪ નવા ચેકડેમો મળી કુલ ૧૦૩ ચેકડેમોમાં પાણી ભરાશે.આ યોજના હેઠળ ચાર પંપિંગ સ્ટેશનનું પણ નિર્માણ કરવામાં આવનાર છે. જેમાં ત્રણ પંપિંગ સ્ટેશનનું કામ પૂર્ણ થયું છે.

# સમૃદ્ધ ગુજરાતમાં દરેક નાગરિક પર ₹ ૬૬ હજારનું દેવું: વિધાનસભામાં કૉંગ્રેસે સરકારનો ઉધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ગુરૂવારે વિધાનસભામાં ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં રજૂ થયેલા દસ્તાવેજોના આધારે કેટલીક મહત્ત્વની બાબતો બહાર આવી હતી. સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, જેટલું બજેટનું કદ છે તેનાથી વધારે તો ગુજરાતનું દેવું છે. ગુજરાતમાં જન્મ લેનાર દરેક ગુજરાતી બાળક ૬૬ હજારનું દેવું લઈને જન્મે છે. કારણ કે, ગુજરાતનું જાહેર દેવું ૩,૭૭,૯૬૩ કરોડને પાર પહોંચી ગયું છે. જેને કારણે વિપક્ષે વિધાનસભા ગૃહમાં સરકારનો ઉધડો લીધો હતો.

ગુજરાત સરકારનું જાહેર દેવું સતત વધી રહ્યું છે. માર્ચ ૨૦૨૪ના અંતે ગુજરાત સરકારનું કુલ જાહેર દેવું ૩,૭૭,૯૬૨ કરોડ રૂપિયા હતું, વર્ષ ૨૦૨૩માં ગુજરાત સરકારનું જાહેર દેવું ૩,૩૮ ૪૭૬ કરોડ રૂપિયા હતું. એ જ રીતે ૨૦૨૫-૨૬ના અંદાજ મુજબ દેવું વધીને ૪ લાખ ૫૫ હજાર ૫૩૭ કરોડ થશે. જ્યારે ૨૦૨૬-૨૦૨૭ના અંતે દેવું વધીને ૪ લાખ ૭૩ હજાર ૬૫૧ કરોડના વટાવી જશે. ગુજરાત સરકારના દેવામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, જે સરકાર માટે સૌથી મોટો પડકાર છે. ગુજરાત સરકારે જાહેર દેવા પેટે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં બે વર્ષમાં વ્યાજ પેટે ૨૫,૨૧૨ કરોડ ચૂકવ્યા છે, અને રૂ. ૨૬૧૪૯ કરોડ મુદ્દલ ચૂકવી હતી. જ્યારે નાણાકીય સંસ્થાની લોન ૭ હજાર કરોડ, બજાર લોન ૫૧ હજાર કરોડ તેમજ કેન્દ્રીય લોન ૭ હજાર ૬૩૪ કરોડની ચાલુ છે. જ્યારે ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં ગુજરાત સરકારે જાહેર દેવા પેટે ૨૩૪૪૨ કરોડનું વ્યાજ ચૂકવ્યું હતું જ્યારે ૨૨૧૫૯ કરોડની મુદ્દલ ચૂકવી દેવામાં આવી હતી. કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે ગુજરાતના જાહેર દેવા અંગે પૂછેલા પ્રશ્નમાં સરકારે લેખિતમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યનું જાહેર દેવું ૩,૭૭,૯૬૩ કરોડને પાર થયું છે. આ રકમ ગુજરાતના ૨૦૨૫-૨૬ના બજેટ કરતાં પણ વધારે છે. જાહેર દેવા પેટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં બે વર્ષમાં વ્યાજ પેટે ૨૫,૨૧૨ કરોડ ચૂકવ્યા હતા અને રૂ. ૨૬૧૪૯ કરોડ મુદ્દલ ચૂકવી છે. જ્યારે નાણાકીય સંસ્થાની લોન ૭ હજાર કરોડ, બજાર લોન ૫૧ હજાર કરોડ તેમજ કેન્દ્રીય લોન ૭ હજાર ૬૩૪ કરોડની ચાલુ છે. જ્યારે ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં ગુજરાત સરકારે જાહેર દેવા પેટે ૨૩૪૪૨ કરોડનું વ્યાજ ચૂકવ્યું હતું જ્યારે ૨૨૧૫૯ કરોડની મુદ્દલ ચૂકવી દેવામાં આવી હતી. ગુજરાત સરકારના જાહેર દેવા મુદ્દે કૉંગ્રેસ સરકારે ભાજપને ઘેરતાં આકરાં પ્રહાર કર્યા હતા. કૉંગ્રેસ નેતા અમિત ચાવડાએ નિશાન સાધતાં કહ્યું હતું કે, સરકારી નીતિ દેવું કરીને ઘી પીવા જેવી છે. સરકારે ઉત્સવો, તાયફા કરવા માટે લોન લઈને દેવું કર્યું છે. ગુજરાતની જનતા માથે સતત દેવું વધી રહ્યું છે. ૬ કરોડની વસ્તી ગણીએ તો એ મુજબ પ્રતિ વ્યક્તિ પ્રતિ ગુજરાતીના માથે ૬૬,૦૦૦ રૂપિયાનું દેવું છે. આ મુજબ ગુજરાતમાં જન્મતું બાળક ૬૬,૦૦૦ના દેવા સાથે મોટું થાય છે. એ જ રીતે ૨૦૨૫-૨૬નો જે અંદાજ રજૂ કરવામાં આવ્યો છે તે મુજબ દેવું વધીને ૪ લાખ ૫૫ હજાર ૫૩૭ કરોડ થશે. જ્યારે ૨૦૨૬-૨૦૨૭ના અંતે દેવું વધીને ૪ લાખ ૭૩ હજાર ૬૫૧ કરોડ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની આવકમાં અધધધધ વધારો થઈ રહ્યો હોવા છતાં તેની નાણાકીય સ્થિતિ કથળી રહી છે. ૨૦૧૦માં ૩૭૦૦૦ કરોડ રૂપિયાના બજેટનું કદ આજે વધીને ૩,૭૦,૨૫૦ કરોડ રૂપિયાનું થઈ ગયું હોવા છતાંય ગુજરાત દેવાના ડુંગર તળે કચડાઈ રહ્યું છે. રાજ્યની આવક કરતાં જાવક વધારે હોવાથી સતત દેવામાં ઊંડું ખૂપતું જ જશે. ગુજરાત આ દેવામાંથી ક્યારેય બહાર આવી શકશે કે કેમ તે મોટો સવાલ છે.

# ગુજરાત હાઈ કોર્ટમાં માતૃભાષામાં કાર્યવાહીની માગ સાથે વકીલોનાં ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિશ્વ માતૃભાષા દિવસે ગુજરાત હાઇ કોર્ટમાં પણ અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષામાં કાનૂની કાર્યવાહી કરવાની માગ સાથે હાઈકોર્ટ બહાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલય માતૃભાષા સમિતિના હોદ્દેદારો અને સભ્યોએ બેનરો સાથે પ્રદર્શન યોજ્યું હતું. આ સમિતિના કન્વીનર, સિનિયર એડવોકેટ અને ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અસીમ પંડ્યાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨માં વિધાનસભામાં ઠરાવ પસાર કર્યો હતો, એ મુજબ ગુજરાત હાઇકોર્ટમાં ગુજરાતી ભાષાને પ્રાદેશિક ભાષા તરીકે સ્વીકારવામાં આવે.

જો કે, તેના ૧૩ વર્ષ પછી પણ તેનું અમલીકરણ થઇ શક્યું નથી. રાજ્ય અને કેન્દ્ર સરકારનું ધ્યાન દોરવા માટે આ પ્રદર્શન રાખવામાં આવ્યું છે. આગામી ૧ મે, ૨૦૨૫ના રોજ ગુજરાત સ્થાપના દિને પણ તેમના દ્વારા કાર્યક્રમ આપવામાં આવશે. જો ગુજરાતી ભાષામાં સુનાવણી થાય તો અસીલો પણ સમજી શકે કે તેમના કેસમાં શું થઈ રહ્યું છે. તેમના વકીલ શું રજૂઆત કરી રહ્યા છે. આ મુદ્દા ઉપર એડવોકેટ રોહિત પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ઠરાવ કરીને રાજ્યપાલને મોકલ્યો હતો, પરંતુ તેને હજુ સુધી મંજૂરી મળી નથી. જો હાઇ કોર્ટમાં ગુજરાતીમાં સુનાવણી થાય તો નીચલી અદાલતના વકીલોને પણ તેનો લાભ મળે.

અસીમ પંડ્યાએ ગુજરાત હાઇ કોર્ટના વકીલોને જણાવ્યું હતું કે, લગભગ ૯૦ ટકા જેટલા વકીલો ગુજરાતી કુટુંબમાંથી આવે છે. આમ ગુજરાતી ભાષા એમની માતૃભાષા અને સહજ ભાષા છે. આપણા વિચારો અને મૌલિકતા આપણી માતૃભાષામાં વિશેષ ઊભરીને આવે છે. આપણા મોટાભાગના વકીલમિત્રો જ્યારે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરે છે ત્યારે મહદ્અંશે તેમના વિચારો જે ગુજરાતી ભાષામાં છે, તેનું અનુવાદ કરી અને અંગ્રેજી ભાષામાં બોલે છે. પોતાના ૩૬ વર્ષના વ્યવસાયિક જીવનમાં તેમને જોયું છે કે ઘણા બધા વકીલ મિત્રો માટે અંગ્રેજી ભાષામાં દલીલ કરવી સહજ અને સાનુકૂળ નથી અને તેને કારણે વાક્યરચનાની ભૂલો અને વ્યાકરણની ભૂલો સાથે અંગ્રેજી ભાષામાં દલીલ કરે છે. તેમ છતાં જ્યારે ગુજરાતની વડી અદાલતમાં ગુજરાતી ભાષાની વૈકલ્પિક ભાષા તરીકે ઉપયોગ થાય અને તેને માન્યતા મળે તેવી વાત કરવામાં આવે ત્યારે તેનો જબરદસ્ત વિરોધ થાય તે ગળે ઊતરે તેવી વાત નથી.

અંગ્રેજી ભાષા માટે વિરોધ નથી, પરંતુ ગુજરાતી ભાષા વૈકલ્પિક ભાષા તરીકે ગુજરાત હાઇકોર્ટમાં સ્વીકારવામાં આવે તેવો છે. સૌને પોતાની ભાષા માટે ગર્વ હોવો જ જોઈએ. ગુજરાતી ભાષા બોલનારને હીનતા લાગણીથી જોઈએ એ આપણી ભાષાનું અપમાન છે.

# ગુજરાતમાં વીજગ્રાહકો માટે પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર ફરજિયાત હોવાની સરકારે વિધાનસભામાં આપી માહિતી

અમદાવાદ: ગુજરાતમાં ઘણા સમયથી સ્માર્ટ મીટર મુદ્દે હોબાળો થયો હતો. આ મીટરથી બિલમાં વધારો થતો હોવાથી લોકોએ પ્રિ-પેઈડ રિચાર્જ સિસ્ટમ મુદ્દે સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. વિધાનસભામાં કૉંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર અંગેના સરકારને સવાલ કર્યો હતો. જેનો જવાબ આપતા ઊર્જા પ્રધાન કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, હાલના મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે. ગ્રાહકો મોબાઈલ પર તેની તમામ વિગતો મેળવી શકે છે.

વિધાનસભામાં ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યના વીજ ગ્રાહકોએ પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે. પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરના અનેક પ્રકારના ફાયદા છે. તેના કારણે વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર મળી રહેશે. અત્યારે ઉપયોગમાં લેવાતા મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે. હાલના મેન્યુઅલ રીડિંગ પર આધાર રાખવાને બદલે સ્માર્ટ મીટર જાતે વીજ વપરાશનો ડેટા એકત્રિત કરે છે અને તેને વીજ વિતરણ કંપનીઓને ટ્રાન્સમિટ કરે છે. ઊર્જા પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, સ્માર્ટ મીટરમાં જે તે વીજ ગ્રાહકના વીજ વપરાશ અંગેના ડેટા તેમજ અન્ય માહિતી સ્માર્ટ મીટરની એપ્લિકેશન દ્વારા મોબાઇલ પર જ નિયમિત અને તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકને મળી રહે છે. એડવાન્સ મીટરિંગ સિસ્ટમ હોવાથી તે ગ્રાહકના સ્માર્ટ મીટર એપ્લિકેશન તેમજ ડિસ્ટ્રિબ્યુશન કંપની બંને સાથે કોમ્યુનિકેટ કરે છે. સ્માર્ટ મીટરથી વીજ કંપની દરેક વિસ્તારની વીજ માગ સમજી તેનું સરળતાપૂર્વક આયોજન કરી શકે છે.

# સુરતમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપીઓ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં પોલીસ દ્વારા ચલાવવામાં આવેલા નો ડ્રગ્સ ઇન સુરત સિટી અભિયાન હેઠળ ઉધના રેલવે સ્ટેશનના એન્ટ્રી ગેટ પાસેથી બે ઈસમોને જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળી હતી. સુરતની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઉધના રેલવે સ્ટેશનના એન્ટ્રી ગેટ પાસેથી બે ઈસમોને જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે ૫,૬૫,૪૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. માદક પદાર્થોની હેરાફેરી કરતા માફિઆઓ તથા તેમની ગેંગના સિન્ડિકેટ સભ્યોને પકડી પાડવા માટે સુરત પોલીસ લાંબા સમયથી આ કામગીરી કરી રહી છે. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે બે ઈસમો એમ.ડી. ડ્રગ્સનો જથ્થો મુંબઈથી લાવી સુરત ખાતે વેચાણ અર્થે આવનાર છે. આ માહિતીના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ વર્કઆઉટ કરી આરોપીઓને ઝડપી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી.

# કચ્છના ભુજ-મુંદરા રોડ પર ગોઝારો ટ્રિપલ માર્ગ અકસ્માત: પાંચ લોકોનાં મોત, ૨૪ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજથી મુંદરા જતા માર્ગ પર, કેરાથી આશરે ૧૦ કિલોમીટર દૂર આવેલા બાબિયા ગામના પાટિયાં પાસે સર્જાયેલા એક ગોઝારા માર્ગ અકસ્માતમાં પાંચ લોકોનાં મૃત્યુ થયાં હતાં જ્યારે બીજા બે ડઝન જેટલા ઉતારુઓને ભારેથી ગંભીર પ્રકારની ઈજાઓ સાથે ભુજની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. આ ત્રેવડા અકસ્માતની મળતી વિગતો પ્રમાણે ભુજથી ઊપડીને મુંદરા જતી એક ખાનગી લકઝરી બસના ચાલકે બાબિયા પાટિયાં પાસે,એક કંટેનરને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં સામેથી આવી રહેલાં ટ્રેઇલર સાથે આ બસ ધડાકાભેર અથડાઈ પડી હતી અને આંખના પલકારામાં સમગ્ર માર્ગ રક્તરંજિત થઇ જવા પામ્યો હતો અને મૃતદેહો તેમજ ઘાયલો રસ્તા પર રઝળી રહેલા જોવા મળ્યા હતા.

આ સમયે આસપાસના લોકોએ આવીને તત્કાળ બચાવકાર્ય શરૂ કર્યું હતું અને પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલેન્સને ઘટનાસ્થળે બોલાવી હતી. ત્યારબાદ ૨૪ જેટલા ઘાયલોને તાબડતોડ ભુજ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે આ પ્રતિનિધિને જણાવ્યું હતું કે, બસમાં કેટલા ઉતારુઓ હતા તેની સંખ્યા નક્કી કરી શકાય નહિ પણ તેમણે ૨૪ ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની ટુકડી ઘટનાસ્થળે પહોંચી છે અને અકસ્માતની તપાસ શરૂ કરી દેવાઈ છે. આ પ્રાણઘાતક અકસ્માતમાં માર્યા ગયેલાઓમાં આશિફ ફરીકમામદ માજોઠી (ઉં.વ.૨૨) ભુજ,કુલસુમબેન મામદહુશેન સમા (ઉં.વ.૫૦) મુંદરા, સાલે સચુ રાયશી (ઉં.વ.૨૪) ભીરડીયારા, શાહ આલમ ગુલામ મહંમદ (ઉં.વ.૩૬) ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. ઇજાગ્રસ્તોમાં નવ જેટલી મહિલાઓનો પણ સમાવેશ થતો હતો. જો કે હજુ મૃતકોની સંખ્યામાં વધારો થવાની પૂરેપૂરી સંભાવના હોવાનું હોસ્પિટલનાં સૂત્રો જણાવી રહ્યા છે. દરમ્યાન, આ ગોઝારા અકસ્માત અંગે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ઘેરા આઘાતની લાગણી વ્યક્ત કરી હતી.

# ગુજરાતમાં ૫૦૦ રૂપિયામાં ગૅસ સિલિન્ડર આપવા મુદ્દે કૉંગ્રેસે વિધાનસભામાં સરકારને ઘેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન વિવિધ વિભાગોના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી, જેમાં નાણાં, ઊર્જા, પાણી પુરવઠા, અન્ન અને નાગરિક પુરવઠા, સહકાર વગેરેના પ્રશ્નોનો સમાવેશ થતો હતો. કૉંગ્રેસના નેતા અમિત ચાવડાએ ગુજરાતમાં ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવાના મુદ્દે સવાલ ઉઠાવ્યો હતો. વિધાનસભામાં અમિત ચાવડાએ કહ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. અન્ય ભાજપ શાસિત રાજ્યો જેમ કે હરિયાણા અને રાજસ્થાનમાં ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવામાં આવી રહ્યો છે, તો ગુજરાતમાં પણ આવી જ યોજના અમલમાં મુકવામાં આવે. આ પ્રશ્નના જવાબમાં રાજ્યના પ્રધાન ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવા સરકાર વિચારણા કરશે.ગુજરાતમાં હાલમાં ૧૪.૨ કિલો ઘરેલુ ગેસ સિલિન્ડરનો ભાવ ૮૧૦.૫૦ રૂપિયા છે, જ્યારે ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧,૮૧૬ રૂપિયામાં મળે છે. જ્યારે બીજાં રાજ્યોમાં રાજસ્થાન અને હરિયાણામાં ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં પણ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવાનો વચન આપ્યું હતું. ગુજરાત સરકાર હવે આ મુદ્દે શું નિર્ણય લેશે, તેના પર સૌની નજર રહેશે.

### કોસ્ટલ રોડની તિરાડ પર શરૂ થયું રાજકારણ

# દોષીઓ સામે આકરાં પગલાંની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ પર નબળા પેચવર્કને લગતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ શિવસેના (યુબીટી) અને ભાજપ પક્ષના નેતાઓએ કામની ગુણવત્તા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ભાજપના નેતાએ કામનું સપૂર્ણ ઓડિટ કરવા અને જવાબદાર પક્ષને ઓળખી કાઢવા અને તેમની સામે આકરાં પગલા લેવા માટે એક ખાસ સમિતિની રચના કરવાની વિનંતી કરી છે. જ્યારે શિવસેનાએ તત્કાલિન શિંદે સરકાર પર દોષનો ટોપલો ઢોળી દીધો છે અને તેમના પસંદગીના કૉન્ટ્રેક્ટર પ્રત્યે પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે હાજી અલીથી વરલી સુધી કોસ્ટલ રોડ પર કરવામાં આવેલું પેચવર્ક ગેરવહીવટનું એક સ્પષ્ટ ઉદાહરણ છે. જો અમારી સરકાર સત્તામાં હોત, તો કોસ્ટલ રોડ ૨૦૨૩ સુધીમાં ઉચ્ચ ગુણવત્તાના કામ સાથે પૂરો થઈ ગયો હોત અને આજે સાઈકલ ટ્રેક અને બગીચા સાથે સંપૂર્ણપણે ચાલુ થઈને જાહેર જનતા તેનો ઉપયોગ કરી રહી હોત. પાલિકાના વિરોધપક્ષ ભૂતપૂર્વ નેતા અને હવે ભાજપ સાથે સંકળાયેલા રવિ રાજાએ પણ સોશ્યલ મીડિયા પર પોતાનો રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે ૧૪,૦૦૦ કરોડ રૂપિયાના મુંબઈના કોસ્ટલ રોડ પ્રોજેક્ટના અમુક ભાગોમા તિરાડો દેખાતી હોવાના સમાચાર ચિંતાજનક છે. આટલો મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ બેદકરકારીથી બગડે છે, જેને કારણે રસ્તા પર ખાડા પડે છે તે અસ્વીકાર્ય છે. હું મુખ્યપ્રધાનને કામનું સંપૂર્ણ ઓડિટ કરવા અને જવાબદાર વ્યક્તિઓને ઓળખવા અને તેમની સામે કડક પગલાં લેવા માટે ખાસ સમિતિ બનાવવા વિનંતી કરું છું.

આ દરમ્યાન પાલિકા પ્રશાસને શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) પ્રોજેક્ટ હેઠળ હાજી અલી ખાતે પુલ પર મેસ્ટિકનો વધારાનો સ્તર દર્શાવતા વીડિયો અને ફોટોગ્રાફસ કોઈપણ બાંધકામમાં ખામી દર્શાવતા નથી. આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે સલામત છે. રસ્તા પર કોઈ તિરાડ કે ખાડા નથી. મીડિયા ફૂટેજમાં દેખાતા પેચ ફક્ત ખાડાઓ સામે નિવારક પગલાં તરીકે લગાવવામાં આવેલા ડામરના સ્તર છે. આગામી ૧૫થી ૨૦ દિવસમાં રસ્તાનો દેખાવ તેની મૂળ સ્થિતિમાં પાછો આવશે.

પાલિકાના અધિકારીએ વધુ સ્પષ્ટતા કરતા કહી હતી કે કોસ્ટલ રોડ (ચોપાટીથી વરલી)નો ઉત્તર તરફનો માર્ગ ડામર કર્યા પછી જુલાઈ ૨૦૨૪માં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ડામરના કેટલાક સાંધા પહોળા થયા છે અને વધુ પહોળા થતા અટકાવવા અને ડામર મજબૂત અને ટકાઉ રહે તે સુનિશ્ચિત કરવા માટે અને વિવિધ સ્થળોએ વધારાના ડામરના સ્તરો લાગુ કરવામાં આવ્યા છે. આ પગલાનો હેતુ ચોમાસા દરમ્યાન સતત અને ભારે વરસાદને કારણે ડામરને નુકસાન અને ખાડા પડતા અટકાવવાનો છે. ધોરણ અનુસાર ડામરનો નવો સ્તર લાગુ કરવામાં આવશે અને આગામી ૧૦થી ૧૫ દિવસાં રસ્તાને પુનઃસ્થિતિમાં લાવવવામાં આવશે.

### વડાપ્રધાન કાર્યાલયે લીધી નોંધ

મુંબઈ કોસ્ટલ રોડ પર પેચવર્ક કરવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થયા બાદ વડા પ્રધાનની ઓફિસ તરફથી તપાસ શરૂ થઈ છે. હાજી અલી નજીકના ઉત્તર તરફા રસ્તા પેચ દર્શાવતો આ વીડિયો છે. વડા પ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરીએ મહારાષ્ટ્રના ચીફ સેક્રેટરી સાથે આ વીડિયો શેર કર્યો હતો. પાલિકાના અધિકારીએ વડા પ્રધાનની ઓફિસ તરફથી દર્શાવવામાં આવેલી ચિંતાને સમર્થન આપતા કહ્યું હતું કે તેમની ઓફિસ તરફથી ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

### નેપિયન સી રોડના રહેવાસી માટે અલાયદી એન્ટ્રી-એક્ઝિટ

દક્ષિણ મુંબઈના બ્રીચ કેન્ડ્રીના રહેવાસીઓની માગણીઓને ધ્યાનમાં રાખીને પાલિકાએ મલબાર હિલના નેપિયન સી રોડ પર ટ્રાફિકની ફીઝિબિલિટીની અભ્યાસ હાથ ધરવા માટે તૈયાર થઈ છે,જેથી મુંબઈ કોસ્ટલ રોડ પર એન્ટ્રી અને એક્ઝિટ આપતો નવો માર્ગ બનાવવાની શક્યકતા શોધી શકાય. રહેવાસીઓએ તાજેતરમાં નેપિયન સી રોડ માટે વૈકલ્પિક એક્ઝિટ આપવાની વિનંતી કરતી એક ઓનલાઈન અરજી પણ કરી હતી. પાલિકાના અધિકારીઓએ નોંધ્યું હતું કે જ્યારે પ્રોજેક્ટ પર શક્ય હશે ત્યારે તેના પર વધારાનો ખર્ચ થશે. કામને અમલમાં મૂકવા માટે પહેલા તેની ડિઝાઈનને મંજૂરી માટે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવાની જરૂર પડશે.

# પ. રે.માં આજે બ્લોકઃ મ. રે.માં રવિવારે થાણે અને કલ્યાણ વચ્ચે પાંચ કલાકનો બ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણાના મેઈન્ટેનન્સ માટે મધ્ય રેલવેના બંને કોરિડોરમાં આજે અને રવિવારે વિશેષ બ્લોક હાથ ધરવામાં આવશે, જ્યારે પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટ અને મરીન લાઈન્સ સ્ટેશનની વચ્ચે વાનખેડે ફૂટઓવર બ્રિજ (એફઓબી) ઉત્તર દિશામાં મુખ્ય ગર્ડર લોન્ચ કરવાને કારણે વિશેષ નાઈટ બ્લોક હાથ ધરવામાં આવશે, પરિણામે રાત્રે મુસાફરી કરનારા પ્રવાસીઓને હાલાકી પડી શકે છે.

મધ્ય રેલવેમાં રવિવારે સવારના થાણે અને કલ્યાણ સ્ટેશન વચ્ચે સવારના ૧૦.૪૦ વાગ્યાથી બપોરના ૩.૪૦ વાગ્યા વચ્ચે અપ એન્ડ ડાઉન ફાસ્ટ લાઈનમાં વિશેષ બ્લોક રહેશે. એ જ રીતે અપ એન્ડ ડાઉન ટ્રાન્સ હાર્બર લાઈનમાં સવારના થાણે-વાશી/નેરુલ સ્ટેશનની વચ્ચે સવારના ૧૧.૧૦ વાગ્યાથી બપોરના ૪.૧૦ વાગ્યા સુધી વિશેષ બ્લોક રહેશે. આ ઉપરાંત, મધ્ય રેલવેની મેઈન લાઈનમાં આજે રાતના અંબરનાથ અને વાંગણી વચ્ચે વિશેષ પાવર અને ટ્રાફિક બ્લોક રહેશે, પરિણામે લાંબા અંતરની અને સબર્બનની લોકલ ટ્રેનસેવા પર અસર થશે, જેમાં અમુક ટ્રેનો રદ્દ રહેશે.

### પશ્ચિમ રેલવેમાં કંઈ ટ્રેનોને અસર?

પશ્ચિમ રેલવેમાં આજે રાતના ૧.૧૫ વાગ્યાથી વહેલી સવારના ત્રણ કલાકના મેજર બ્લોક રહેશે, તેનાથી સબર્બનની લોકલ ટ્રેનસેવા પર અસર પડશે. રાતની ૮.૫૦ વાગ્યાની બોરીવલી અને ચર્ચગેટની લોકલ ટ્રેન રદ રહેશે, જ્યારે રવિવારે વહેલી સવારના ચર્ચગેટથી ૪.૩૮ વાગ્યાની લોકલ ટ્રેન રદ રહેશે. આ ઉપરાંત, મુંબઈ સેન્ટ્રલ અને ચર્ચગેટ વચ્ચે પણ અમુક ટ્રેન આંશિક રદ રહેશે. રાતના ૧૨.૧૦ વાગ્યાની બોરીવલી ચર્ચગેટ લોકલ મુંબઈ સેન્ટ્રલથી શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે, જ્યારે વિરાર-ચર્ચગેટ લોકલ ટ્રેનને મુંબઈ સેન્ટ્રલમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. રાતના ૧૨.૩૦ વાગ્યાની બોરીવલી-ચર્ચગેટ લોકલને મુંબઈ સેન્ટ્રલમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે. વહેલી સવારની ચર્ચગેટ-વિરાર લોકલ ટ્રેનને સવારના ૪.૧૫ વાગ્યાથી ચર્ચગેટથી પ્રસ્થાન કરવામાં આવશે, જે ચર્ચગેટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે રદ રહેશે. રવિવારે સવારના ચર્ચગેટ-બોરીવલી ૪.૧૮ વાગ્યાની લોકલ ચર્ચગેટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે રદ રહેશે. ઉપરાંત, વિરાર-ચર્ચગેટ લોકલ રાતના ૧૧.૩૦ વાગ્યાની વિરારથી ઉપડશે, જે વિરારથી ચર્ચગેટની લાસ્ટ લોકલ રહેશે, એમ પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું.

# એમવીએ શાસનમાં ફડણવીસ-શિંદે સામે કાવતરુંઃ દરેકરે નિવેદન નોંધાવ્યું

મુંબઈ: રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) ગુરુવારે ભાજપના વિધાનપરિષદના સભ્ય પ્રવીણ દરેકરનાં નિવેદન નોંધ્યાં હતાં, જેમણે મહારાષ્ટ્ર વિકાસ આઘાડી (એમવીએ) સરકારના કાર્યકાળ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ખોટા કેસમાં ફસાવવાના કથિત કાવતરાની તપાસની માગ કરી હતી. સિટનું નેતૃત્વ સંયુક્ત પોલીસ કમિશનર, કાયદો અને વ્યવસ્થા, સત્યનારાયણ ચૌધરીના નેતૃત્વમાં છે. સરકારે આ મુદ્દાને ખૂબ જ ગંભીરતાથી લીધો હતો. કેસ નોંધીને સિટની રચના કરી હતી જેમને આ મામલે અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. હું ચોક્કસ વિગતો શેર નથી કરતો, પણ મારી પાસે જે પુરાવા હતા એ મેં તેઓની સાથે શેર કર્યા છે, એવું દરેકરે સિટ દ્વારા નિવેદન નોંધાયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. નેતાઓ પર ખોટી રીતે આરોપો કરવા એ જોખમી છે.એમવીએ સરકારે ફડણવીસને નિશાન બનાવ્યા હતા, કારણ કે તેમણે તેમના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો, દરેકરે દાવો કર્યો હતો કે તેમના દાવાઓને સમર્થન આપવા માટે તેમની પાસે કેટલીક ટીવી ચેનલો દ્વારા સ્ટિંગ ઓપરેશન ફૂટેજ પ્રસારિત કરવામાં આવ્યા હતા. તેમણે રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો, જેના પગલે વરિષ્ઠ કેબિનેટ પ્રધાન શંભુરાજે દેસાઈએ જાહેરાત કરી હતી કે એક વરિષ્ઠ આઈપીએસ અધિકારીના નેતૃત્વમાં સિટની રચના કરવામાં આવશે.

# નાગપુરમાં ૨૪ કલાકમાં બે જણની હત્યાઃ એકની ધરપકડ

નાગપુર: નાગપુરમાં છેલ્લા ૨૪ કલાકમાં રીઢા આરોપી સહિત બે જણની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સોનુ ઉર્ફે દીપક વિજય વાસનિક (૪૪) રેકોર્ડ પરનો આરોપી હતો અને તાજેતરમાં તે જેલમાંથી બહાર આવ્યો હતો. વાસનિક ગુરુવારે સાંજે રામબાગ વિસ્તારમાં તેની ભાભીને મળવા ગયો હતો, જ્યાં દારૂ પીતી વખતે આકાશ પ્રફુલ મેશ્રામ સાથે પૈસાને મુદ્દે તેનો વિવાદ થયો હતો. મેશ્રામે તેના સાથીદાર સોનુ રામટેકે અને દત્તુ પાસેરકર સાથે મળીને વાસનિક પર પથ્થરથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વાસનિકનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું, એમ ઇમામવાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને મેશ્રામની ધરપકડ કરી હતી, જ્યારે તેના સાથીદાર ફરાર હોવાથી તેમની શોધ ચલાવાઇ રહી છે. દરમિયાન યશોધરા નગર વિસ્તારમાં ગુરુવારે રાતે લગ્ન સમારંભમાં બનેલી બીજી ઘટનામાં સ્થાનિક ગુંડા બીર્જુ દીપક વાઘે (૩૦)એ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી વિહંગ મનીષ રંગારીની હત્યા કરી હતી. લગ્ન સમારંભમાં હાજર મહિલા પાસે જઇને બીર્જુએ છૂટછાટ લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે મહિલાએ તેની સાથે ઝઘડો કરતાં વિહંગે મધ્યસ્થી કરી હતી. આ બાબતને લઇ ઉશ્કેરાયેલા બીર્જુએ વિહંગ પર હુમલો કર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)

# એમએસઇડીસીએલ પાંચ વર્ષ માટે વીજ દર ઘટાડવા માગે છે

મુંબઈ: મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિ. (એમએસઇડીસીએલ)એ મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (એમઇઆરસી) પાસે આગામી પાંચ વર્ષ માટે વીજળી દરમાં સુધારો કરવાની માગણી કરી છે. દિવસ દરમિયાન વીજળીના વપરાશ માટે વધારાની છૂટ આપવાની સાથે ઘરેલુ, ઔદ્યોગિક અને કમર્શિયલ ગ્રાહકો માટે વીજળીના દર ઓછા કરવાનો એમએસઇડીસીએલએ પ્રસ્તાવ મૂક્યો છે. તેમ છતાં આ અરજી અંગેનો ખોટો વીડિયો જાહેર થયો છે જેમાં ગ્રાહકોને આ પ્રસ્તાવનો વિરોધ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. એમએસઇડીસીએલના સૂત્રોએ વીડિયોમાં કરવામાં આવેલા દાવાને નકારી કાઢ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે આ વીડિયો લોકોને ગેરમાર્ગે દોરનારો છે તથા તેમના પ્રસ્તાવ ગ્રાહકોના હિતમાં છે.

એક વીડિયોમાં જણાવવામાં આવ્યું છે કે વીજળીના દરમાં કરવામાં આવનારા ફેરફારો ગ્રાહકો પર આડઅસર કરશે, પરંતુ કંપનીના સૂત્રોએ કહ્યું હતું કે આગામી પાંચ વર્ષ માટે વીજળીના દર ઘટાડા માટેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

ઓછી આવક ધરાવતા ગ્રાહકોને પણ હવે વધુ બિલ આવશે એવો દાવો પણ વીડિયોમાં કરવામાં આવ્યો છે, પરંતુ કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે ઘરેલુ ગ્રાહકોને કોઇ અસર થશે નહીં. ઘરના રિનોવેશન દરમિયાન લેવામાં આવતા હંગામી કનેકશન પર કરાતી ચિંતા અંગે કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે જે ગ્રાહકો મહિનામાં ૫૦૦ યુનિટ જેટલી વીજળીનો ઉપયોગ કરે છે તેમને ડોમેસ્ટિક કેટ પર પર વીજળી પૂરી પાડવામાં આવશે. તેમ છતાં જો સંપૂર્ણ રીતે જ ઘર તોડી પાડવામાં આવ્યું હોય તો એલટી-૨ કેટગરી હેઠળ હંગામી કનેકશન પૂરું પાડવામાં આવશે.

આ સિવાય વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૦૦ યુનિટ કરતા વધુ સોલાર વીજળીનો ઉપયોગ કરતા ગ્રાહકોને વધુ બીલ આવશે, પણ કંપનીનું કહેવું થે કે સ્મોલ-સ્કેલ સોલાર પાવર ગ્રાહકોને સબસિડીને કારણે કોઇ બિલ નહીં આવે, પરંતુ વધુ વીજળી વાપરનારાઓને સ્ટાન્ડર્ડ રેટ પર બિલ આવશે.

# છપરી લોકોનો તહેવાર છે હોળીઃ ફરાહ ખાનની કમેન્ટ પર ભડક્યા યુઝર્સ

મુંબઈ: ફેમસ યુટ્યુબર રણવીર અલાહબાદિયાની વિવાદાસ્પદ કમેન્ટનો વિવાદ હજી શમ્યો નથી ત્યાં તો બોલિવૂડ ડિરેક્ટર અને જાણીતી કોરિયોગ્રાફર ફરાહ ખાન તેની વિવાદાસ્પદ કમેન્ટને કારણે વિવાદમાં સપડાઇ છે અને લોકો તેના પર ભડકી રહ્યા છે અને તેને ટ્રોલ કરી રહ્યા છે. ફરાહ ખાન હાલમાં 'સેલિબ્રિટી માસ્ટરશેફ' નામના શોમાં જજ તરીકે જોવા મળી રહી છે. આ શોમાં રણવીર બ્રાર અને વિકાસ ખન્ના પણ જોવા મળે છે. આ શોમાં તેણે કંઇક એવી કમેન્ટ કરી છે કે સોશિયલ મીડિયા યુઝર્સ તેના પર ગુસ્સે ભરાયા છે. આ શોની એક ક્લિપ સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ રહી છે, જેને કારણે ફરાહ ખાનની ઘણી ટીકા થઇ રહી છે. ફરાહ ખાને એવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે કે હોળી છપરી લોકોનો તહેવાર છે. છપરી એક નેગેટિવ શબ્દ છે. છપરી શબ્દ સામાન્ય રીતે બેકાબૂ, ટપોરી ટાઇપ છોકરાઓ માટે વપરાય છે. લોકો છપરી શબ્દને અને છપરી જેવા લોકોને નકારાત્મક રીતે જ લે છે. ફરાહ ખાનના શોની આ ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોકો તેના પર ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. કેટલાકે તેના નિવેદનની ટીકા કરી તો કેટલાકે તેની સામે કાર્યવાહી કરવાની માગણી પણ કરી છે. કેટલાકે તો વળી એમ પણ જણાવ્યું છે કે જો હોળી છપરીઓનો તહેવાર હોય તો પછી ફરાહ ખાને તેની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'માં શાહરુખ ખાન સાથે હોળી કેમ મનાવી હતી?

પાંચમા પાનાનું ચાલુ

### દીવા-મુમ્બ્રા

કારણે દરવાજા પર ટિંગાઇને મુસાફરી કરતા સેંકડો પ્રવાસીઓના હાથ પર ઘણો ભાર આવે છે. એવામાં તેઓ તેમનું સંતુલન ખોઈ બેસે છે અને ક્યારેક ડબ્બાની બહાર ફેંકાઈ જવાનો પણ ભય રહે છે. પીક અવર્સમાં ખાસ કરીને લોકો ખીચોખીચ ભરેલી લોકલ ટ્રેનોમાં મુસાફરી કરવા મજબૂર છે. તેઓ પોતાનો જીવ જોખમમાં મૂકીને જોખમી મુસાફરી કરતા હોય છે ક્યારેક અકસ્માતો થાય છે ત્યારે ઘણા મુસાફરો ગંભીર રીતે ઘાયલ પણ થાય છે અને કોઈના મૃત્યુ પણ થાય છે આવી ઘટનાઓ વારંવાર બને છે અને મુસાફરોના જીવ જોખમમાં જ રહે છે તેથી મરાઠા એકીકરણ સમિતિના ઉપપ્રમુખે સેન્ટ્રલ રેલવે જનરલ મેનેજર અને રેલવે મંત્રાલયને ઈમેલ દ્વારા આ બાબતને જાણ કરી છે અને આ વિષયમાં ઘટતું કરવા વિનંતી કરી છે. આ મુદ્દે ડોંબિવલીના એક પ્રવાસીએ કહ્યું હતું કે કલવા મુંબ્રા અને દિવા સ્ટેશનો પર ભારે સમસ્યા છે. અહીં જે સ્લો ટ્રેનો આવે છે તે કલ્યાણથી આવે છે, જે ડોંબિવલીથી જ ફૂલ પેક થઇ જાય છે અને જેમ જેમ ટ્રેન આગળ વધે છે તેમ તેમ અંદર મુસાફરોની સંખ્યા વધતી જ જાય છે. એવામાં દરવાજે લટકતા લોકોના જીવ જોખમાય છે. કલવા સ્ટેશન પાસે પારસિક ટનલ પાસેથી જતી વખતે મુમ્બ્રા સ્ટેશનની અપ અને ડાઉન લાઇન પરના વળાંકો પર પસાર કરતી વખતે અને મુબ્રા સ્ટેશન બાદ દિવા સ્ટેશનના વળાંકો પર ટ્રેનના કોચ સહેજ ઝૂકી જાય છે. આને કારણે દરવાજે લટકતા મુસાફરોના હાથ પર બહુ જ ભાર આવે છે અને તેઓ સંતુલન ગુમાવી બેસતા ચાલુ ટ્રેનમાંથી પડી જતા અકસ્માત થાય અને ક્યારેક તો તેમના મૃત્યુ થવાનું પણ જોખમ તોળાય છે. કલવા મુંબ્રા અને દિવા સ્ટેશનો ભારે ભીડવાળા હોય છે. તેથી લોકો કમ સે કમ દિવા સ્ટેશન થઈ લોકલ શરૂ કરવાની ઘણા સમયથી માગ કરી રહ્યા છે, પણ તેમની માગ રેલવેના બહેરા કાને અથડાતી નથી, એમ સંગઠને જણાવ્યું હતું.

### દસમાનું પેપર

વાલીઓએ ઘેરાવો કરતા પોલીસને બોલાવવી પડી હતી.

કેટલાક વાલીઓએ પથ્થરમારો પણ કર્યો હતો એમ પણ તેમણે ઉમેર્યું હતું.

એક વીડિયો સંદેશમાં કલેકટર શ્રીકૃષ્ણ પંચાલે કહ્યું હતું કે, પેપર લીક થવા સંબંધે તપાસનો આદેશ અપાયો છે અને જો આક્ષેપો સાચા હશે તો જરૂરી પગલાં લેવાશે.

મહારાષ્ટ્ર એસએસસી અને એચએસસી બોર્ડનાં સેક્રેટરી વૈશાલી જામદારે જણાવ્યું હતું કે બદનાપુર પરીક્ષા કેન્દ્ર પરથી ગેરરીતિઓના અહેવાલ મળ્યા હતા.

આવી જ પરિસ્થિતિ માન્યાના તાલિની પરીક્ષા કેન્દ્ર પર પણ જોવા મળી હતી.

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૫થી રાજ્યભરમાં ૧૦ ધોરણની પરીક્ષાઓ શરૂ થઇ હતી. રાજ્યમાં ૧૬.૧૧ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમાંથી ૮.૬૪ લાખ છોકરાઓ અને ૭.૪૭ લાખ છોકરીઓ અને ૧૯ ટ્રાન્સજેન્ડરે પરીક્ષા આપી હતી. આ માહિતી બોર્ડના ચેરમેન શરદ ગોસાવીએ એક પત્રકાર પરિષદમાં આપી હતી. ૨૩૪૯૨ માધ્યમિક શાળાઓમાંથી વિદ્યાર્થીઓની નોંધણી થઇ હતી. તેમણે કહ્યું હતું કે પરીક્ષા ૫૧૩૦ કેન્દ્રોમાં લેવામાં આવશે.

શુક્રવારે સવારે ૧૧ વાગ્યે જ્યારે પહેલી પરીક્ષા શરૂ થઇ હતી અને જાલનામાં ૧૫ મિનિટમાં જ પ્રશ્નપત્ર બહાર આવ્યું હતું. આ ઘટના જાલનામાં બદનાપુર સ્થિત કેન્દ્રમાં બની હતી. ઉત્તરહીઓની ઝેરોક્સ કોપી અહીંના ઝેરોક્સ સેન્ટરમાં કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આને કારણે વાલીઓમાં રોષ ફેલાયો હતો. જોકે યવતમાલમાં પણ આવી જ ઘટના બની હોવાનું જાણવા મળ્યું હતું.

## હિન્દુ મરણ

ગં. સ્વ. કુસુમબેન પરેશભાઈ પટ્ટણી, તે સ્વ. પરેશભાઈ પટ્ટણીના પત્ની. સ્વ. મુકુલભાઈ પટ્ટણી (ઉં. વ. ૯૩)તે વાસંતીબેન વિરેન્દ્ર શાહ, તુષાર પરેશભાઈ પટ્ટણીના માતુશ્રી. તારીખ ૮ ફેબ્રુઆરી ૨૦૨૫ શનિવારના અમેરિકા ખાતે દેવલોક પામ્યા છે.

રુખી સમાજ સાડા સોળ

ગામ જમ્બુસરના વતની હાલ મુંબઈ સ્વ. મહેશ રાવજી સોલંકી (ઉં. વ. ૪૮) દેવલોક પામ્યા છે. ઉત્તર ક્રિયા તા. ૨૩-૨-૨૫ના રવિવાર ૪ થી ૬ રાખવામાં આવેલ છે. નિવાસસ્થાન- બી-૧-એ-૨૦૨ અંજની કંપાઉન્ડ, વિલેજ રોડ, સુભાષ નગર (માળા કોલોની) નાહુર મુંબઈ.

**કપોળ**

રાજુલાવાળા સ્વ. વસંતરાય ગંગાદાસ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. હંસાબેન (ઉં. વ. ૮૨) તા. ૧૮-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અલ્પા ધર્મેન્દ્ર મહેતા, દીપ્તી અમલ શેઠ, સમીર અને હેમંતીના માતુશ્રી. રીતુ મોહીત મહેતા, રીયા, અર્જુન અને ઉત્સવના નાની. સ્વ. અનંતરાય, સ્વ. ચીમનભાઈ, પ્રવીણભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. લલીતાબેન, સ્વ. મધુબેન અને ગં.સ્વ. આશાબેનના ભાભી. સ્વ. હિરાબેન અને સ્વ. જશવંતરાયના બેન. પીયરપક્ષે મહુવાવાળા સ્વ. મુળજીભાઈ મોહનદાસ પારેખની દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

ધારીવાલા હાલ મુંબઈ, સ્વ. શાંતીભાઈ વસ્તાભાઈ માયાણીના પુત્રવધૂ. દિનેશકુમારના ધર્મપત્ની દેવયાની (ઉં. વ. ૭૩) તા. ૨૦-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અર્ચના અલ્પેશ ગગલાણી, દેવાંશીના માતુશ્રી. તનિષ્ક, સંજનાના નાની. દમયંતી કેશવલાલ સાંગાણીના સુપુત્રી. સ્વ.હિમ્મતલાલ, વિનોદરાય, ઉષાબેનના ભાભી. લૌકિક પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

મૂળ ગામ કચ્છ માંડવી હાલ મુંબઈ, અ.સૌ. નંદાબેન સોની (ઉં. વ. ૬૬) ગુરૂવાર તા.૨૦-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રવિણભાઈ સોનીના ધર્મપત્ની, ગં.સ્વ. સરસ્વતીબેન, સ્વ.લક્ષ્મીદાસ માધવજી સોનીના પુત્રવધુ. સ્વ. ભગવતીબેન ચંદ્રકાન્તભાઈ ઝવેરીના સુપુત્રી. સ્વ. અજીતભાઈ, નૈનાબેન, પરેશાબેન અને હિતેનભાઈના બેન. તિલક અને રાહુલના માતા. ભક્તી, અવનીના સાસુમા. પ્રાર્થનાસભા તા. ૨૨-૨-૨૫ના શનિવારે ૫.૦૦ થી ૭.૦૦. ઠે. માતોશ્રી વેલબાઈ સભાગૃહ, ૩૧૦, ચંદાવરકર રોડ, નપુ હોલની બાજુમાં, માટુંગા (સી.આર.).

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ભિલોડા નિવાસી હાલ વિલે પાર્લે, સ્વ.પ્રકાશ રમણલાલ ત્રિવેદી (ઉં. વ. ૬૧.) તે ગં.સ્વ.સ્મિતા ત્રિવેદીના પતિ. કોમલ ત્રિવેદી અને કરણ ત્રિવેદીના પિતાશ્રી. સંજય, મનોજ, કૃપાબેનના ભાઈ, રાજ રૂપાણીના સસરા. ઝલક જયેશ વિઠલાણીના સસરા. તીષા રૂપાણી, ઔરા ત્રિવેદીના દાદા તા.૧૯-૨-૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૨-૨-૨૫ના ૫ થી ૭. ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલે પાર્લે ઇસ્ટ.

**લોહાણા**

મૂળ ગામ ગુંદરણ હાલ કલ્યાણ, કુણાલ (ઉં. વ.૪૫) ગુરૂવાર તા.૨૦/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સવિતાબેન હરગોવિંદદાસ મસરાણીના પૌત્ર. ગીતાબેન તથા લલિતભાઈ મસરાણીના પુત્ર, રૂપાલીબેન આનંદકુમાર, દિપાલી વિશ્વનાથ, રિદ્ધિ પ્રસન્ન, સિદ્ધાર્થના ભાઈ. કેતનભાઇ, ઉષાબેન ચંદ્રકાન્ત, આશાબેન વિનોદકુમાર, કલ્પનાબેનના ભત્રીજા. હરગોવિંદદાસ શામજી નંદારાણાના દોહીત્રી. યાસીતાના જેઠ, પ્રાર્થનાસભા શનિવાર તા.૨૨/૦૨/૨૫ના ૪થી ૬. ઠે. માતુશ્રી શ્યામબાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ. (લૌકિક વ્યવહાર બંધ છે).

**દશા સોરઠિયા વણિક**

અ. સૌ. દેવિલા શેઠ (ઉં. વ. ૮૮) ગુરૂવાર તા. ૨૦-૨-૨૫ના કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે કાંતિલાલ મણિલાલ શેઠના ધર્મપત્ની. મયુરી, સંદીપ અને ભક્તિના માતુશ્રી. ભરતકુમાર સુરેન્દ્રભાઇ નરખી, રાજીવકુમાર પ્રિતમલાલ શાહ, અ. સૌ. રશ્મિના સાસુ. સ્વ. પ્રભુદાસભાઇ, નવીનચંદ્ર, સ્વ. રમણિકભાઇ, વિનોદચંદ્ર, સ્વ. વસંતબેન છબીલદાસ શાહ, સ્વ. ઉષાબેન બિપીનચંદ્ર વિભાકર, સ્વ. હંસાબેન બકુલેશ શાહ, સ્વ. દિવ્યાબેન હસમુખભાઇ મદાણીનાં ભાભી. સ્વ. સરિતાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. સરયુબેન, સ્વ. મનસુખભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મુળ સાંઢાના હાલ દહીસર મુક્તાબેન કરુણાશંકર જોષી (ઉં. વ.૯૩) તે સ્વ. કરુણાશંકર પુરુષોત્તમ જોષીના પત્ની. રમેશ, ભુપત, યોગીજી, કૃષ્ણકાંત, સ્વ. ઉદય, શરદ, સ્વ. સવિતાબેન નર્મદાશંકર જોષી, મંજુલાબેન વિઠલજી જોષી કેશોદ, વીણાબેન રસિકલાલ જોષી, ભારતીબેન અજીતકુમાર વોરા રાજકોટ, ઉર્મિલાબેન હરેન્દ્ર જોષી દહીસરના માતુશ્રી. રંજનબેન, ભાવનાબેન, કિરણબેન, જાગુબેન, જયોતિબેનના સાસુ. તા. ૧૮-૨-૨૫ના મંગળવારે કૈલાશવાશી થયા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૨-૨૫ના શનિવારે સાંજે ૫થી ૭. ઠે. બાપા સ્વામિનારાયણ સસ્કાર કેન્દ્ર, તન્વી ડાઇમોરા, બી-૩૦૨, ડાયમોરા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બિલ્ડિંગ, દહીસર પેટ્રોલ પંપની બાજુમાં, એસ. વી. રોડ, દહીસર (ઇસ્ટ).

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ સલાયા હાલ મુંબઈ, સ્વ. અશોકભાઈ લાલ (ઉં. વ. ૬૬) તે સ્વ. શાંતાબેન ભીખાલાલ લાલના પુત્ર. દીનાબેનના પતિ. જય તથા જીલના પિતાશ્રી. કિરણભાઈના ભાઈ. ગં. સ્વ. ઇન્દુબેન ગોવિંદજી સામાણીના જમાઈ. નલિનીબેનના દિયર તા.૧૯/૦૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૨/૦૨/૨૫ના શનિવારે ૪થી ૬. શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, ઠાકોરદ્વાર, ચર્નીરોડ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળગામ નાંદોલવાળા હાલ બોરીવલી, ગં. સ્વ. ઉષાબેન તથા સ્વ.સતિષભાઈ હિંમતલાલ દવેના પુત્ર/પુત્રવધૂ પ્રશાંતભાઈ તથા હેમલબેન તા.૧૯/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની બંનેની પ્રાર્થનાસભા ૨૩/૨/૨૫ના ૪ થી ૬. કોમન પ્લોટ, નવરાજહંસ સોસાયટી, રોકડીયા લેન, બોરીવલી વેસ્ટ.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

ઝોલાપૂર નિવાસી હાલ ગોરેગાંવ, ગં.સ્વ.દિવાળીબેન જીવરાજ ઓઝા (ઉં. વ. ૮૯) સ્વ. નર્મદાશંકર, લાભશંકર, શિવકુંવરબેન હરિશંકર ઉપાધ્યાયના માતુશ્રી. સ્વ.લક્ષ્મીબેન રવજીભાઈ વોરાના દીકરી. સ્વ. કિરીટ, વિનય, વિવેક, ભાવેશ, મેહુલ, હેમંત, હિના મનીષ જોષીના દાદી. ૧૯/૨/૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા ૨૨/૨/૨૫ના ૫ થી ૭. રાજસ્થાન ભવન, આરેરોડ જૈન મંદિર પાસે, ગોરેગાંવ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગેવ રુસ્તમજી વૈઈદ તે કેતી ગેવ વૈઈદના ધની. તે પરવીનબાનુ રુસ્તમજી વૈઈદના દીકરા. તે નીલુફર ને દેલનાના પપા. તે મેહરનોશ ને પોરસના સસરા. તે જેસમીન ને મરહુમ શ્રીતાના ભાઈ. તે ઝીનીયા, ઝીનાઈશા, તરોનાશ, વહુન ને હમનાઝના મમાવાજી. (ઉં. વ. ૭૯) રે.ઠે. ૧૩૦૧, એ વીંગ, સપ્તરતન ટાવર, રુનીત, એસ.વી. રોડ, ઉમેદભાઈ પટેલ સ્કૂલની સામે, સુંદરનગર, મલાડ (વે), મુંબઈ ૪૦૦૦૬૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૨-૨૫ ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડિયા બંગલીમાં ડુંગરવાડી પર.

હોરમઝદીયાર બમન ઈરાની (શાપુર) તે સારવાર હોરમઝદીયાર ઈરાનીના ધની. તે મરહુમો બાનુ બમન ઈરાનીના દીકરા. તે પરવાના, ફરઝાના, મીતરા ને માનાઝના પપા. તે અફલાતુન, રુસ્તમ, નેવીલી ને સરોશના સસરા. તે દોલત તથા મરહુમો હોરમઝ ને કૈખશરુના ભાઈ. તે ઝીતા, ખુશરુ, શેરીયાર, ફરઝાન, તરોનીશ અને ગોવરના મમાવા. (ઉં. વ. ૯૯) રે.ઠે. ૬-સી/૪૦૩-૪૦૪ સાલસેથ પારસી કોલોની, પમ્પ હાઉસ, અંધેરી (ઈ), મુંબઈ ૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૨-૨૫ ને દીને બપોરે ૩.૪૫ વાગે સાલસેથ અગ્યારીમાં છેજી.

## જૈન મરણ

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી, હાલ મુલુંડ, સ્વ. ધીરજબેન મનસુખલાલ વસાના સુપુત્ર મુકેશભાઈ (ઉં. વ. ૭૧) તા. ૧૯-૨-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તેઓ હર્ષાબેનના પતિ. પ્રવિણભાઈ, નટવરલાલ, તરૂલતાબેન કિશોરભાઈ, સ્વ. ભારતીબેન રાજેન્દ્રભાઈ, વર્ષાબેન રાજેન્દ્રભાઈના ભાઈ. વિશાલ તથા આનંદના પિતા. અવની તથા રીનાના સસરા. સ્વ. મનસુખલાલ વનમાળીદાસ શાહ - વર્તેજ હાલ બેંગ્લોરના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૩-૨-૨૫ના ૧૦ થી ૧૨. સ્થળઃ ધ ક્રાઉન બેન્કેવેટ, ૭મે માળ, વિકાસ સેન્ટર, એન.એસ. રોડ અને સેવારામ લાલવાની જંક્શન, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

કામરોળ નિવાસી હાલ મુલુંડ પોપટલાલ માનચંદ શાહના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં.વ.૭૬) તા. ૨૧-૨-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. ઇંદુબેનના પતિ. ચિંતન, દીપેશ, પૂ. પવિત્રરેખાશ્રીજી મ.સા.ના સંસારી પિતાશ્રી. ચિંતલ, નેહલના સસરા. ચૈત્ય, ધ્યાની, જીનાંગના દાદા, હર્ષદભાઇ, શશીકાંતભાઇના ભાઇ. શ્વસુર પક્ષે વેણીલાલ રણછોડદાસ શાહ પાલિતાણાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ચિંતન પ્રવીણચંદ્ર શાહ, ૩૦૧, નાલંદા, આર.એચ.બી.રોડ, મુલુંડ (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ મનફરાના ગં. સ્વ. ખીમઇબેન ડોસાભાઇ (બાબુભાઇ) અરજણ સાવલાના સુપુત્ર રમેશ (ઉં. વ. ૫૫) તા. ૧૯-૨-૨૫ના અવસાન પામેલ છે. ગં. સ્વ. દક્ષાબેનના પતિ. ચાર્મી, દ્રષ્ટિ, વંશના પિતાશ્રી. સ્વ.વેલુબેન ખીમજી કારા ગાલાના જમાઇ. ધરમશી, કાંતિ, વિનોદ, કેતન, મંજુલા, નિર્મળાના ભાઇ. પ્રાર્થનાસભા : તા. ૨૨-૨-૨૫ના શનિવાર, પ્રા. સમયઃ ૩થી ૪.૩૦.ઠે. કપોળ વાડી, એમ. જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી મહેશભાઇ કોઠારી (ઉં. વ. ૭૫) તે હીરાબહેન ધીરજલાલ કોઠારીના સુપુત્ર. સરલાબેનના પતિ. વિશાલ, આકાશના પિતા. રીકીતા અને દ્રષ્ટિના સસરા. તે સ્વ. સુરેશભાઇ, રમેશભાઇ, હર્ષાબેન જયેશકુમાર શાહ, વર્ષાબેન નરેશકુમાર શાહ, દક્ષાબેન વાસુદેવ જોગળેકર, પ્રજ્ઞાબેન અરવિંદકુમાર મહેતાના ભાઇ. તે શ્વસુર પક્ષે સ્વ. જયંતીલાલ પરસોતમદાસ શાહના જમાઇ. શુક્રવાર તા. ૨૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૨-૨૫ના રવિવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. ક્ષ્ઠાઇ ભાટીયા વાડી, હોલ નં.૫, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ), ચક્ષુદાન કરેલ છે.

**પોરવાલ જૈન**

મરૂધરમાં કૈલાશનગર હાલ બોરીવલી, નારંગીબેન શાહ (ઉં. વ. ૭૦) ૧૯/૨/૨૫ના અવસાન પામેલ છે. તે સુરેશકુમાર ફૂટમલજીના ધર્મપત્ની, મીતા અશોકકુમાર, શકુંતલા રંજીતમલજી, કંચન ચંપાલાલજીના ભાભી. વિશાલ, ધવલ,વિનીત, કરિશ્મા, પ્રિતી, નિકિતા, સોનમના માતુશ્રી. દીપિકા, પૂનમ, શ્વેતા, આશિશજી, રિતેશજી, અભિષેક, મોનીકના સાસુ. સિયા, પ્રીશી, સનય, શનાયા, દ્રિશાના દાદી. પ્રાર્થનાસભા ૨૨/૨/૨૫ના ૧૧ થી ૧. આધાર હોલ, રોડ નં ૧૦, દૌલત નગર, બોરીવલી ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વેળાવદર નિવાસી હાલ મલાડ, સ્વ. બળવંતભાઈ નારણદાસ જાગાણીના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૨) તા.૧૭-૨-૨૦૨૫ને સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે ચિ. નિરવ-ધારાના માતુશ્રી. આંકડીયા નિવાસી સ્વ. ફુલચંદભાઇ રવજીભાઇ રવાણીના દીકરી. ભારતીબેન રણજીતભાઈ શાહ, દિવ્યાબેન ગીરીશભાઈ દામાણી, સ્વ. નવીનભાઈ, સ્વ. સુરેશભાઈ, કિરીટભાઇ, સ્વ. જીતેન્દ્રભાઈના બહેન, નીતાબેન, નયનાબેન, બીન્દુ, ઉર્વશીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

ભાલાળા નિવાસી હાલ ભાયંદર, સરોજબેન નીતિનભાઈ કોઠારી (ઉં. વ. ૬૬) તે સ્વ. શર્મિષ્ઠાબેન વીરચંદભાઈ કોઠારીના પુત્રવધૂ. સ્વ. નીતિનભાઈના ધર્મપત્ની, સ્વ. ચંદનબેન અમૃતલાલ શાહના દીકરી. હિરેન, પ્રિયંકા, રિંકલકુમાર અગ્રાણીના માતુશ્રી. પ્રફુલભાઈ. તથા જ્યોત્સનાબેન ચંપકલાલ શાહના બેન. પ્રાર્થનાસભા ૨૨/૨/૨૫ના ૩.૩૦ થી ૫.૦૦. ઘોઘારી હોલ, ૬૦ ફિટ રોડ, નકોડા હૉસ્પિટલ સામે, ભાયંદર વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔ. અ. બ્રાહ્મણ**

મૂળ મઢડા ભાવનગર હાલ બોરીવલી, હરેશભાઇ પ્રવિણચંદ્ર જટાશંકર જાની (ઉં. વ. ૬૨) ૨૦/૨/૨૫ના અવસાન પામેલ છે. તે વર્ષાબેનના પતિ. પ્રણવ, જુહી, ક્રિષ્ના, પલક, હાર્દિકના પિતા. યુવીરના દાદા. વિરેશ, સુધા રશ્મિભાઈ મહેતા, ભાવના મહેન્દ્રભાઈ પટેલના ભાઈ. ચંદ્રકાંત બી મહેતા કાંદિવલીના જમાઈ. પ્રાર્થનાસભા ૨૩/૨/૨૫ના ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા. જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મને હળવાશમાં ન લેતા...

## એકનાથ શિંદેની ફરી એક વાર ચીમકી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શિવસેનાના મેળાવડામાં અને વિદર્ભની મુલાકાત લેવા ગયા છે. તેમણે અહીં પત્રકારોને સંબોધતાં કહ્યું હતું કે મેં કહ્યું હતું કે હું ચૂંટણી જીતીને આવીશ અને આજની બેઠક પણ તેના ભાગરૂપે જ છે. એકનાથ શિંદેનો આ ગર્ભિત ઈશારો વિરોધ પક્ષો માટે હતો કે સાથી પક્ષોના ચોક્કસ લોકો માટે હતો એ કહેવાની જરૂર નથી, બધાને ખબર પડી ગઇ છે.

છેલ્લા કેટલાક દિવસોથી એકનાથ શિંદે મહાયુતિથી નાખુશ હોવાનું કહેવાઈ રહ્યું છે અને તેનું ઉદાહરણ છે તેમની કેબિનેટની બેઠકમાં ગેરહાજરી. બીજી બાજુ તેમના સાતારાના દરેગાંવનું રોકાણ પણ વધી ગયું હતું. હવે ઘણા સમય બાદ તેઓ પક્ષની રેલીમાં સક્રિય થયા છે અને તેમણે સીધો હુંકાર કર્યો છે કે મને હળવાશમાં લેનારાઓ ભૂલ કરી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણી જીત્યા પછી અમારી જવાબદારીઓ વધી ગઇ છે અને એટલે જ હું વિદર્ભના લોકોનો આભાર માનવા માટે આવ્યો છું. હું બાળાસાહેબ અને આનંદ દીઘેનો કાર્યકર છું અને દરેક વ્યક્તિએ મારું મૂલ્યાંકન એ મુજબ કરવું જોઇએ. ૨૦૨૨માં જેમણે મને હળવાશથી લીધો એની સામે મેં મોઢું ફેરવી લીધું હતું અને સરકાર પલટી થઇ ગઇ હતી. મેં અને દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે અમે વિધાનસભામાં ૨૦૦ બેઠક જીતીશું અને અમે ૨૩૨ બેઠક જીતી હતી. આથી વિપક્ષોએ મને હળવાશથી ન લેવો જોઇએ, એમ કહીને સીધું નિશાન તેમણે ઉદ્ધવ ઠાકરેને સામે પણ તાક્યું હતું. જોકે રાજકીય વર્તુળોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે છેલ્લા ઘણા સમયથી મહાયુતિ અને ફડણવીસથી નારાજ શિંદેએ ગર્ભિત ઈશારો છે.

## વિખવાદ હવે અમિત શાહના દરબારમાં

મુંબઈઃ સરકારની રચના અને વિભાગોની વહેંચણી પછી મહાયુતિમાં પાલકપ્રધાનને મુદ્દે ભારે પ્રમાણમાં હોહા મચી છે, જેનો હાલમાં વિપોક્ષો દ્વારા ભરપૂર ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે. એક બાજુ ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચેનો ગજગ્રાહ ચરમસીમાએ પહોંચી ગયો છે તો બીજી બાજુ એસીપીના પ્રધાન ધનંજય મુંડે અને માણિકરાવ કોકાટેને કારણે એનસીપી બેકફૂટ પર હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

રાયગડ અને નાશિકના પાલકપ્રધાનપદ ન મળવાને લઈને શિવસેનામાં નારાજગી છે. શિવસેના બંને જિલ્લાઓના પાલકપ્રધાનપદ માટે આગ્રહી હતી. પરંતુ એક જિલ્લાનું એક પાલકપ્રધાનપદ એનસીપીને મળ્યું, જ્યારે બીજા જિલ્લાનું પાલકપ્રધાનપદ ભાજપને મળ્યું. શિવસેનામાં નારાજગીનો સૂર ઊમટતાં હવે આ મામલો કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના દરબારમાં પહોંચ્યો છે.

# શિંદેને એક પછી એક ફડણવીસના ફટકા

## મુંબઈ પાલિકાનું ૧૪૦૦ કરોડનું ને પંઢરપુરનું ૧૨૯ કરોડનું ટેન્ડર રદ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચેનું શીત-યુદ્ધ ચરમસીમાએ છે. સિડકોના શિંદેએ મંજૂર કરેલા પ્રોજેક્ટ પછી ફડણવીસ ૧૪૦૦ કરોડ રૂપિયાનું મુંબઈ પાલિકાનું સફાઈ ટેન્ડર અને પંઢરપુરમાં સ્કાયવોક અન મંડપ માટેના ૧૨૯ કરોડ રૂપિયાનું ટેન્ડર રદ કર્યું છે. આ બંને પ્રોજેક્ટ શિંદે દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા.

મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાંથી કચરાના નિકાલ અને શૌચાલયોની સફાઇ માટે ખાનગી કંપનીને આપવામાં આવનારા અંદાજે ૧૪૦૦ કરોડ રૂપિયાના ટેન્ડરને રદ કરવા માટે મુંબઈ પાલિકાની ટીકા થઇ રહી છે. ગયા અઠવાડિયે હાઇ કોર્ટે ઝાટકણી કાઢ્યા બાદ પાલિકાએ આ ટેન્ડર રદ કર્યો હતો. આ બાબતની માહિતી પોતે પાલિકાએ ગુરુવારે કોર્ટની સુનાવણીમાં આપી હતી. ત્યાર બાદ પાલિકાના આ નિર્ણય સામે બેરોજગાર કામગાર એસોસિયેશન દ્વારા કરાયેલી અરજીનો કોર્ટે નિકાલ લાવ્યો હતો.

ઝૂંપડપટ્ટીની સફાઇનો કોન્ટ્રેક્ટ સામાન્ય રીતે બેરોજગાર સંસ્થાને આપવામાં આવે છે. ત્યારે પાલિકાએ મુંબઈ શહેર બેરોજગાર સેવા સહકારી સંસ્થાના બદલે અન્ય સંસ્થાને કોન્ટ્રેક્ટ આપવાના ઉદ્દેશ્યથી આપવાનું ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી હતી. આ પ્રક્રિયા સરકારના નિયમોના વિરોધમાં હોઇ પાલિકાએ આ નિયમોનું પાલન કરવાનું ફરજિયાત છે, એમ કોર્ટે કહ્યું હતું.

કોર્ટે પાલિકાને તેની બાજુ સ્પષ્ટ કરવા એક અઠવાડિયાનો સમય પણ આપ્યો હતો અને ગુરુવારની સુનાવણીમાં પાલિકાએ પોતાની ભૂલ કબૂલ કરીને ટેન્ડર પ્રક્રિયા રદ કરી હતી.

આ કેસ એક વર્ષથી હાઇ કોર્ટમાં ચાલી રહ્યો હતો. કોર્ટે પણ વારંવાર પાલિકાના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી. પરંતુ પાલિકા પોતાના નિર્ણય પર અડીખમ હતી. છેવટે પાલિકાને ઝૂકવું પડ્યું છે. ■

## ક્લીન પરીક્ષાના દાવાઓ પોકળ...

# દસમાનું પેપર ફૂટ્યું



### જાલનામાં પરીક્ષા શરૂ થયાના ૧૫ મિનિટમાં જ ખેલ થયોઃ માત્ર ફૂટેલું પેપર નહીં સાથે વિદ્યાર્થીઓને ઉત્તરની નકલ પણ આપવામાં આવીઃ વાલીઓનો ઘેરાવ, પથ્થરમારોઃ પરિસ્થિતિ સ્ફોટક બનતા પોલીસને બોલાવવી પડીઃ તપાસનો આદેશઃ આકરાં પગલાં લેવાની તૈયારી

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ દસમાની પરીક્ષા માટે કરવામાં આવેલા તમામ દાવાઓ શુક્રવારે જાલનાના બદનાપુર સેન્ટર પર પોકળ સાબિત થયા હતા. દસમા ધોરણના પહેલા જ દિવસે પેપર લીક થયું હતું. પેપર શરૂ થયાના ૧૫ મિનિટમાં જ પ્રશ્નપત્ર બહાર આવ્યું હતું. ત્યાર બાદ એવું બહાર આવ્યું હતું કે ઉત્તરવહીઓની ફોટોકોપી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ઘટના જાલનામાં બની હતી. યવતમાળમાં પણ આવા જ પ્રકારની ઘટના બની હોવાનું જાણવા મળે છે. આને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનો માહોલ ઊભો થયો હતો. આટલું જ નહીં આને કારણે ભયંકર અરાજકતા સર્જાઈ હતી. આ મામલે તપાસના આદેશ અપાયા છે. જોકે પેપર લીક થયાના આક્ષેપોને નકારતા બ્લોક શિક્ષણ અધિકારી ડી. એન. ક્ષીરસાગરે જણાવ્યું હતું કે, જિલ્લાના ૧૪ કેન્દ્રમાં પરીક્ષા લેવાઈ હતી અને બદનાપુર કેન્દ્રના વિદ્યાર્થીઓના (જુઓ પાનું ૪) ▸▸



જાલનાના બદનાપુર પરીક્ષા કેન્દ્રમાં પથ્થરમારા પછી થયેલી નાસભાગ. ઉપરની તસવીર છે. ઓપેરા હાઉસના મારવાડી વિદ્યાલયમાં દસમાના પરીક્ષા કેન્દ્રની જેમાં નિરીક્ષકો સાથે પોલીસ પણ વિદ્યાર્થીઓ પર નજર રાખતા જોઈ શકાય છે. (અમય ખરાડે)

# પડોશીઓમાં વેરનાં વળામણાં, ગર્લફ્રેન્ડનું સુસાઇડ ને શિંદેને ધમકી

### એકનાથ શિંદેને મારવાની ધમકી આપવાની ઇ-મેઇલ કરનારે કહી અજબ કહાનીઃ 'મારી ગર્લફ્રેન્ડના આપઘાત માટે મેં મારા પડોશીને દોષી ગણ્યો એટલે તેણે બદલો લેવા માટે મારા ફોનથી ધમકીના ઇ-મેઇલ મોકલ્યા'

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કારને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપતા ઇ-મેઇલ મુંબઈ પોલીસ તથા મંત્રાલયને મોકલવા બદલ ક્રાઇમ બ્રાન્ચે બુલઢાણાથી યુવક અને તેના પડોશીને પકડી પાડ્યા હતા. યુવકની ગર્લફ્રેન્ડે સુસાઇડ કરી લેતાં આ માટે તેણે તેના પડોશીને દોષી ગણ્યો હતો. આથી બદલો લેવા તેના મોબાઇલ પરથી પડોશીએ ધમકીભર્યા ઇ-મેઇલ મોકલ્યા હોવાનો દાવો યુવકે કર્યો હતો. જોકે યુવકના આ દાવાની પોલીસ દ્વારા ચકાસણી કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ કહ્યું હતું.

મુંબઇ ક્રાઇમ બ્રાન્ચની ટીમે બુલઢાણા પોલીસની મદદથી પકડી પાડેલા બે જણની ઓળખ મંગેશ અચ્યુતરાવ વાયાળ (૩૫) અને અભય ગજાનન શિંગણે (૨૨) તરીકે થઇ હતી. બંને બુલઢાણાના દેઉળગાવ રાજા તાલુકાના રહેવાસી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર એકનાથ શિંદેની કારને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઇ-મેઇલ ગુરુવારે સવારે ગોરેગામ અને જે. જે. માર્ગ પોલીસ સ્ટેશન ઉપરાંત મંત્રાલય તથા અન્ય બે સ્થળે મોકલવામાં આવ્યો હતો. ધમકીભર્યા ઇ-મેઇલને ગંભીરતાથી લઇ પોલીસ ઉપરાંત ક્રાઇમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી હતી. આ પ્રકરણે ગોરેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

દરમિયાન જે મોબાઇલ નંબર પરથી ઇ-મેઇલ મોકલવામાં આવ્યો હતો તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો અને ક્રાઇમ બ્રાન્ચની ટીમ બાદમાં બુલઢાણા પહોંચી હતી, જ્યાંથી મંગેશ વાયાળ અને અભય શિંગણેને તાબામાં લેવાયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે મંગેશ વાયાળની ગર્લફ્રેન્ડે તાજેતરમાં આત્મહત્યા કરી હતી અને આ માટે તે અભય શિંગણેને દોષી ગણતો હતો. ગર્લફ્રેન્ડને અભયે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરી હોવાનો આરોપ મંગેશે કર્યો હતો. મંગેશે દાવો કર્યો હતો કે મારો મોબાઇલ ચાર્જ થઇ રહ્યો હતો ત્યારે તેના પરથી મંગેશે ધમકીભર્યા ઇ-મેઇલ મોકલ્યા હતા. ■



**આગ ભયંકરઃ**
મુંબઈમાં બની રહેલી મેટ્રોના કાંજુરમાર્ગમાં આવેલા કારશેડના ઘાસના મેદાનમાં ગઈ કાલે ભીષણ આગ ફાટી નીકળી હતી. જોકે આમાં કોઈ જાનહાનિ નહોતી થઈ. (પીટીઆઈ)

# મીરારોડનો ફ્લાયઓવર તૈયાર પણ ઉદ્‌ઘાટન માટે સીએમ ફડણવીસની રાહ જોવાય છે

મીરા-ભાયંદરઃ મીરા રોડ પર છત્રપતિ શિવાજી મહારાજ માર્ગ પર એસ કે સ્ટોન અને શિવર ગાર્ડનને જોડતો બીજો ફ્લાયઓવર ઉપયોગ માટે તૈયાર છે, પરંતુ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ઉદ્‌ઘાટનની રાહ જોવાઇ રહી છે.

એમએમઆરડીએ ના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ દરમિયાન, શિવસેનાના ધારાસભ્ય અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ શિવ જયંતી નિમિત્તે ફ્લાયઓવર વાહનોની અવરજવર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

જોકે, મુખ્ય પ્રધાન ઉપલબ્ધ ન હોવાને કારણે બ્રિજનું ઉદ્‌ઘાટન થઈ શક્યું નથી. ''એમએમઆરડીએ એ ગુરુવારે ફડણવીસને પત્ર મોકલીને ઉદ્‌ઘાટન માટે સમય માંગ્યો હતો. એકવાર મુખ્ય પ્રધાન તેમની ઉપલબ્ધતા જણાવશે, પછી ઉદ્‌ઘાટન સમારોહ સુનિશ્ચિત કરવામાં આવશે,'' સરનાઈકે જણાવ્યું.

મેટ્રો લાઇન-૯ ના વાયડક્ટને એકીકૃત કરતા પ્રથમ ડબલ-ડેકર ફ્લાયઓવર (પ્લેઝન્ટ પાર્ક અને સિલ્વર પાર્ક સિગ્નલોને જોડતો)નું ઉદ્‌ઘાટન સપ્ટેમ્બર, ૨૦૨૪ માં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન - એકનાથ શિંદે દ્વારા કરવામાં આવ્યું હતું. બીજો બ્રિજ તૈયાર છે અને ઉદ્‌ઘાટનની રાહ જોવાઇ રહી છે અને એસ કે સ્ટોન અને ગોલ્ડન નેસ્ટને જોડતો ત્રીજો ફ્લાયઓવર બ્રીજ બાંધકામના અદ્યતન તબક્કામાં છે. ત્રણેય બ્રિજના કાર્યરત થવાથી ટ્રાફિકની ભીડમાં અને મુસાફરીનો સમય ઓછામાં ઓછો ૧૫થી ૨૦ મિનિટનો ઘટાડો થશે. ■

# દીવા અને મુમ્બ્રા વચ્ચે મોટી ટ્રેન દુર્ઘટનાની ઘડીઓ ગણાઈ રહી છે

**પૂરપાટ ઝડપે પસાર થતી ટ્રેનનું 'સંતુલન' શંકાના દાયરામાં : પ્રવાસીઓ કહે છે ફૂલ સ્પીડમાં પસાર થતી લોકલ ટ્રેનો સહેજ ઝૂકે છે : દરવાજે લટકતા પ્રવાસીઓ નીચે ફેંકાઇ જવાનો ડર રહે છે**

મુંબઈઃ મધ્ય રેલવેની લોકલ ટ્રેનોનું ટાઈમટેબલ ખોરવાયેલું રહે છે, જ્યારે વધતા અકસ્માતથી રેલવે પરેશાન છે ત્યારે તાજેતરમાં દિવા-મુમ્બ્રા વચ્ચેના રેલ કોરિડોરમાં પ્રવાસીઓ એક અજબ પ્રકારની મુશ્કેલીથી પરેશાન છે.

ખાસ કરીને કલવા, મુંબ્રા અને દિવા રેલવે સ્ટેશન પર વારંવાર અકસ્માત અને વિવિધ પ્રકારના વિવાદનું પ્રમાણ વધી રહ્યું છે, પરંતુ તાજેતરમાં પ્રવાસી સંગઠને ફરિયાદ કરી હતી કે દિવા-મુમ્બ્રા વચ્ચે પસાર થતી ટ્રેનોનું સંતુલન ક્યારેક 'અસહજ' હોય છે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે જ્યારે ટ્રેન પૂરપાટ ઝડપથી પસાર થતી વખત ઝૂકી જવાને કારણે અનેક પ્રવાસીઓના જીવ પડીકે બંધાય જાય છે. અમુક વખત તો પ્રવાસીઓ પણ સંતુલન ગુમાવતા હોય છે. આ બાબતે પ્રશાસને ગંભીર નોંધ લેવી જોઈએ, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મધ્ય રેલવેના થાણે સેક્શનના સ્લો કોરિડોરના સ્ટેશનમાં કલવા, મુમ્બ્રા અને દિવા સ્ટેશનો વચ્ચે ભીડના સમયે ખૂબ જ ઝડપથી દોડતી લોકલ ટ્રેન ડાબી કે જમણી દિશામાં થોડી ડિગ્રીમાં ઝૂકી જતી હોય છે. ભારે ભીડ હોવાથી અને ટ્રેનોમાં લોકોના અને સીટોના વજનને કારણે ટ્રેન એક બાજુ સહેજ ઝૂકી જાય છે, જેને (જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં 'બંગલો' કટોકટી

### ભૂતપૂર્વ પ્રધાનો બંગલો ખાલી કરવા ઇચ્છતા નથી ને નવા પ્રધાનો 'બેઘર' રખડી રહ્યા છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકારમાં અંદરોઅંદર ખેંચાખેંચીના અહેવાલો વચ્ચે હવે પૂર્વ પ્રધાનોને ફાળવેલા બંગલો ખાલી નહીં કરતા હોવાથી બજેટ પૂર્વે સરકાર માટે નવું સંકટ ઊભું થયું છે. મહારાષ્ટ્રમાં નવી સરકારના ત્રણ મહિના પછી પણ અનેક નવનિયુક્ત વિધાનસભ્યોને મુંબઈ સ્થિત વિધાનસભામાં સરકારી રહેઠાણ મળ્યા નથી અને એનું કારણ અનેક પૂર્વ વિધાનસભ્યો અને વર્તમાન સરકારના પ્રધાનોએ વિધાનસભ્યના બંગલાને ખાલી કરવાનો ઈનકાર કર્યો છે. આ મુદ્દે વિધાનસભાના સચિવાલય તરફથી નોટિસ પણ મોકલવામાં આવી છે. વિધાનસભ્યો બંગલો ખાલી નહીં કરનારાની અનેક પ્રધોનોનો સમાવેશ થાય છે. આ યાદીમાં ગિરીશ મહાજન (જળ સંસાધન), સંજય સાવકારે (વસ્ત્ર ઉદ્યોગ), મકરંદ પાટિલ (રાહત અને પુનર્વસન), બાબાસાહેબ પાટિલ (સહકારિતા મંત્રી), પંકજ ભોઇર (ગૃહરાજ્ય મંત્રી-ગ્રામીણ) અને યોગેશ કદમ (ગૃહ રાજ્યમંત્રી શહેરી) મુખ્ય છે. એક તો નવનિર્વાચિત વિધાનસભ્યોને જે ઘર-બંગલો ફાળવવામાં આવ્યા છે એ નહીં મળતા પરેશાન છે.

જ્યારે પ્રધાનોના કાર્યાલયોથી એવી પણ ફરિયાદો કરવામાં આવી છે કે જે બંગલો આપવામાં આવ્યા છે એ બરાબર નથી અને હાલમાં ત્યાં મરમ્મત યા નવીનીકરણનું કામ ચાલુ છે, તેથી આ બધા વિધાનસભ્યો રહેઠાણ ખાલી કરી શક્યા નથી. જોકે, બંગલોને લઈ હજુ અનેક વિધાનસભ્યો સરકારના સંબંધિત અધિકારીઓના ચક્કર કાપી રહ્યા છે, પરંતુ મળ્યા નથી.

પ્રધાનોના રહેઠાણનો કબજો મેળવવામાં અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં બજેટ સત્ર ચાલુ થશે, જે બે સપ્તાહ સુધી ચાલશે, ત્યારે સરકાર આ મુદ્દે નિરાકરણ લાવી શકે છે કે નહીં એ જોવાનું રહેશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સંભાજી રાજે વિરુદ્ધનું લખાણઃ વિકિપીડિયાના સંપાદકો સામે કેસ

મુંબઇઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના સાયબર વિભાગને છત્રપતિ સંભાજી મહારાજ વિરુદ્ધ વાંધાજનક સામગ્રી દૂર કરવા અને વિકિપીડિયાના અધિકારીઓનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યાના થોડા દિવસો પછી, મહારાષ્ટ્ર સાયબર સેલે મરાઠા શાસક પરની વિવાદાસ્પદ સામગ્રી દૂર ન કરવા બદલ ઓનલાઈન એન્સાઇક્લોપીડિયાના ૪-૫ એડિટર સામે કેસ દાખલ કર્યો છે.

ઉપરોક્ત ૪-૫ સંપાદકો વાંધાજનક સામગ્રીને સંપાદિત કરવામાં સામેલ હતા, જેના કારણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી શકે છે.

સાયબર સેલે અગાઉ વિકિપીડિયા ફાઉન્ડેશનને આ સામગ્રી દૂર કરવા જણાવ્યું હતું. જોકે, તેમની વિનંતી પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું અને ઓનલાઈન એન્સાઇક્લોપીડિયાએ સાયબર સેલ દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો જવાબ પણ આપ્યો ન હતો. નોટિસમાં, વિભાગે ડર વ્યક્ત કર્યો હતો કે વાંધાજનક સામગ્રી સંભાજી મહારાજના અનુયાયીઓમાં અશાંતિ ફેલાવી શકે છે. સાયબર સેલની વિનંતીનું પાલન કરવામાં વિકિપીડિયા નિષ્ફળ ગયા પછી, એડિટર સામે આઇટી એક્ટની કલમ ૬૯ અને ૭૯ ના ઉલ્લંઘન બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. ■

# બે જ દિવસમાં અજિત પવારના પક્ષને રામ-રામ

મુંબઈઃ રાજ્ય વિધાનસભાની ચૂંટણી પછી મહાવિકાસ આઘાડીના નેતાઓ મોટી સંખ્યામાં મહાયુતિમાં જોડાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં મહાવિકાસ આઘાડીમાંથી મહાયુતિમાં આવનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. ઠાકરે જૂથમાંથી શિંદે જૂથમાં આવનારા નેતાઓનો પણ ધસારો થયો છે. દરમિયાન બે દિવસ પહેલા જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથમાં જોડાયેલા જિતેન્દ્ર આવ્હાડના વિશ્વાસુ નેતા શરદચંદ્ર પવારની પાર્ટીમાં પાછા ફર્યા છે. બે દિવસ પહેલા જ તેઓ અજિત પવારની પાર્ટીમાં જોડાયા હતા. અભિજીત પવારની સાથે હેમંત વાની પણ અજીત પવાર જૂથમાં જોડાયા હતા પરંતુ હવે અભિજીત પવાર તેમના શરદ પવાર એનસીપી જૂથમાં પરત ફર્યા છે. ■

## તૂં સ્માર્ટ, પાતળી પરમાર ને ગોરી-ગોરી...

# અજ્ઞાત મહિલાને આવા સંદેશા રાત્રે મોકલવા અશ્લીલતાઃ અદાલત

મુંબઈઃ તૂં સ્માર્ટ છે, તૂં પાતળી પરમાર છે, તૂં ગોરી-ગોરી અને હું તમે પસંદ કરું છું, આવા મેસેજ અજ્ઞાત મહિલાને રાત્રીના સમયે મોકલવા એ અશ્લીલતા જ કહેવાય, એમ સેશન્સ કોર્ટે કહ્યું હતું.

ભૂતપૂર્વ નગરસેવિકાને વોટ્સએપ પર રાતના સમયે વાંધાનજક મેસેજ મોકલવા બદલ એક વ્યક્તિને દોષી ઠરાવવામાં આવી હતી અને સેશન્સ કોર્ટે પણ આ નિર્ણયને બહાલી આપી હતી.

૧૮મી ફેબ્રુઆરીના આદેશમાં નોંધવામાં આવ્યું હતું કે સમાજના અમુક નિયમોને ધ્યાનમાં રાખીને સંબંધિત વ્યક્તિના વર્તનના આધારે અશ્લીલતા કરવામાં આવી હોવાનો નિર્ણય લેવો જરૂરી છે. ફરિયાદીને રાત્રે ૧૧થી ૧૨.૩૦ દરમિયાન વોટ્સએપ પર તું સ્લીમ છે, સુંદર છે, તારા લગ્ન થઇ ગયા છે કે નહીં, તું બહું સ્માર્ટ છે, હું ૪૦ વર્ષનો છું, હું તમે પ્રેમ કરું છું જેવા મેસેજ કરવામાં આવ્યા હતા તથા ફોટો પણ મોકલવામાં આવ્યા હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

કોઇ પણ પ્રતિષ્ઠિત મહિલા અને તેના પતિ જેઓ ભૂતપૂર્વ નગરસેવક છે, તેઓ આ તદ્દન સહન કરી શકે નહીં જ્યારે કે મેસેજ મોકલનાર વ્યક્તિ જ તેમનો ઓળખતો નથી. તેથી આ મહિલાની પવિત્રતાનું અપમાન છે, એમ કોર્ટે કહ્યું હતું.

મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૦૨૨માં આરોપીને દોષી ઠરાવીને ત્રણ મહિનાની સજા ફટકારી હતી, પરંતુ આરોપીએ વારંવાર સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. આરોપીએ દાવો કર્યો હતો કે વેર વાળવા માટે તેની સામે ખોટા આરોપો કરવામાં આવી રહ્યા છે, પરંતુ કોર્ટે કહ્યું હતું કે આ સાબિત કરવા માટે તેની પાસે પુરતા પુરાવા નથી. ■

# અમદાવાદમાં ફિલ્મી ઢબે રણજી સેમિ ફાઇનલનો અંત

## ફાઇનલમાં પહોંચવા ગુજરાતને બે રનની અને કેરળને એક વિકેટની જરૂર હતી, ત્યાર બાદ જે બન્યું એમાં નવો ઇતિહાસ રચાઈ ગયો



અમદાવાદઃ રણજી ટ્રોફીમાં અહીં સોમવારે ગુજરાત અને કેરળ વચ્ચેની સેમિ ફાઇનલ શરૂ થઈ ત્યારે કોઈએ પણ ધાર્યું નહીં હોય કે આ મુકાબલાનો અંત ફિલ્મના ક્લાઇમૅક્સના સીનની જેમ આવશે, કારણકે ગઈ કાલે આ અત્યંત રોમાંચક મુકાબલામાં છેલ્લી ક્ષણોમાં જે કંઈ થયું એ ખૂબ રસપ્રદ છે. કેરળ ૭૪ વર્ષના પોતાના રણજી ઇતિહાસમાં પહેલી જ વાર રણજી ટ્રોફીની સેમિ ફાઇનલમાં પહોંચ્યું એ પહેલાં સીન એ હતો કે ગુજરાતે પ્રથમ દાવની સરસાઈ મેળવીને (મૅચ ડ્રૉ થવા છતાં લીડને આધારે) ફાઇનલમાં પહોંચી જવાનું હતું, પરંતુ બન્યું એનાથી ઊલટું. કેરળે ફક્ત બે રનની સરસાઈ મેળવીને ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી અને ગુજરાત આ સુવર્ણ તકમાં નિષ્ફળ ગયું હતું.

હવે નાગપુરમાં બુધવાર, ૨૬મી ફેબ્રુઆરીથી ફાઇનલમાં કેરળ-વિદર્ભ વચ્ચે ટક્કર થશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી સેમિ ફાઇનલમાં કેરળે વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીનના અણનમ ૧૭૭ રન તેમ જ ખુદ સુકાની સચિન બૅબીના ૬૯ રનની મદદથી ૪૫૭ રન બનાવ્યા હતા. કેરળના ખેલાડીઓ પહેલી વાર ફાઇનલમાં પહોંચવાના એવા સંપલ્પ સાથે રમ્યા હતા કે ગુજરાતના આઠ બોલર તેમને ૪૫૦-પ્લસનો સ્કોર નોંધાવતા રોકી નહોતા શક્યા. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્ઝાન નાગવાસવાલાએ ત્રણ તેમ જ કૅપ્ટન ચિંતન ગજાએ બે વિકેટ લીધી હતી. રવિ બિશ્નોઈ જેવા દિગ્ગજ સ્પિનરને એક વિકેટ ૭૪ રનમાં પડી હતી. ગુજરાતે જો ૪૫૮ રન બનાવ્યા હોત તો એક રનની સરસાઈને આધારે એને ફાઇનલમાં જવા મળ્યું હોત. જોકે બન્યું એવું કે ગુજરાતનો દાવ ૪૫૫ રને સમેટાઈ ગયો અને એણે ફક્ત બે રન માટે ફાઇનલની એન્ટ્રીથી વંચિત રહેવું પડ્યું હતું. જો ગુજરાતે એ બે રન બનાવી લીધા હોત તો એના પણ કેરળની જેમ ૪૫૭ રન થયા હોત અને ગ્રૂપ સ્ટેજમાં વધુ પૉઇન્ટ હોવા બદલ ગુજરાતને ફાઇનલમાં જવા મળ્યું હોત.

રણજી ટ્રોફીનો નિયમ છે કે પ્રથમ ઇનિંગ્સની સરસાઈ મેળવનાર ટીમ એ મૅચમાં વિજેતા ઘોષિત થાય. ગુરુવારની સાંજે ગુજરાતનો સ્કોર ૪૨૯/૭ હતો. જયમીત પટેલ ૭૪ રને અને સિદ્ધાર્થ દેસાઈ ૨૪ રને રમી રહ્યો હતો. જોકે ગુજરાતની કમનસીબી એ હતી કે જયમીત બીજા ફક્ત પાંચ રન બનાવીને અને દેસાઈ બીજા છ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. ત્યાર બાદ ટીમને સરસાઈ અપાવવાની જવાબદારી અર્ઝાન (૧૦ રન) તથા પ્રિયજીતસિંહ જાડેજા (ત્રણ અણનમ) પર આવી હતી અને તેઓ ટીમને સરસાઈ નહોતા અપાવી શક્યા. કેરળે ફાઇનલમાં પહોંચવા (ગુજરાતને સરસાઈ મળે એ પહેલાં) માત્ર એક વિકેટ લેવાની હતી. અર્ઝાનની ૧૦મી વિકેટ પડતાં જ ગુજરાતનો દાવ ૪૫૫ રનના સ્કોર પર પૂરો થયો હતો અને કેરળે બે રનની સરસાઈ મેળવી હતી. કેરળના આદિત્ય સરવટેના બૉલમાં અર્ઝાન બિગ-શૉટ મારવા ગયો, પણ તેના શૉટમાં બૉલ નજીકમાં ઊભેલા ફીલ્ડરની હેલ્મેટ પર લાગ્યા બાદ હવામાં ઊછળ્યો હતો અને સચિન બૅબીએ કૅચ પકડી લીધો હતો. આઇસીસીના નિયમ મુજબ અમ્પાયરે અર્ઝાનને આઉટ જાહેર કર્યો હતો.

કેરળ વતી આદિત્ય સક્સેના અને જલજ સક્સેનાએ ચાર-ચાર વિકેટ લીધી હતી.

એ પહેલાં, ઓપનર પ્રિયાંક પંચાલે ૧૪૮ રન તથા આર્ય દેસાઈએ ૭૩ રન બનાવ્યા હતા. તેમની વચ્ચે ૧૩૧ રનની ભાગીદારી થઈ ત્યારે લાગતું હતું કે ગુજરાત સરસાઈ લેશે, પણ એનાથી ઊલટું બન્યું હતું.

બીજા દાવમાં કેરળનો સ્કોર ચાર વિકેટે ૧૧૪ રન હતો ત્યારે મૅચનો ડ્રૉના પરિણામ સાથે અંત આવ્યો હતો અને કેરળની ટીમનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. ■

# રણજીમાં ૨૦૨૪નું રનર-અપ વિદર્ભ ફરી ફાઇનલમાંઃ મુંબઈ વંચિત રહી ગયું

## શાર્દુલના લડાયક ૬૬ રન એળે ગયા, હર્ષ દુબેની પાંચ વિકેટ લેખે લાગીઃ ફાઇનલમાં વિદર્ભ વિરુદ્ધ કેરળ





વિદર્ભના ખેલાડીઓએ ગઈ કાલે નાગપુરમાં મુંબઈ સામેના વિજયની ઉજવણી કરી હતી. વિદર્ભનો બૅટર યશ રાઠોડ મુંબઈ સામેની સેમિ ફાઇનલમાં મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો.

નાગપુરઃ ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ ગઈ કાલે રણજી ટ્રોફીની સેમિ ફાઇનલમાં ૪૦૬ રનના લક્ષ્યાંક સામે ૩૨૫ રને ઑલઆઉટ થઈ જતાં વિદર્ભએ ૮૦ રનથી વિજય મેળવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ૨૦૨૪ના રનર-અપ વિદર્ભને એ ચૅમ્પિયનશિપમાં મુંબઈએ ફાઇનલમાં હરાવ્યું હતું અને હવે વિદર્ભએ એને સેમિમાં હરાવીને સાટું વાળ્યું હતું.

મુંબઈના શાર્દુલ ઠાકુર (૬૬ રન)ની લડત એળે ગઈ હતી. વિદર્ભનો બાવીસ વર્ષીય સ્પિનર હર્ષ દુબે (૧૨૭ રનમાં પાંચ વિકેટ) પાંચમા અને છેલ્લા દિવસનો હીરો હતો.

હર્ષ દુબેએ આ સીઝનમાં કુલ ૬૬ વિકેટ છે.

વિદર્ભની ટીમે ચોથી વાર રણજી ફાઇનલમાં એન્ટ્રી કરી છે. આ પ્રાન્તની ટીમ ૨૦૧૭-'૧૮ તથા ૨૦૧૮-'૧૯માં ટાઇટલ જીતી હતી.

વિદર્ભના પ્રથમ દાવના ૩૮૩ રનના જવાબમાં મુંબઈએ ૨૭૦ રન બનાવ્યા હતા. બીજા દાવમાં વિદર્ભના ૨૯૨ રન હતા.

વિદર્ભના બૅટર યશ રાઠોડને ૫૪ તથા ૧૫૧ રન બનાવવા બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ફાઇનલમાં કેરળ અને વિદર્ભ વચ્ચે ટક્કર થશે.

કેરળે ગઈ કાલે અમદાવાદમાં ગુજરાતને પ્રથમ દાવની બે રનની સરસાઈના ફરકથી પરાજિત કરીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ■

# ચહલ અને ધનશ્રીને કાઉન્સેલરે ૪૫ મિનિટ સુધી ખૂબ સમજાવ્યા છતાં માન્યા જ નહીં

## સેલિબ્રિટી કપલે છેવટે છૂટાછેડા લઈ જ લીધા



મુંબઈઃ ભારતના ટોચના સ્પિનર્સમાં ગણાતા યુઝવેન્દ્ર ચહલ અને તેની મૉડેલ-પત્ની ધનશ્રી વર્માએ ગુરુવારે બાંદ્રાની ફેમિલી કોર્ટમાં સત્તાવાર રીતે છૂટાછેડા લીધા એ પહેલાં જજે બંનેને કાઉન્સેલિંગ માટે મોકલ્યા હતા જ્યાં કાઉન્સેલરે પોણો કલાક સુધી બંનેને તેમનું લગ્નજીવન ટકાવી રાખવા માટે ખૂબ સમજાવ્યા હતા છતાં તેઓ નહોતા માન્યા અને છેવટે સાંજે ૪.૩૦ વાગ્યે તેમને સત્તાવાર રીતે ડિવૉર્સ આપવામાં આવ્યા હતા.

ઘણા મહિનાઓથી ચહલ અને ધનશ્રી વચ્ચેના સંબંધો બગડ્યા હોવાની વાતો ચાલી રહી હતી અને ત્યાર બાદ તેમના સંભવિત છૂટાછેડા વિશેના અહેવાલો વાઇરલ થતા રહ્યા હતા. હવે તેઓ સત્તાવાર રીતે પતિ-પત્ની નથી.

હાર્દિક પંડ્યા, શિખર ધવન અને સાઉથ આફ્રિકાના જેપી ડુમિની પછી હવે યુઝવેન્દ્ર ચહલે પણ ડિવૉર્સ લીધા છે.

### બન્ને જણ અફર નિર્ણય સાથે કોર્ટમાં આવેલા

પોણો કલાક સુધી ચાલેલા કાઉન્સેલિંગમાં ચહલ અને ધનશ્રીને કાઉન્સેલરે પોતપોતાની વિગતો રજૂ કરવાની પૂરી તક આપી હતી અને તેમને દંપતી બની રહેવા વિશે ખૂબ સમજાવ્યા હતા, પરંતુ તેમણે છૂટાછેડા લેવા વિશેનો પોતાનો અફર નિર્ણય જણાવી દીધો હતો. છેવટે કાઉન્સેલરે જજને વાકેફ કરતા કહ્યું હતું કે ચહલ અને ધનશ્રી એકબીજાની સંમતિથી અલગ થઈ જવા માગે છે અને એ તેમનો અંતિમ નિર્ણય છે.

ચહલ અને ધનશ્રી છેલ્લા ૧૮ મહિનાથી એકબીજાથી અલગ રહેતા હતા.

### કાઉન્સેલરને બન્નેએ કારણ જણાવ્યું

કાઉન્સેલરને બંને પાસેથી એવું જાણવા મળ્યું હતું કે તેઓ તાલમેલ રાખીને સાથે રહી શકે એમ નથી એટલે એકબીજાની સહમતિથી અલગ થઈ જવા માગે છે.

ડિવૉર્સ માટે અદાલતમાં આવતાં પહેલાંની અંતિમ સુનાવણી અગાઉ ચહલ અને ધનશ્રી બંનેએ ઇન્સ્ટાગ્રામ પર પોતપોતાની રીતે એક-એક પોસ્ટ શૅર કરી હતી.

### ભગવાન હંમેશાં મારી પડખે હોય છેઃ ચહલ

યુઝવેન્દ્ર ચહલે તેની પોસ્ટમાં જણાવ્યું હતું કે 'ઈશ્વરે મારી ધારણા કરતાં ક્યાંય વધુ વખત મારી રક્ષા કરી છે. ઘણીવાર તો હું જાણતો પણ ન હોઉં, પણ ભગવાને મને બચાવી લીધો હોય છે. તેઓ હંમેશાં મારી પડખે રહેતા હોય છે. તેમનો ખૂબ ખૂબ આભાર.'

### ભગવાનમાં આસ્થા રાખોઃ ધનશ્રી

ધનશ્રી વર્માએ પોતાની પોસ્ટમાં 'ફ્રોમ સ્ટ્રેસ્ડ ટુ બ્લેસ્ડ' એવા શબ્દો સાથે શરૂ કરીને સ્ટોરી લખી હતી. ભગવાન આપણી ચિંતાઓ અને પરેશાનીઓને આશીર્વાદમાં પરિવર્તિત કરી દેતા હોય છે એવા અર્થ સાથે તેણે લખ્યું હતું કે 'તમે જો પરેશાન હોવ તો ચિંતા કરવાને બદલે ઈશ્વર પર ભરોસો રાખો. આસ્થામાં ખૂબ શક્તિ હોય છે અને જે કંઈ થતું હોય એ આપણી ભલાઈ માટે જ થતું હોય છે એવું માનીને જ ચાલવું જોઈએ.'

### લૉકડાઉન દરમ્યાન એકમેકને મળ્યા હતા

ચહલ અને ધનશ્રી ૨૦૨૦માં કૉવિડની મહામારી વખતે લાગુ પાડવામાં આવેલા લૉકડાઉન દરમ્યાન એકમેકના દોસ્ત બન્યા હતા. સોશિયલ મીડિયા પર ધનશ્રીના ડાન્સ વિડીયો જોઈને ચહલે તેની પાસે ડાન્સ શીખવા તેનો સંપર્ક કર્યો હતો. ત્યારે બંને વચ્ચે દોસ્તી થઈ હતી અને એ ફ્રેન્ડશીપ ખૂબ જલદી પ્રેમમાં ફેરવાઈ ગઈ હતી. ડિસેમ્બર ૨૦૨૦માં તેમણે લગ્ન કરી લીધા હતા.

### દોઢ-બે વર્ષ બધું નોર્મલ હતું, પણ પછી...

ચહલ અને ધનશ્રીએ શરૂઆતના દોઢ-બે વર્ષ લગ્નજીવન ખૂબ સારી રીતે માણ્યું હતું. તેમણે બાંદ્રાની અદાલતમાં કાઉન્સેલરને જણાવ્યું હતું કે લગ્ન બાદ શરૂઆતમાં તો બધું નોર્મલ હતું, પણ પછી તેમની વચ્ચે માનસિક રીતે અંતર વધતું ગયું હતું અને દલીલો પણ થતી હતી. ત્યાર બાદ તેમણે નક્કી કર્યું કે તેમની વચ્ચે તાલમેલ નથી અને એ મુદ્દે તેમણે અલગ પડી જવાનો નિર્ણય લીધો હતો.

### અફેરની અફવા છતાં શ્રેયસ સાથે ચહલની સારી દોસ્તી

છેલ્લાં એક-દોઢ વર્ષમાં ચહલ અને ધનશ્રી એકમેકથી અલગ રહેતા હતા એ દરમ્યાન એક તબક્કે ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયર અને ધનશ્રી વચ્ચે રિલેશનશિપ હોવાની અફવા પણ ઊડી હતી. શ્રેયસનો ધનશ્રી સાથેના ડાન્સનો એક વીડિયો ખૂબ વાઇરલ થયો હતો. જોકે આ વાતને અફવા ગણાવવામાં આવી હતી અને એક અહેવાલમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ અફવા વચ્ચે શ્રેયસ સાથે ચહલની દોસ્તી અતૂટ છે. ■

# સાઉથ આફ્રિકા બે મૅચ-વિનર વગર રમ્યું છતાં જીતી ગયું

## એક સેન્ચુરી અને ત્રણ હાફ સેન્ચુરી સાથે ૩૧૫/૬ઃ સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનની 'બોલતી બંધ કરી'

કરાચીઃ સાઉથ આફ્રિકાએ ગઈ કાલે અહીં ચૅમ્પિયન્સ ટ્રોફીની ત્રીજી મૅચમાં અફઘાનિસ્તાન સામે બૅટિંગ લીધા બાદ સારી શરૂઆત કરી હતી અને તેમની ઇનિંગ્સનો અંત પણ સારો રહ્યો હતો જેમાં સાઉથ આફ્રિકાએ એક બૅટરની સેન્ચુરી અને ત્રણ બૅટરની હાફ સેન્ચુરીની મદદથી છ વિકેટે ૩૧૫ રન બનાવીને અફઘાનિસ્તાનને ૩૧૬ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો.

અફઘાનિસ્તાનના કૅપ્ટન રહમતુલ્લા શાહિદીએ ગુરુવારે સાંજે ટેમ્બા બવુમાની ટીમને 'ચેતવણી' આપતા કહ્યું હતું કે 'અમે તાજેતરમાં જ તમને શારજાહની સિરીઝમાં ૨-૧થી હરાવ્યા હતા એ તમને યાદ હશે જ.' જોકે સાઉથ આફ્રિકાએ ૩૦૦-પ્લસનો મુશ્કેલ લક્ષ્યાંક આપીને હમણાં તો અફઘાનિસ્તાન ટીમને ચૂપ કરી દીધી હતી.

૨૮ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનર રાયન રિકલ્ટન (૧૦૩ રન, ૧૦૬ બૉલ, ૧૫૪ મિનિટ, એક સિક્સર, સાત ફોર) ૩૬મી ઓવરમાં રનઆઉટ થયો એ પહેલાં અફઘાનના બોલર્સને સૌથી વધુ ભારે પડ્યો હતો. રિકલ્ટન અને કૅપ્ટન બવુમા (૫૮ રન, ૭૬ બૉલ, ૯૮ મિનિટ, પાંચ ફોર) વચ્ચે ૧૪૨ બૉલમાં ૧૨૯ રનની તથા રિકલ્ટન અને રૅસી વૅન ડર ડુસેન (બાવન રન, ૪૬ બૉલ, પંચાવન મિનિટ, બે સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૪૦ બૉલમાં ૪૪ રનની ભાગીદારી થઈ હતી.

એઇડન માર્કરમ (બાવન અણનમ, ૩૬ બૉલ, ૬૦ મિનિટ, એક સિક્સર, છ ફોર)નું પણ ૩૦૦-પ્લસનો ટોટલમાં મહત્ત્વનું યોગદાન હતું.

અફઘાનના છ બોલરમાં મોહમ્મદ નબી બે વિકેટ સાથે સૌથી સફળ સાબિત થયો હતો. ■



કરાચીઃ સાઉથ આફ્રિકાએ અહીં ગઈ કાલે અફઘાનિસ્તાનને ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રૂપ 'બી'ની મૅચમાં ૧૦૭ રનથી હરાવી દીધું હતું. સાઉથ આફ્રિકા ઈજાગ્રસ્ત હિન્રિક ક્લાસેન અને ટ્રિસ્ટન સ્ટબ્સ વિના રમ્યું છતાં આસાનીથી જીતી ગયું. રાયન રિકલ્ટન (૧૦૩ રન) આ મૅચનો સુપરહીરો હતો. જોકે બોલિંગમાં પણ અફઘાનની ટીમને સાઉથ આફ્રિકનો ભારે પડ્યા હતા. કૅગિસો રબાડાએ ત્રણ વિકેટ તેમ જ લુન્ગી ઍન્ગિડી તથા વિઆન મુલ્ડરે બે-બે વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનની ટીમ ૩૧૬ રનના લક્ષ્યાંક સામે ૪૩.૩ ઓવરમાં ૨૦૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. રહમત શાહે ૯૨ બૉલમાં બનાવેલા ૯૦ રન પાણીમાં ગયા હતા. તેને રબાડાએ વિકેટકીપર રિકલ્ટનના હાથમાં કૅચઆઉટ કરાવીને ૧૦ રન માટે સદીથી વંચિત રાખ્યો હતો.

રિકલ્ટન તેમ જ કૅપ્ટન બવુમા (૫૮ રન), રૅસી વૅન ડર ડુસેન (બાવન રન) અને માર્કરમ (બાવન અણનમ)એ ક્લાસેનની ખોટ નહોતી વર્તાવા દીધી અને સાઉથ આફ્રિકાને ૩૧૫/૬નો સ્કોર અપાવ્યો હતો.

ક્લાસેનને કોણીમાં ઈજા થઈ હતી અને તેને કોણીમાં ખાસ કંઈ દુખાવો નહોતો, પરંતુ ટીમ મૅનેજમેન્ટે પૂર્વ સાવચેતી તરીકે તેને પ્લેઇંગ-ઇલેવનમાં નહોતો સમાવ્યો. સાઉથ આફ્રિકાની આગામી મૅચ પચીસમી ફેબ્રુઆરીએ ઑસ્ટ્રેલિયા સામે છે એટલે એમાં સાઉથ આફ્રિકાની ટીમ ક્લાસેન પર મોટો આધાર રાખશે.

ગયા વર્ષે આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી જબરદસ્ત ફટકાબાજી કરી ચૂકેલા ક્લાસેનના છેલ્લી ચાર વન-ડેના સ્કોર્સ (તમામ પાકિસ્તાન સામે) જોતાં આ મૅચ ફિક્કી તો પડી જ ગઈ કહેવાયઃ ૯૭ બૉલમાં ૮૬ રન, ૭૪ બૉલમાં ૯૭ રન, ૪૩ બૉલમાં ૮૧ રન અને ૫૬ બૉલમાં ૮૭ રન.

એકંદરે ૫૪ વન-ડેમાં ૪૪.૧૨ની બૅટિંગ-સરેરાશ ધરાવતા ક્લાસેને ૨,૦૭૪ રન બનાવ્યા છેઅને ૧૧૭.૪૪ તેનો સ્ટ્રાઇક-રેટ છેજે વન-ડે માટે બહુ સારો કહેવાય.

૨૦૨૦ની શરૂઆતથી અત્યાર સુધીમાં ૯૭ ખેલાડીઓએ સ્પિન બોલિંગ સામે ૫૦૦-પ્લસ બૉલનો સામનો કર્યો છેઅને એ બધામાં ક્લાસેનનો ૧૧૭.૪૪નો સ્ટ્રાઇક-રેટ હાઇએસ્ટ છે. ■

# દુબઈમાં શિખર ધવન ફરી એકવાર 'મિસ્ટ્રી ગર્લ' સાથે જોવા મળ્યો!



દુબઈઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર શિખર ધવનને આઈસીસીએ ચેમ્પિયન્સ ટ્રોફીના બ્રેન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યો છે અને એ કરાર હેઠળ શિખર ગુરુવારે દુબઈના સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મૅચ વખતે જોવા મળ્યો ત્યારે તેની સાથે જે છોકરી હતી એ છોકરી અગાઉ પણ તેની સાથે એકવાર જોવા મળી હતી. તેમનો ગુરુવારનો ફોટો વાઈરલ થયો છે.

શિખરે થોડા મહિના પહેલાં પત્ની આયેશા મુખરજી સાથે છૂટાછેડા લીધા હતા.

શિખરની બાજુમાં ગુરુવારે દુબઈમાં જોવા મળેલી છોકરીને સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રેમીઓ 'મિસ્ટ્રી ગર્લ' તરીકે ઓળખાવે છે.

ચાહકોમાં 'ગબ્બર' તરીકે જાણીતા શિખર ધવને તેમ જ આ છોકરીએ એકમેક વચ્ચેની સંભવિત રિલેશનશિપ વિશે સીધી કે આડકતરી રીતે મીડિયામાં કંઈ જ જણાવ્યું નથી.

ગુરુવારે એક તરફ આ છોકરી કૅમેરાથી દૂર રહેવાનું પસંદ કરતી હતી ત્યારે બીજી બાજુ શિખર ધવન ફોટોગ્રાફરોને બિનધાસ્ત પોઝ આપતો હતો.

શિખર ધવન ગયા વર્ષે નવેમ્બરમાં એક એરપોર્ટ પર આ જ છોકરી સાથે જોવા મળ્યો હતો. ■

# ગોવામાંથી ગુજરાતના ત્રણ જણ મૅચ પર બેટિંગ લેતા પકડાયા

પણજીઃ ગુરુવારે દુબઈમાં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની બાંગ્લાદેશ સામે જે પ્રથમ મૅચ રમાઈ એ દરમ્યાન બેટિંગ લેતા ગુજરાતના ત્રણ જણની ગોવાના એક ગામના બંગલામાંથી ધરપકડ કરવામાં આવી હોવાનું એક અધિકારીએ આજે જણાવ્યું હતું.

ભારતે આ મૅચ ૨૧ બૉલ બાકી રાખીને છ વિકેટે જીતી લીધી હતી.

પોલીસે ભરોસાપાત્ર બાતમીને આધારે પણજી નજીકના પિલર્ની ગામ ખાતેના ભાડાંના બંગલા પર દરોડો પાડ્યો ત્યારે કૌભાંડ બહાર આવ્યું હતું.

પોલીસને કાર્યવાહી દરમ્યાન ગુજરાતના ત્રણ માણસ બેટિંગ લઈ રહેલા મળી આવ્યા હતા. આ ત્રણ માણસોમાં ૨૮ વર્ષના મકસુદ મોદન, પચીસ વર્ષના આસિફભાઈ જિયાઉદ્દીનભાઈ અને ૨૦ વર્ષના રિઝવાન ભાશનો સમાવેશ હતો.

તેમની વિરુદ્ધ ગોવા, દમણ અને દીવ પબ્લિક ગૅમ્બલિંગ ઍક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ સટ્ટા દરમ્યાન જે ચીજો ઉપયોગમાં લેવાઈ હતી એ જપ્ત કરાઈ હતી. એ ચીજોમાં ચાર મોબાઇલ ફોન, એક લૅપટૉપ, એક રાઉટરનો સમાવેશ હતો અને આ ચીજોનું મૂલ્ય ૧.૧૦ લાખ રૂપિયા હતું. ■




## ગાંગુલી અકસ્માતમાંથી બચીને ઈવેન્ટમાં આવ્યો

ગઈ કાલે કોલકાતાની એક પ્રમોશનલ ઈવેન્ટમાં ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન સૌરવ ગાંગુલી. તે આ ઈવેન્ટ માટે કારમાં જઈ રહ્યો હતો ત્યારે હૂગલીમાં તેની કારને અકસ્માત નડ્યો હતો. જોકે તેને કંઈ જ ઈજા નહોતી થઈ. ગાંગુલીની કાર સાથે બીજી પણ કાર હતી અને એમાંના કોઈને પણ ઈજા નહોતી થઈ. પછીથી ગાંગુલીએ ઈવેન્ટમાં હાજરી આપી હતી. (પીટીઆઇ)

## ભારતને હરાવવા મૂકી દોટ, રવિવારે ખેલ બરાબરીનો



પાકિસ્તાનના ક્રિકેટરોએ ગઈ કાલે દુબઈમાં રવિવારના ચૅમ્પિયન્સ ટ્રોફીના મહામુકાબલા માટે પ્રૅક્ટિસ શરૂ કરી હતી. ભારત સાથે તેમનો રવિવારનો મુકાબલો બપારે ૨.૩૦ વાગ્યે શરૂ થશે. રિઝવાનના સુકાનમાં પાકિસ્તાનની ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેના પરાજય બાદ દુબઈ આવી છે. (પીટીઆઇ)

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# દમદાર દુબઈમાં જંગ જોરદાર

### ભારત અને પાકિસ્તાન વચ્ચે આવતી કાલે બપોરે થશે ચૅમ્પિયન્સ ટ્રૉફીનો 'બ્લૉકબસ્ટર શો': આ હાઈ-વૉલ્ટેજ મુકાબલામાં બન્ને દેશના અગિયાર-અગિયાર ખેલાડીઓ વચ્ચે ખેલાશે ખેલ ખરાખરીનો!



૧૯ દિવસની ચૅમ્પિયન્સ ટ્રોફીનો ક્રિકેટોત્સવ ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થઈ ચૂક્યો છે, પણ આ ઉત્સવનો સૌથી મહત્ત્વનો દિવસ આવતી કાલે છે એ વાત સાથે એકેએક ક્રિકેટપ્રેમી સહમત થશે. દુબઈમાં રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ બપોરે ૨.૦૦ વાગ્યે ભારત-પાકિસ્તાન મૅચ માટે ટૉસ ઉછાળાશે એટલે કે આ સપરમા ક્રિકેટ-અવસરના આરંભનો શંખ ફૂંકાયેલો કહેવાશે. ત્યાર પછી તરત જ ટૂંકી વિધિના રૂપમાં બન્ને દેશના ૧૧-૧૧ ખેલાડીઓના નામની જાહેરાત કરાશે, કૅપ્ટનોના ઇન્ટરવ્યૂ થશે, કૉમેન્ટેટર્સ આ હાઈ-વૉલ્ટેજ મુકાબલા પહેલાંના અવલોકન અને વિચારો રજૂ કરશે, ઘરમાં, સોસાયટીમાં, હોટેલમાં કે કામકાજના સ્થળે ટીવી સામે ગોઠવાઈ ગયેલા લોકો એકમેક સમક્ષ પોતાનાં મંતવ્યો આપશે, મુખ્ય કાર્યક્રમ (એટલે કે મૅચ)ના આરંભ પહેલાં પિચ પર પણ ઘણી ચર્ચા થશે, બન્ને ટીમના ખેલાડીઓ દુબઈના મેદાન પર હળવી પ્રૅક્ટિસ કરતા જોવા મળશે, થોડી જાહેરખબરો પણ પ્રસારિત કરાશે, બન્ને અમ્પાયર તેમ જ બૅટિંગ ટીમના બે ઓપનર તેમ જ ફીલ્ડિંગ ટીમના ખેલાડીઓ મેદાન પર ઊતરશે અને પછી ૨.૩૦ વાગ્યાના ટકોરે પહેલો બૉલ ફેંકવામાં આવશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની કોઈ પણ મૅચમાં રસાકસી થાય કે ન થાય એ પછીની વાત છે, પરંતુ તેમની મૅચ પહેલાંનો માહોલ અભૂતપૂર્વ હોય જ છે. ક્રિકેટજગતમાં આ બે કટ્ટર હરીફ સિવાય બીજી કોઈ બે ટીમ એવી નથી કે જેમની વચ્ચેની મૅચમાં કરોડોની સંખ્યામાં લોકો રસ લેતા હોય, અબજો રૂપિયાના બિઝનેસ થતા હોય અને કંઈ કેટલીયે અટકળો થતી હોય. ભારત-પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો કોઈ પણ ટૂર્નામેન્ટની ફાઇનલ કરતાં પણ વધુ ચર્ચાસ્પદ હોય છે એમાં કોઈ શંકા નથી.

છેલ્લાં દોઢ વર્ષની વાત કરીએ તો ૨૦૨૩માં ૧૪મી ઑક્ટોબરે અમદાવાદમાં વન-ડેના વર્લ્ડ કપમાં રમાયેલી મૅચનો દિવસ શનિવાર હતો જેમાં ભારતે ૧૧૭ બૉલ બાકી રાખીને સાત વિકેટે વિજય મેળવ્યો હતો. એમાં રોહિત શર્મા (૮૬ રન) અને શ્રેયસ ઐયરે (અણનમ ૫૩) ૧૯૨ રનના લક્ષ્યાંકને મામૂલી બનાવી નાખ્યો હતો. ત્યાર બાદ ૨૦૨૪માં નવમી જૂને ન્યૂ યૉર્કમાં બન્ને કટ્ટર દેશ વચ્ચે રમાયેલી મૅચનો દિવસ રવિવાર હતો જેમાં ભારતે જસપ્રીત બુમરાહના ત્રણ વિકેટના તરખાટ સાથે પાકિસ્તાનને ૧૨૦ રનનો મામૂલી ટાર્ગેટ નહોતો મેળવવા દીધો અને છ રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો.

હવે આવતી કાલે ફરી એક વાર રવિવાર છે, ભારત-પાકિસ્તાન વચ્ચે કાંટે કી ટક્કર થવાની છે એટલે જોઈએ હવે 'સુપર સન્ડે' છેવટે કોણ ઉજવશે.

ભારત તો ગુરુવારે બાંગ્લાદેશ સામેની પ્રથમ લીગ મૅચ જીતી ગયું હતું, પણ પાકિસ્તાને ૧૯મી ફેબ્રુઆરીના પ્રારંભિક દિવસે ન્યૂ ઝીલૅન્ડ સામે પરાજય જોયો હોવાથી હવે આવતી કાલે ભારત સામેની હાર આ મુખ્ય યજમાન દેશ અને ડિફેન્ડિંગ ચૅમ્પિયનને સ્પર્ધાની લગભગ બહાર કરી દેશે.

આવતી કાલે દુબઈનું સ્ટેડિયમ (અંદાજે ૨૫,૦૦૦ સીટની વ્યવસ્થાને પગલે) ખીચોખીચ ભરાયેલું જોવા મળશે. જોકે કરોડો લોકો પોતપોતાના ઘરમાં, પોતાના વિસ્તારના જાહેર સ્થળે કે કામકાજના સ્થળે ટીવી સામે ગોઠવાઈ જશે.

આજે અહીં ભારત-પાકિસ્તાન વચ્ચેના ભૂતકાળના મુકાબલાઓમાં બની ગયેલી એવી કેટલીક ઘટનાઓ પર નજર કરીશું જેની ચર્ચા દાયકાઓથી થઈ રહી છે. આશા રાખીએ કે આવતી કાલની મૅચમાં પણ એવી કોઈ ઘટના બને કે જેને ક્રિકેટલવર્સ દાયકાઓ સુધી યાદ રાખે અને ક્રિકેટના ગ્રંથોમાં એનો ઉલ્લેખ અચૂક થાય.

### વેન્કટેશ પ્રસાદમાં બદલે કી આગ

૧૯૯૬ના વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ટીમનું સુકાન ઓપનર આમિર સોહેલના હાથમાં હતું. બેન્ગલૂરુની ક્વૉર્ટર ફાઇનલમાં પાકિસ્તાનને ૨૮૯ રનનો લક્ષ્યાંક અપાવવા તે કટિબદ્ધ હતો. એક તબક્કે તેણે વેન્કટેશ પ્રસાદના બૉલમાં બાઉન્ડરી ફટકારીને તેને બતાવી આપ્યું હોવાનો ઇશારો કર્યો હતો. સામાન્ય રીતે ફાસ્ટ બોલરમાં જોવા મળતી આક્રમકતા જાવાગલ શ્રીનાથની જેમ વેન્કટેશ પ્રસાદમાં પણ ભાગ્યે જ જોવા મળતી હતી, પરંતુ આ મૅચ પાકિસ્તાન સામેની હતી એટલે વેન્કટેશે સોહેલ સામે વેર વાળવાનું તાબડતોબ નક્કી કરી લીધું હતું. સઈદ અનવર અને સોહેલ ૧૦ ઓવરમાં ૮૪ રન ખડકી દીધા હતા એટલે ભારત માટે થોડું ટેન્શન તો હતું જ. જોકે સોહેલે પેલી ફોર ફટકારી એ પછીના જ બૉલમાં વેન્કટેશે તેને ક્લીન બોલ્ડ કરીને બદલો લઈ લીધો હતો.



### મિયાંદાદનો 'કાંગારું કૂદકો'

કાંગારું નામનું પ્રાણી ઑસ્ટ્રેલિયાની શાન છે, પણ ૧૯૯૨ના વર્લ્ડ કપમાં સિડની ખાતે પાકિસ્તાનના પીઢ ખેલાડી જાવેદ મિયાંદાદે આડકતરી રીતે એની મજાક ઉડાવતી ઍક્શન કરી હતી. સ્ટમ્પ્સની પાછળથી વધુ પડતી અપીલ કરી રહેલા તેમ જ મિયાંદાદની એકાગ્રતા તોડવાનો પ્રયત્ન કરી રહેલા ભારતના વિકેટકીપર કિરણ મોરે સામે જઈને મિયાંદાદે પહેલાં તો તેને કંઈક કહ્યું હતું અને ત્યાર બાદ એક ચીકી રન દોડ્યા બાદ તેણે મોરે સામે ઊભા રહ્યા પછી તેની હાંસી ઉડાવવાના હેતુસર કાંગારુંની જેમ ઊંચો કૂદકો માર્યો હતો. કૉમેન્ટેટર્સ અને ક્રિકેટપ્રેમીઓએ આ ઘટનાને હળવાશથી લીધી હતી અને ખૂબ હસ્યા હતા, પરંતુ ભારતીય કૅપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનને મિયાંદાદનો આ અટકચાળો જરાય નહોતો ગમ્યો અને મિયાંદાદ સામે ખુન્નસથી જોવા લાગ્યો હતો.



### ગંભીર-આફ્રિદીની ટક્કર

૨૦૦૭ની સાલમાં ભારતીય ઓપનર (હવે હેડ-કોચ છે) ગૌતમ ગંભીરે પાકિસ્તાનના ઑલરાઉન્ડર શાહિદ આફ્રિદીના એક બૉલમાં જોરદાર ફટકો લગાવીને બૉલ બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દીધો હતો. બન્ને હરીફ ખેલાડી તામસી મગજના છે એટલે તેમની વચ્ચે શાબ્દિક પ્રહાર થાય એ સ્વાભાવિક છે. આ મૅચની ઘટનામાં ગંભીરે ફોર ફટકારી ત્યાર પછી તેની અને આફ્રિદી વચ્ચે બોલાચાલી થઈ હતી અને બન્ને જણ મારામારી સુધી આવી ગયા હતા. બન્નેમાંથી એક પણ ખેલાડી શાંત પડવા તૈયાર નહોતો અને ગંભીર એક રન દોડી રહ્યો હતો ત્યારે તે અને આફ્રિદી એકમેક સાથે ટકરાયા હતા. ત્યાર પછી પણ બન્ને વચ્ચે શાબ્દિક આપ-લે થઈ હતી અને એમાં અપશબ્દો પણ બોલાયા હતા. છેવટે અમ્પાયરે વચ્ચે પડીને તેમને શાંત પાડ્યા હતા. જોકે વાત ત્યારે જ નહોતી અટકી ગઈ. બન્ને દિગ્ગજો નિવૃત્તિ પછી હજી પણ 'સામસામે' આવી જાય છે. જોકે આ સામાસામી શારીરિક રીતે નહીં, પણ સોશિયલ મીડિયામાં હોય છે જેમાં તેઓ એકમેકને ઉતારી પાડવાની અને ખોટા સાબિત કરવાની એક પણ તક નથી છોડતા.





### ક્રિકેટપ્રેમીએ 'આલૂ' કહેતાં જ ઇન્ઝમામનો પિત્તો ગયો

ભારતીય રાજકારણમાં એક જ 'આલૂ' છે અને એ છે લાલુપ્રસાદ. થોડાં વર્ષો પહેલાં 'જબ તક રહેગા સમોસે મેં આલૂ તબ તક રહેગા બિહાર મેં લાલુ' આ સ્લોગન (સોશિયલ મીડિયા નહોતું છતાં) દેશભરમાં ખૂબ વાઇરલ થયું હતું. જોકે ક્રિકેટમાં 'આલૂ' શબ્દનો ઉલ્લેખ થાય ત્યારે પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકવાળી ઘટના અચૂક યાદ આવી જાય. ઇન્ઝી આમ તો શાંત સ્વભાવનો, પણ ૧૯૯૭ની મૅચ વખતે એ જાડિયો ક્રિકેટર ચર્ચાસ્પદ થઈ ગયો હતો. કૅનેડાના ટૉરન્ટો શહેરના સ્ટેડિયમમાં બેઠેલા એક ભારત-તરફી પ્રેક્ષકે ઇન્ઝીને વારંવાર 'આલૂ' કહીને બોલાવ્યો એટલે તેનો પિત્તો ગયો હતો. ઇન્ઝી બાઉન્ડરી લાઇન પાસે ફીલ્ડિંગમાં હતો અને તેને વારંવાર 'આલૂ' કહીને બોલાવાયો એટલે તેણે ડ્રેસિંગ-રૂમમાંથી બૅટ મગાવ્યું હતું અને એ લઈને પેલા પ્રેક્ષક પાસે સ્ટૅન્ડમાં પહોંચી ગયો હતો. સલામતી રક્ષકે તેને રોક્યો હતો અને પછીથી ઇન્ઝમામને મૅચ રેફરીએ ક્રિકેટપ્રેમી સાથે આ પ્રકારનું આક્રમક ગેરવર્તન કરવા બદલ જોરદાર ઠપકો આપ્યો હતો.

### શોએબ વિરુદ્ધ હરભજન

પાકિસ્તાનનો ફાસ્ટેસ્ટ બોલર શોએબ અખ્તર ક્યારેય કોઈ ઝઘડામાં પાછીપાની નથી કરતો, પણ ૨૦૧૦ની એશિયા કપની મૅચમાં તેની સામે છેલ્લું અટ્ટહાસ્ય ભારતીય ઑફ-સ્પિનર હરભજન સિંહનું જ હતું. વાત એવી છે કે પૂંછડિયા ભજ્જીને શોએબે ફેંકેલો બૉલ ડૉટ-બૉલ બન્યો હતો. ભારતીય ટીમ લક્ષ્યાંક ચેઝ કરી રહી હતી અને ભજ્જી એ બૉલમાં રન બનાવવામાં નિષ્ફળ જતાં ફુલાઈ ગયેલા શોએબે તેની સામે સ્લેજિંગનાં કેટલાંક શસ્ત્રો અજમાવ્યાં હતાં. જોકે હરભજન છોડે ખરો! ભારતને જિતાડવાનો હરભજનમાં વધુ જોશ આવ્યો હતો અને તેણે ફાસ્ટ બોલર મોહમ્મદ આમિરની નિર્ણાયક ઓવરમાં છગ્ગો ફટકારીને શોએબને અને અન્ય પાકિસ્તાનીઓને તાકાત બતાવી દીધી હતી. એ વિજય અપાવતાં જ હરભજને શોએબની સામે જઈને જોશ-ઝનૂન સાથે જીત સેલિબ્રેટ કરી હતી. તાજેતરમાં શોએબ અને હરભજને ટીવી પર ચૅમ્પિયન્સ ટ્રોફી માટેના એક પ્રમોશનલ વીડિયોમાં ૧૫ વર્ષ જૂની એ ક્ષણો ફરી તાજી કરી હતી. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com


# લા પાલ્મા-નાના ટાપુનું મોટું શહેર...

લા પાલ્મા જાઓ અને માત્ર એક્વેરિયમ જોઈને પાછાં ચાલ્યા જાઓ એવું તો થઈ જ ન શકે ને. અમે એક્વેરિયમમાં વિતાવેલો દિવસ થોડા જ કલાકોમાં અત્યંત રસપ્રદ શહેરમાં વિતાવેલા દિવસમાં પલટાઈ ગયો હતો. પહેલાં તો અમારે પેટપૂજા કરવી હતી. સ્પેનિશ રેસ્ટોરાંમાં મોટાભાગે અમે વેજિટેરિયન વાનગીઓમાં ખાસ ઠરતાં નહીં. એવામાં કુમારે નજીકમાં જ એક લોકપ્રિય વિગન રેસ્ટોરાં શોધી રાખેલું. ત્યાં પહોંચતાં પહેલાં એક ફૂડ માર્કેટ રસ્તામાં આવતી હતી. ત્યાં પહોંચવા માટે અમારે એક મોટો બ્રિજ ક્રોસ કરીને જવાનું હતું. થોડું આગળ જતાં જ સમજાઈ ગયું હતું કે ન તો માર્કેટ નજીક હતી, ન રેસ્ટોરાં. જોકે શહેરની ગલીઓ એટલી મજાની હતી કે રસ્તો ક્યાં કપાઈ ગયો ખબર પણ ન પડી. પહેલાં તો આવી માર્કેટ.

મર્કાડો ડેલ પુએર્ટો બહારથી જ ડાર્ક ગ્રીન રંગે રંગાયેલા રોટ-આયર્નની બનેલી આ નાનકડી સ્ક્વેર માર્કેટની ચોરસ ઇમારત કંઇક ખાસ લાગી હતી. પાછળથી ખબર પડી કે અહીંનાં આર્કિટેક્ટ પણ ગુસ્તાવ એફિલની કંપનીના જ છે. એફિલ ટાવર બનાવીને આરામથી જલસામાં તેમણે જે ડિઝાઇનો બનાવી, તેમાંની એક આ માર્કેટ પણ હતી. અહીં બધું જ એકદમ સિમેટ્રિકલ અને સુંદર લાગતું હતું. આમ તો બહાર ગરમી અને ચળકતા સૂરજમાં ક્રિસમસ ડેકોરેશન્સ થોડાં આઉટઓફ પ્લેસ લાગતાં હતાં પણ અંદર મોલ જેવા ડાર્ક માહોલમાં ક્રિસમસ ડેકોરેશન પણ જામતાં હતાં. સ્પેનની મર્કાડો અને ઇટાલીની ફોરમ જ આજના જમાનાના મોલ્સનાં પૂર્વજો રહ્યાં હોય તેવું લાગતું હતું.

અંદર માર્કેટમાં ખાણી-પીણી અને શાકભાજીની ખરીદી ઉપરાંત થોડી ક્રિયેટિવ અને ચમકતી ચીજોની દુકાનો પણ હતી. જોકે બરાબર લંચ આસપાસના સમયે ત્યાં અડધાથી વધુ દુકાનો તો બંધ મળી. અમને મજા આવે તેવા થોડા ફૂડ સ્ટોલ્સ ખુલ્લા હતા અને હજી પેલું વિગન રેસ્ટોરાં પણ બાકી હતું. એવામાં અમે ત્યાં એક ઇટાલિયન સ્ટોલથી ઠંડી વ્હાઇટ વાઇન, વેજિટેબલ કીશ, પિત્ઝા સ્લાઇસની મજા માણી. એટલું પૂરતું ન હોય તેમ ત્યાં એક સ્ટોલ પર શેરડીનો રસ મળતો હતો. તેનું મશીન પણ બરાબર ભારતમાં મળે છે તેવું જ હતું. પ્લાસ્ટિકના એક ગ્લાસ શેરડીના રસના મોંઘા કોકટેલ જેવો ભાવ આપીને અમે મર્કાડોના ઊંચા ટેબલ પર ગોઠવાયાં. એક વાત નક્કી હતી, આ શહેરને ખાવાનું પીરસતાં અને મુલાકાતીઓને જલસા કરાવતાં જરૂર આવડતું હતું.


મર્કાડોમાં મજા હતી, પણ અંધારું પણ હતું. બહાર નીકળતાં તડકાએ આંખો આંજી દીધી. હવે અમે રેસ્ટોરાં તરફ આગળ વધ્યાં. ત્યાં મજાથી રાઇસ, કરી, સ્મૂધી અને વિગન બ્રાઉની ખાઈને વધુ ઉત્સાહમાં આવી ગયાં. હવે જ્યાં પણ વિગન ફૂડ હોય ત્યાં ભારતને સંબંધિત કોઇ રેફરન્સ તો મળી જ જાય. તે રેસ્ટોરાં આમ તો એક ગરાજમાં ચાલતું હતું. ત્યાં સતત ડિલિવરી માટે ઓર્ડર ચાલુ હતા. ત્યાં બધું એન્વાયરમેન્ટ ફ્રેંડલી હતું. પ્લેટ્સ પણ એકસરખી ન હતી અને પાણી પણ ખાલી થયેલી બરણીઓમાં આપવામાં આવેલું. જોકે ભાવ બિલકુલ કોઈ કોર્પોરેટ રેસ્ટોરાં જેવા જ હતા. પર્યાવરણ બચાવવાનું પણ મોંઘું તો પડે જ.



આ દિવસે એક્વેરિયમમાં ઘણા જળચર જીવ જોઈ લીધેલા, પણ હજી તે દિવસે ધરાઇને દરિયો જોવા નહોતો મળ્યો. દરિયે જવાની ઇચ્છા દસ મિનિટમાં જ પૂરી થઈ ગઈ. પ્લાઝા પુએબ્લો પર દરિયે જવા માટે ઘણાં પગથિયા ચઢવા પડ્યાં. અંતે ત્યાં દરિયાકિનારે વાદળો સાથે સૂરજ તડકા-છાંયાની રમત રમી રહ્યો હતો. સાથે ત્યાં મોજાંઓ વચ્ચે લોકો સર્ફિંગ કરી રહ્યાં હતાં. સર્ફિંગ જોવા માટે ત્યાં ઘણાં કલાકો બેસી શકાય તેમ હતું. ખાસ તો દરેક મોજા સાથે ત્યાં પ્રયત્નમાં લાગેલાં લોકોની ધીરજને દાદ દેવી પડે તેવું હતું. થોડાં તો સાવ નવશીખિયાં હતાં. તેમને પાણીમાં ઘણી વાર ધબાય થવું પડે તેવું હતું. જેને પણ ફાવટ હતી તેને મોજા પર સરકતાં જોવાનું ઘણું થ્રિલિંગ લાગતું હતું.

બીચ પર એક તરફ મેટલનાં બે સ્ટેચ્યૂઝ લાગેલાં હતાં. બંને અહીંની ફિશિંગ કોમ્યુનિટી સંબંધિત હતાં. અહીંથી પ્રોમોનાડ પર જમણી તરફ લાંબી હાઇક પર નીકળી શકાય તેમ છે. અમે લોકો સાંજનો સનસેટ તો એપાર્ટમેન્ટની બાલ્કનીથી જોવાનું પહેલેથી જ બુક કરી ચૂક્યાં હતાં. હવે ત્યાં પહોંચવું હોય તો બીજો નવો પ્રોગ્રામ તો કરવાનું શક્ય ન હતું. સાથે અમે સવારથી ચાલતાં રહ્યાં હતાં. હવે વધુ લાંબી હાઇક તો નહોતી જ થવાની. ફરી ક્યારેક આ તરફ આવીને લા પાલ્મા સાઇડ રહીને એ તરફ હાઇક કરવા નીકળી પડીશું એ વિચારીને અમે કાર તરફ પાછું જવાનું વિચાર્યું, પછી જ ત્યાંથી આગળ વધી શકાયું.

પાર્કિંગ તરફ પહોંચતા પહેલાં શહેર તરફનું પ્રોમોનાડ આવ્યું. તેનો મોટો હિસ્સો દુકાનોથી ભરેલો હતો. એક પછી એક સુવિનિયર સ્ટોર્સ અને બીચ ફેસિંગ કાફેઝની લાઇન લાગી હતી. તે હારમાળામાં સૌથી ક્રિયેટિવ લાગતા સ્ટોર પરથી સ્થાનિક લાકડાની જ્વેલરી અને ડેકોરેટિવ ચીજો ખરીદી. સાથે અહીંની રેતી અને લાવાથી જડીને બનાવેલી બીજી પણ ઘણી ચીજો હતી. આયકાલ ચાઇનીઝ ન હોય તેવાં સુવિનિયર શોધવાનું પણ અઘરું પડી જાય છે. વચ્ચે એક દુકાન ગુજરાતીઓની પણ આવી જ ગઈ. ત્યાં બે બહેનો ગુજરાતીમાં જ ભારતના કોઈ હેલ્થ ઇન્શ્યોરન્સ માટે આધાર કાર્ડ જરૂરી હોવાની વાતો કરી રહી હતી તે દૂરથી સાંભળવા મળી ગયું. થોડું આગળ જતાં એક રેતીનાં શિલ્પોનું એક્ઝિબિશન લાગેલું હતું. ત્યાં ક્રિસમસ સંબંધિત લોકવાયકાઓના સીન રેતીનાં શિલ્પોથી કંડારેલાં હતાં. ત્યાં આ શિલ્પો બનાવવાની સ્પર્ધા જ હતી. કોઇએ શહેરનાં દૃશ્યો, કોઈએ દંતકથાઓ તો કોઈએ સેલિબ્રિટીઝને રેતીમાં કંડારેલાં હતાં. જોકે આ આર્ટને પણ એમ જ દરિયાકિનારે રેતી અને પાણીથી કિલ્લો બનાવી લીધો એવું નથી હોતું. તેના માટે પ્રોપર સ્પ્રે, કેમિકલ, કોતરણીનાં સાધનોની કિટ અને બીજી ઘણી સામગ્રી જોઈએ. અમે એક દિવસમાં લા પાલ્મા શહેરનો માત્ર એક ખૂણો જોયો હતો, પણ ત્યાં અનુભવોનું વૈવિધ્ય અલગ સ્તરનું હતું. ■











## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

### લાઈફ એન્ડ ડેથ ઑફ પાસોલિની


# જીવન વધુ બીભત્સ હતું કે મૃત્યુ?

### આજીવન વિવાદાસ્પદ રહેલો પાસોલિની એટલા જ વિવાદાસ્પદ મોતે મર્યો

થોડા સમય પહેલાં એક્ટર સૈફ અલીખાનના ઘરમાં ઘુસેલા એક બાંગ્લાદેશી સાથે અડધી રાત્રે મારામારી થઇ. એ ઝપાઝપી દરમિયાન ફિલ્મી પરદે ડઝનબંધ ગુંડાઓને એકલે હાથે ઠેકાણે પાડતા આપણા બાવડેબાજ હીરોને પેલા બાંગ્લાદેશીએ છરીના છ જેટલા ઘા મારી દીધા. આમ છતાં, સૈફે એનો હિંમતભેર સામનો પણ કર્યો. એ પછીના ઘટનાક્રમથી બધા વાકેફ જ છે. બોલિવૂડમાં આવી કશીક ઘટના બને એની ચર્ચા દિવસો સુધી ચાલે. એટલું જ નહિ, પછી અનેક વિવાદાસ્પદ વાતો બહાર આવવા માંડે. ખરેખર શું બનેલું એની ખબર તો ઘટના સમયે હાજર લોકોને જ હોય.

ગ્લેમર વર્લ્ડ માટે આ પ્રકારની ઘટના પહેલી કે છેલ્લી નથી. ઇટાલિયન ફિલ્મ નિર્માતા પિઅર પાઉલો પાસોલિનીનો દાખલો જાણીતો છે. દાયકાઓ પછી પણ પાસોલિનીની હત્યા એક કોયડો જ બની રહી છે. પિઅર પાઉલો પાસોલિની એક જાણીતો ઇટાલિયન કવિ લેખક -નિબંધકાર - નાટ્યકાર ને ફિલ્મકાર પણ હતો. એણે કેટલીક ફિલ્મો પણ બનાવી. એના રાજકીય વિચારો ભારે ચર્ચાસ્પદ રહ્યા. સામ્યવાદની, સામાજિક ક્રાંતિની વાતો એ કરતો. સામ્યવાદી પાર્ટીનો કાર્યકર્તા હતો અને એ જમાનામાં પણ પોતે ગે (સજાતીય) હોવાની વાત ખુલ્લેઆમ સ્વીકારતો. જો ધાર્યું હોત તો 'ક્રિએટિવ જીનીયસ' તરીકે આખી દુનિયામાં મોટું નામ કમાઈ શક્યો હોત, પણ પોતાની જાતીય અવળચંડાઈઓને પ્રતાપે એ શક્ય ન બન્યું. ઊલટાનું અત્યંત બીભત્સ મોતે મર્યો. પાસોલિની ૫૩ વર્ષ જીવ્યો. પાંત્રીસેક વર્ષે ફિલ્મો સાથે જોડાયો. ક્લાસિક ગણાતી અમુક કૃતિઓ પરથી એણે ફિલ્મો બનાવી, પણ પોતાની ફિલ્મોમાં જાતીયતાના નિરૂપણ બદલ ચર્ચાસ્પદ રહ્યો.

એની સૌથી ચર્ચાસ્પદ ફિલ્મ એટલે 'Salo, or 120 Days of Sodom.' એ ફાસીવાદનો વિરોધી હતો. એની રાજકીય માન્યતા જે હોય એ, પણ આ ફિલ્મમાં એણે નગ્ન દૃશ્યો સહિતની જે બીભત્સતાનું નિરૂપણ કર્યું, એ જોઈને ગમે તેવા મોડર્ન વિચારધારા ધરાવતા માણસને ય રીતસર ઉબકા આવી જાય!



એક દિવસ આ અવળચંડા પાસોલિનીનું ખૂન થઇ ગયું. રેકોર્ડ્સ મુજબ ૨ નવેમ્બર, ૧૯૭૫ના રોજ એને મારવામાં આવ્યો, પણ ડેડબોડીની હાલત એવી હતી કે રીઢા પોલીસવાળાય એ જોઈને હેબતાઈ ગયા હતા.! કોઈકે બહુ ક્રૂરતાપૂર્વક પાસોલિનીને પતાવી દીધો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ એના શરીરે બોથડ પદાર્થના ઘા મરાયા હતા, પણ હત્યારાઓને એટલાથી સંતોષ ન થયો એટલે ધાતુના પાઈપ વડે એના વૃષણો પર પ્રહાર કરાયો. એની જ કારમાંથી કાઢેલું ગેસોલીન છાંટીને મૃતદેહને સળગાવવાનો નિષ્ફળ પ્રયાસ પણ કરાયો હતો. આ બધું કરી લીધા બાદ આખરે હત્યારાએ પાસોલિના મૃત શરીર પરથી પાસોલિનીની જ કાર દોડાવી એના મૃતદેહને કચડી નાખ્યો ! જે બીભત્સ દૃશ્યો મનોરોગી પાસોલિનીએ પોતાની ફિલ્મમાં દેખાડ્યા હતા, કંઈક એવી જ બર્બરતાથી એના જીવનનો અંત આણી દેવામાં આવ્યો હતો !

જોકે, પાસોલિનીને માર્યો કોણે? જ્યારે હત્યા આવી બર્બરતાપૂર્વક કરવામાં આવે ત્યારે હત્યારો પ્રોફેશનલ કિલર હોવાની શક્યતા ઘટી જાય છે. આટલું ઝનૂન અંગત વેરઝેરને કારણે જ પેદા થાય. પોલીસે એ જ રાત્રે એક સત્તરેક વર્ષના એક લબરમૂછિયાને ઓવરસ્પીડીંગ બદલ પકડી લીધો. ગેસપ પેલોસી નામનો એ તરુણ જે કાર હંકારી રહ્યો હતો, એ પાસોલિનીની હતી. બસ, પોલીસને તાળો મળી ગયો. પેલોસીએ પોતાનો ગુનો પણ કબૂલ કરી લીધો. તરુણ વયના યુવાનો પ્રત્યેનું પાસોલિનીનું જાતીય આકર્ષણ પહેલેથી જ જાણીતું હતું એટલે લોકોએ પણ એક વત્તા એક બરાબર બેનો હિસાબ બેસાડી દીધો. નક્કી ગોબરા પાસોલિનીએ આ પેલોસી નામના છોકરા સાથે કંઈક ન કરવાનું કરવાની કોશિશ કરી હશે. એમાં પેલાએ પાસોલિનીને પતાવી દીધો.

જોકે મૃતદેહની હાલત જોતા અમુક લોકો એ માનવા તૈયાર નહોતા કે સત્તર વર્ષનો છોકરડો ત્રેપન વર્ષના ખડતલ, રીઢા અને માર્શલ આર્ટના જાણકાર પાસોલિનીને આટલી ક્રૂર રીતે મારી શકે.

૧૯૭૬માં પેલોસી અને 'અન્ય કેટલાક અજાણ્યા લોકો'ને ખૂન બદલ દોષી જાહેર કરવામાં આવ્યા. પણ કોર્ટે ફાઈનલ જજમેન્ટ આપતી વખતે નક્કર પુરાવાઓને અભાવે ચુકાદાના લખાણમાંથી 'અન્ય કેટલાક અજાણ્યા લોકો' શબ્દસમૂહ પડતો મૂક્યો. એકલા પેલોસીને નવ વર્ષની કેદની સજા થઇ.

ઠેઠ ૨૦૦૫માં વળી બે ઘટના બની. પાસોલિનીના એક સમયના સાથીદાર સર્જીઓ સીટ્ટીએ જાહેર કર્યું કે પાસોલિનીની હત્યા કેટલાક ખંડણીખોર લોકોએ કરી હોઈ શકે. પાસોલિનીની એક ફિલ્મની પ્રિન્ટ એ વખતે ચોરાઈ ગયેલી. ચોરોએ ફિલ્મના રીલ્સ પાછા આપવાના બદલામાં પાસોલિની પાસે તગડી રકમ માગેલી. પાસોલિની આ માટે મીટિંગ કરવા પણ તૈયાર થયેલો, પણ પછી શું થયું, એ ખબર નથી. શું પેલા ખંડણીખોરોએ પાસોલિનીની હત્યા કરી હશે? પોલીસે સર્જીઓની વાત પછી કબાટમાં ધૂળ ખાઈ રહેલી પાસોલિની મર્ડર કેસની ફાઈલ ફરી ખોલી. એકાદ નજરે જોનાર સાક્ષી પણ મળી આવ્યો, જેણે પાસોલિનીને ઘસડીને લઇ જતા કેટલાક અજાણ્યા માણસોને જોયા હતા, પણ આટલા દાયકાઓ બાદ આ મામલે કોઈ નક્કર પુરાવો મેળવવો મુશ્કેલ હતો. આખરે અદાલતે સુનાવણી પડતી મૂકી.

બીજી ઘટના તો વળી ઓર ગૂંચવાડો સર્જી ગઈ. થયું એવું કે પેલો પેલોસી, જે ભરયુવાન ઉંમરે પાસોલિનીની હત્યા બદલ નવ વર્ષનો કારાવાસ વેઠી ચૂકેલો, એણે ૨૦૦૫માં જાહેર કર્યું કે પાસોલિનીની હત્યા મેં કરી જ નહોતી. પણ કેટલાક લોકોએ મને અને મારા પરિવારને ધમકાવ્યા, જેથી મારે જાણી જોઈને મર્ડર કેસમાં સંડોવાઈને ગુનો માથે ઓઢવો પડ્યો! મને અને મારા પરિવારને ધમકાવનારા લોકો દક્ષિણી ઇટાલિયન બોલી બોલતા હતા. પેલોસી દ્વારા થયેલી આ જાહેરાત બાદ કેટલાક લોકો એવું માનવા લાગ્યા કે પાસોલિનીની હત્યા જમણેરી ઝોક ધરાવતી દક્ષિણી ઇટાલિયન માફિયા ગેંગ દ્વારા કરવામાં આવી છે.

હવે આ બધામાં સાચું શું, એ તો મરનાર પાસોલિની અને એના હત્યારા જ જાણે. એક વર્ગ પાસોલિનીના મર્ડરને સંપૂર્ણપણે પોલિટિકલ ઘટના જ માને છે. જ્યારે બીજો વર્ગ અનિયંત્રિત ગે રિલેશન્સનો કરુણ અંજામ માને છે. હાલમાં કેટલાક લોકો ડીએનએ ટેસ્ટને આધારે કેસ રિ-ઓપન કરાવવાની કોશિશ કરી રહ્યા છે.

એ બધું તો ચાલ્યા કરશે, પણ મૂળ વાત એ છે કે પાસોલિની જેવા માણસે જાતીય અવળચંડાઈઓ વગર માત્ર સિનેમાને વરેલું જીવન જીવ્યો હોત તો એનો વ્યક્તિગત ઇતિહાસ કંઈક જુદો અને ઘણો બહેતર હોત. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

### કર્ણાટકનું ચેન્નાકેશવ મંદિર

# અલંકૃતતાની ચરમ સીમા!


સન ૧૧૧૭માં તે વખતની હોયસાલા સામ્રાજ્યની રાજધાની બેલુરમાં બનાવાયેલ આ 'રૂપાળા કેશવ'નું મંદિર એટલું અલંકૃત અને વિસ્તૃત છે કે તેને બનાવતાં ૧૦૦ કરતાં વધુ વર્ષ લાગ્યાં હતાં. હોયસાલા શૈલીનું આ મહત્ત્વનું સીમાચિહ્ન સમાન મંદિર આશરે ૧૩૨ મી. પહોળા અને ૧૨૦ મી. લંબાઈવાળા વિસ્તારમાં બનાવાયું છે. તેની સાથે અહીં અનેક નાનાંમોટાં મંદિરો, વિવિધ મંડપ, ગોપુરમ ઇત્યાદિ તો ખરાં જ. દક્ષિણ ભારતનાં મંદિરોની પરંપરા પ્રમાણે અહીં અલાયદા મંડપોની રચના પણ રસપ્રદ છે.



ગોપુરમની પૂર્વ તરફ આશરે ૨૩૦૦ ચો.મી. વિસ્તારમાં ૧ મીટર ઊંચા મંચ પર બનાવાયેલ ચેન્નાકેશવનું મુખ્ય મંદિર વિષ્ણુને સમર્પિત છે. આ મંદિર આ સંકુલનું મુખ્ય સ્થાન છે. અહીંના ગર્ભગૃહમાં ભગવાન વિષ્ણુની મૂર્તિ આશરે એક મીટર ઊંચા મંચ પર સ્થાપિત કરાઈ છે. આ મંદિરમાં આજે પણ પૂજા-અર્ચન થાય છે. આ ઉપરાંત અહીં ચેન્નાગરાઈ, વેણુગોપાલ, વીર નારાયણ, લક્ષ્મીદેવી તથા અન્ય દેવતાઓનાં પણ મંદિર છે. આ સમગ્ર સંકુલ એક અનેરી શ્રદ્ધા જન્માવે છે. અહીંનું વાતાવરણ આધ્યાત્મિકતા જાગૃત કરવા અને તેને ચોક્કસ સ્તરે લઈ જવા સક્ષમ છે.

દક્ષિણ ભારતના મંદિર સ્થાપત્યમાં જે અલંકૃતતા જોવા મળે છે તેની સમૃદ્ધિ અહીં પ્રત્યેક સ્થાને જોવા મળે છે અને તે સૌ જાણે કળાનાં ઉચ્ચ શિખરો આંબે છે. આ મંદિરની ખાસિયતોમાં તેના નવરંગ મંડપમાં ગ્રેનાઇટમાંથી ઘડી કઢાયેલા અડતાળીસ સ્તંભ છે. આ પ્રત્યેક સ્તંભ એકબીજાથી કોઈક રીતે અલગ પડતા હોવા છતાં આવા અલગાવ સાથે તેમાં જે સામૂહિક સંવાદિતતા ઊભરે છે તે ઉલ્લેખનીય છે. આમાં પણ નરસિંહ સ્તંભ અને મોહિની સ્તંભ સાથે કેટલીક સ્થાનિક કથાઓ પણ જોડાયેલી છે. એમ કહેવાય છે કે મોહિની સ્તંભ એક સમયે ગોળ ફેરવી શકાતો હતો, છતાં તેની ભારવહન ક્ષમતા ઓછી નહોતી થતી. આ સાથે અહીંનાં કેટલાંક શિલ્પમાં તે શિલ્પ દ્વારા ધારણ કરાયેલ અલંકારોને પણ ખસેડી શકાય છે - ફેરવી શકાય છે. જોકે હવે પુરાતત્ત્વ ખાતાએ આ પ્રકારની 'રમત' પર પાબંદી લગાવી દીધી છે.





બેલુરના આ મંદિરની એક અન્ય ખાસિયત અહીંના સ્તંભના શીર્ષ પર કંડારાયેલ મદનિકાઓની છે. તે ઉપરાંત પણ અહીંનાં શિલ્પ વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ વિષ્ણુ સમર્પિત મંદિર સંકુલ હોવાથી સ્વાભાવિક છે કે અહીં વિષ્ણુના દસ-અવતારનું આલેખન શિલ્પમાં કરાયું હોય. આ ઉપરાંત વિષ્ણુના મોહિની સ્વરૂપનું પણ લાલિત્યભરેલ શિલ્પ જોવા મળે છે. આ મંદિરમાં વાસ્તુશાસ્ત્રના નિયમો પ્રમાણે અન્ય દેવતાઓ સાથે જે તે દિશાના અધિષ્ઠાતા, મંદિરના દ્વારપાલ, રામાયણના પ્રસંગો, અપ્સરા તથા નૃત્યાંગનાઓના શિલ્પ પણ શાસ્ત્રીય રીતે ગોઠવાયા છે. મંદિરના જગતિ પર પણ હારબંધ પરસ્પર સંકળાયેલાં નાનાં નાનાં શિલ્પ જોવા મળે છે. એક રીતે જોતાં અહીંનું પ્રત્યેક મંદિર એક વિશાળ શિલ્પ સમાન છે.

દક્ષિણ ભારતનાં મંદિરોની પરંપરા પ્રમાણે અહીં ગોપુરમ પ્રકારનું પ્રવેશદ્વાર પણ છે. મંદિર સંકુલમાં જ વરસાદનાં પાણીને સંગ્રહ થવા માટે કુંડ પણ બનાવ્યો છે. ગોપુરમની ડાબી તરફ સામાજિક, સાંસ્કૃતિક તેમ જ ધાર્મિક પ્રવૃત્તિઓ માટે કલ્યાણ મંડપનો સમૂહ પણ ઊભો કરાયો છે. મંદિરમાં એક ધાન રાખવાનું ભંડાર પણ છે. ચેન્નાકેશવ સંકુલ, એક રીતે જોતાં, બધી જ ધાર્મિક જરૂરિયાત એક સ્થાને પૂરી થઈ શકે તેવી સ્થાપત્યકીય ઘટના છે. અલંકૃતતાની દૃષ્ટિએ તો અહીં ઉચ્ચ શિખરો સિદ્ધ કરાયાં જ છે, પણ સાથે સાથે ઉપયોગિતાની દૃષ્ટિએ પણ અહીં દરેક બાબતનો ઝીણવટપૂર્વક ખ્યાલ રખાયો છે. આ એક સંપૂર્ણ રચના છે.

ઇતિહાસમાં એક સમયે આ મંદિર ઉપર ભૂમિજા શૈલીનો ઘુમ્મટ હતો. કોઈ કારણોસર એક ક્ષતિગ્રસ્ત થતાં તે ઉતારી લેવામાં આવ્યો. ૧૦૦૦ વર્ષ કરતાં પુરાણા આ મંદિર પર સમય તથા વિધર્મીઓની થાપટ તો લાગી જ હોય તે સ્વાભાવિક છે. છતાં પણ જે નિશ્ચયથી, જે અચલિતતાથી, જે ગૌરવથી આ મંદિર ઊભું રહ્યું છે તે હૃદયને સ્પર્શી જાય તેવી બાબત છે.

સામાન્ય રજૂઆત અને અલંકૃત રજૂઆતમાં જે ફેર હોય તે આ મંદિરમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. મંદિર તો પરંપરાગત શૈલીનું જ છે, પરંતુ તેની અલંકૃતતા એક જુદા જ સ્તરની છે. આ અલંકૃતતાથી હળવાશ, નરમાશ, લાલિત્ય, સુસંગતતા, એકરાગતા તથા પ્રેમ ઊભરાતો હોય તેમ જણાય છે. અલંકૃતતા અને આયોજનનો સમન્વય, બાંધકામ તથા ખુલ્લી જગ્યા વચ્ચેનો અર્થપૂર્ણ સંવાદ, ભારવાહક ગણાતા સ્તંભ જેવા અંગને ગ્રેનાઇટમાંથી બનાવાયા પછી પણ અપાયેલી મૃદુતા, માનવીય પ્રમાણમાપ અનુરૂપ સમગ્ર રચના, મંદિર બાંધકામની શાસ્ત્રીય પરંપરાઓ સાથે જરા પણ બાંધછોડ કર્યા વગર રચાયેલ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો એટલે બેલુરનું ચેન્નાકેશવ મંદિર. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# અમેરિકાનું સેલ... વિદેશીનીતિનો ખેલ



આપણે કલ્પનામાં પણ વિચારી ના શકીએ કે નેહરુથી લઈને અત્યાર સુધીના દેશના નેતાઓ આપણી દેશી વસ્તુઓ વેચવા માટે વિદેશી નેતાઓને સતત વિનંતી કરે રાખે કે પછી એમણે પર્સનલ પત્રો પણ લખવા પડ્યા હશે! ઘણાં વર્ષો પહેલાં યુ.કે.ના પ્રધાનમંત્રી માર્ગરિટ થેચર જબરદસ્તી કેટલાક હેલિકૉપ્ટરો ભારતને વેચવાનાં ફૂલ ટુ મૂડમાં હતાં. આપણાં દેશના નેતાઓએ ના પાડી છતાંયે ઇ થેચરબૂન શાકવાળીની જેમ વારંવાર આજીજી કરે જ રાખતાં કે- 'ઓ સાબ, ઓ બાબુ..લઈ લોને, એકદમ ટોપ માલ છે. ખરાબ નીકળે તો પૈસા પાછા.'

કોઇ પાવરફુલ દેશનાં નેતાઓ આવી રીતે હેલિકૉપ્ટર, લડાકૂ વિમાન કે હથિયારો વેંચવા આવાં ચાળા કરે એ વિચારીને હસવું તો આવે જ હોં.

એક સમયે લગભગ ૧૯૮૭-૮૮માં રાજીવ ગાંધી પાસે એ હેલિકૉપ્ટરો ન લેવાનાં કારણો હશે, પણ મને દયા આવી ગઇ કે જો મારાં ખિસ્સામાં પૈસા હોત તો હું એ હેલિકૉપ્ટર ખરીદી જ લેત.... શું છે કે દેશવાસીઓ, આપણે વિદેશનાં કચરાથી ગુજરાન ચલાવવા ટેવાયેલા છીએ ને આટલા મોટા દેશમા, પેલા હેલિકૉપ્ટરો કોઈક ને કોઈક કામ તો આવી જ જાતને? બીજું કંઈ નહીં તો, ઇલેક્શન ટાણે નેતાઓને દિલ્હીના આટાફેરાં કરવા કામ લાગત.

મજાની વાત એ છે કે મૂડીવાદી દેશોના પ્રધાનમંત્રીઓ અને રાષ્ટ્રપતિઓની મજબૂરી આ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ત્યાંની શસ્ત્ર બનાવતી કંપનીઓ માટે પોતે જ સેલ્સમેન બનીને બીજા દેશોમાં દિવસ-રાત ચક્કર લગાવે છે જેથી અમેરિકન શસ્ત્રોનું વેચાણ વધે.

હકીકતમાં કોઇ પણ મોંઘી વસ્તુ ખરીદવાની વાત આવે ત્યારે આપણે ભારતીયો મૂળે તો ધરતીપુત્ર અર્થાત કોઇ રાંક ખેડૂત જેવા છીએ. બિચારો ગરીબ ખેડૂત હંમેશાં ભપકાદાર બજારોથી માઈલો દૂર જ રહે છે. બીજું, જ્યારે એ બજારમાં આવે છે ત્યારે એને મનમાં થોડો ડર પણ હોય છે કે કોઈ એને છેતરી ના લે કે લૂંટી ના જાય. ત્રીજું, એ બિચારો ગ્રામિણ ગુણિયલ માણસ નવી ને આકર્ષક વસ્તુઓ તરફ જલ્દીથી આકર્ષાઇ જાય છે.... તો આવા આપણાં બેઝિક 'બિચારા ખેડૂત ટાઇપ'નાં સ્વભાવને જોતાં ભારત સરકાર હેલિકૉપ્ટરો ખરીદવાની ના પાડે એમાં નવાઈ શું?

આપણે એક દેશ તરીકે ઘણીવાર વસ્તુઓ અહીંથી, ત્યાંથી ઉધારી પર ખરીદતા હોઈએ છીએ તો ત્યારે ઈંગ્લેન્ડે એનો લશ્કરી સામાન વેંચવાનું માર્કેટિંગ રેડી રાખેલું. એક બાજુ એ ભારતમાં આતંકવાદને પ્રોત્સાહન આપે અને બીજી તરફ ભારતને હેલિકૉપ્ટર વેંચે, જેથી કરીને એમાં બેસીને આતંકવાદીઓને શોધી શકાય. વરસોથી અમેરિકા આપણને હથિયારો ને ફાઇટર પ્લેન પધરાવે રાખે છે ને આપણે પરાણે ખરીદવા પડે છે... બીજી બાજુ, એ લોકો પાકિસ્તાનને પણ મદદ કરે રાખે છે. આપણે અમેરિકાનાં સેલમાં, મનેકમને શોપિંગ કરવું પડે છે... વિદેશનીતિને નામે !

બ્રિટિશ શાસન દરમિયાન, વર્ષો સુધી એ ગોરાઓ આપણને એમની મરજી મુજબ માલ વેચતા રહ્યા અને આપણે એને ચૂપચાપ ખરીદતા હતા. આજે કેવો સમય આવી ગયો છે કે એમના પ્રધાનમંત્રી આપણને સમજાવી રહ્યા છે અને આપણે એમની પાસેથી હેલિકૉપ્ટર નથી લઈ રહ્યા : 'માફ કરશો માસા / માસી, અમને આ હેલિકૉપ્ટર નથી જોઈતું.' બ્રિટિશ પ્રધાનમંત્રી કે અમેરિકન પ્રેસિડન્ટ, આપણને હથિયારો, લડાકૂ પ્લેન કે હેલિકૉપ્ટરો વેચવાનાં સોલિડ ધમ્મપછાડાં કરે રાખે છે. આ ખેલ વરસોથી ચાલે છે

જોકે, સામે પક્ષે જ્યારે ભારતમાં ઘઉંનો પાક ઉતર્યો ત્યારે ભારતના નેતા આરબ દેશોમાં આંટો મારી આવ્યા અને સાથે સાથે ઘઉંનો ભાવતાલ પણ કરી આવ્યા. ચાનો પાક ઉતર્યો તો યુરોપિયન દેશોને ચા ખરીદવા વિનંતી કરતાં પત્ર લખવાના શરૂ કર્યા. એમાં લખ્યું- 'તમારો દેશ અમારી ચાનાં બે ઘૂંટ પીધા એઇને ધરાઇ જશે.' અથવા જ્યારે નેતાઓએ આપણી મિલોમાં કપડાંનો સ્ટોક વધતા જોયો ત્યારે એ નેતાઓ અમેરિકા, ઇંગ્લેંડ કે જર્મની તરત જ તાકાઓ વેંચવા આંટો મારી આવ્યા.


આજે ભલે અમેરિકાનાં પ્રેસિડન્ટ આપણાં નેતાઓને પરાણે હથિયારો, તોપો, હેલિકૉપ્ટરો કે ફાઇટર પ્લેન્સ પધરાવે, પણ આપણું ભારત પણ થોડાં વર્ષો પછી એ લેવલ પર પહોંચે તો નવાઈ નહીં લાગે કે અમેરિકાના ઈલોન માસ્કની ઈ-કાર 'ટેસ્લા'ની સામે આપણે પણ દુનિયાને ઓફર આપશું કે

'એઇને અમારી ટાટાની ગાડી કે માસૂમ મારુતિ કાર લઈ લો, અરે....રસ્તે કા માલ સસ્તે મેં.. ઔર હર રસ્તેમેં આપ કો મેકેનિક મિલેગા મારુતિ રિપેર કરનેકું.. અરે, ૧ ગાડી કે પીછું એક સીટકવર ફ્રી, સાથ મેં ઇત્તર ડાલેલા ખૂશ્બુદાર એરફ્રેશનરની બાટલી ઔર ગણપતિ કા મૂર્તિ ભી ફ્રી!'

જોકે, એ બધું થાય ત્યારની વાત ત્યારે.. આજે હમણાં તો આપણે ખરીદદારો છીએ. આજે ઘરાક તરીકે અમેરિકાથી અફઘાનિસ્તાન બધે જ આપણી ચમચાગિરી થઈ રહી છે કે 'લઈ લો સાહેબ હથિયાર, હેલિકૉપ્ટર, તોપગોળાં, અણુબોંબ અને એરક્રાફટસ એકદમ તાજજાં ને તમને એકદમ સ્પે. ભાવમાં તમે અમારાં જૂનાં ને રોજનાં ઘરાક છો'

આમેય આપણે આજે ૧૪૦ કરોડની મોટી માર્કેટ છીએ ને ?!

(મૂળ ૧૯૯૮ના લેખની સંવર્ધિત રજૂઆત) ■



# જમનો

પ્રકરણઃ ૨

**અનિલ રાવલ**

જમન ગાડાંની પાછળ પાછળ ગામની બહાર આવેલા જીવલાના ઘર સુધી ગયો. પછી ગાયના નશ્વર દેહ સાથે જે થવાનું હતું એ જોવા એની આંખો તૈયાર નહોતી. એ સીધો નદીએ ગયો. લાકડી અને બગલથેલો કાંઠે મુક્યા. રંગ ઊતરી ગયેલો ભગવો ઝભ્ભો ઉતારીને આ જનોઇધારી બામણ પોતડીભર પાણીમાં ઉતર્યો. એક ઊંડી ડૂબકી મારી. તરત જ બહાર આવીને શરીર ઝાટક્યું. પછી કાંઠે આવીને બેઠો. રડ્યો, ખૂબ રડ્યો. આંખોએ લાલાશ પકડી લીધી ત્યાં સુધી રડ્યો. માથા પર આવી ગયેલા સૂરજદાદાએ પોતડી સુકવી નાખી, પણ આંખો સુકાવાનું નામ લેતી નહોતી. એણે સામેથી દોડતા આવી રહેલા અરજણને જોયો. ‘જમનમામા, જમનમામા...તમને નગરશેઠ બરકે છે. તમને ગોતવા હું આખું ગામ ફરી આયવો ને તમે અહીં છો.?’ નદીના પટમાં બેસતા અરજણે હાથ અને આંખો ઉલાળી ઉલાળીને જમનને એકીશ્વાસે કહી દીધું. ‘મારે ક્યાંય નથી આવવું. કોઇને નથી મળવું. મને અહીં જ બેસી રહેવા દે.’ જમને ઇશારાથી અરજણને સમજાવ્યો, પણ અરજણ એમ માને એમ નહતો. એણે જમનનો હાથ પોતાના હાથમાં લઇને ખેંચ્યો.

‘હાલો ઝટ, ઉઠો.’ અરજણે જમનને બગલથેલો અને લાકડી પકડાવતા અને પોતાની પાછળ લાગેલી રેતી ખંખેરતા કહ્યું. થોડી ક્ષણોમાં નદીના પટ પરની તગતગતી રેતી પર જમનના પગ ડાબેથી જમણે અને જમણેથી ડાબે પગલાંની છાપ પડવા માંડી. જમને બગલથેલામાંથી કાળા ચશ્માં કાઢીને પહેરી લીધા. એને રંગીન ચશ્માંનો બહુ શોખ હતો. મેળામાંથી બીજું કંઇ ન લે, પણ ચશ્મા તો લે જ. મોટા ભાગે તો દુકાનદાર એને ચશ્માં મફત આપીને ખુશ કરી દે. એણે ચશ્માં બળબળતા તાપથી બચવા માટે નહીં, પણ રડીને લાલ થઇ ગયેલી આંખો નગરશેઠ જોઇ ન લે એ માટે ચડાવી લીધા હતા.

નગરશેઠ હરજીવન અદાનું મોટું ખોરડું. ગામમાં ખેતર, ઘરના દુઝાણાં. ગામતરે આવેલા રોજ બે-ચાર જણ તો એના ઘરે જમવામાં હોય જ. જમ્યા વિના કોઇ પાછું ગયું હોય એવું ગામના ઇતિહાસમાં ભાગ્યે જ બન્યું હશે. એમની ગાય પણ જમન ચરાવવા લઇ જાય. રઘુની ગાયના સમાચાર મળ્યા ત્યારથી નગરશેઠ વ્યથિત હતા. ગામમાં આવું ક્યારેય બન્યું નથી કે ચરવા ગયેલી ગાયનું સીમમાં મોત થયું હોય. દૂરથી ઘૂઘરાનો અવાજ સાંભળીને બેઠકમાં આંટા મારી રહેલા નગરશેઠના પગ થંભી ગયા. શું થયું સીમમાં એ જાણવાનો એને રસ હતો. આખરે એ પણ સરપંચની જેમ ગામના જવાબદાર માણસ હતા. જમન આવ્યો. બેઠો, પણ એણે ચશ્માં ઉતાર્યા નહીં.

‘જમ્યો.?’ નગરશેઠનો પહેલો વહાલપભર્યો શબ્દ નીકળ્યો, પણ જમનના કાને પડ્યો નહીં, પરંતુ નગરશેઠે કરેલો હાથનો ઇશારો સમજી ગયો. એણે નકારમાં માથું હલાવ્યું. નગરશેઠે અરજણિયાને થાળી પીરસવાનું કહ્યું. નીચું જોઇને બેસી રહેલા જમનના ચશ્માંની બાજુમાંથી આંસુના ટીપાં રેલાયાં. નગરશેઠે એની પાસે જઇને ચશ્માં ઉતારતા કહ્યુંઃ ‘ચશ્માં પહેરી રાખવાથી આંસુ છૂપાવી શકાતા નથી. તારું દુઃખ હું સમજી શકું છું. આમાં તારો શું વાંક. તું ગામના માણસ કરતાં વધુ પ્રેમ ગાયોને કરે છે એ હું ક્યાં નથી જાણતો.’ થાળી આવી. ‘જે ભાવે એ જમી લે.’ નગરશેઠે એના માથે હાથ ફેરવતા કહ્યું. અરજણ સામેના બાંકડે બેઠો. નગરશેઠે એની સામે જોયું કે તરત જ એ બોલ્યોઃ ‘સરપંચને કહી દીધું છે. બસ, આવતા જ હઇશે.’ અરજણ એટલું કહી જતો રહ્યો. જમને જમણા હાથની હથેળીમાં પાણી લઇને થાળીની ફરતે ફેરવ્યું. ગૌગ્રાસ કાઢીને બાજુમાં મુક્યો. એક રોટલી કૂતરા માટે બહાર ઓટલે મુકી આવ્યો. મૂંગા જીવો પ્રત્યેના એના પ્રેમને જોઇને હરજીવન શેઠની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. જમને માંડ બે-ચાર કોળિયા ખાધા. બહાર હાથ ધોવા ગયો ત્યારે એણે સરપંચ કરસન પટેલને આવતા જોયા.

‘હું જાઉં.?’ જમને નગરશેઠને ઇશારાથી પૂછ્યું. નગરશેઠ કોઇ જવાબ આપે એ પહેલાં ઘરમાં દાખલ થઇ ગયેલા સરપંચે કહ્યુંઃ ‘ના, તું બેહ આંયા. આખી ઘટનાનો તું તો નજરોનજર જોનારો સાક્ષી સો. બાકી બધા તો મૂંગા પશુ હતાં. સરપંચનો હુકમ જમનની આંખો પામી ગઇ. સરપંચની વાતથી નગરશેઠને હસવું આવી ગયું. બીજા મૂંગા પશુઓ હતા તો શું જમન મૂંગા પશુઓથી અલગ છે. એ પણ મૂંગો છે...અરે..પશુઓ તો સાંભળી શકે છે જમન તો સાંભળી પણ શકતો નથી.

> **બીજાં મૂંગાં પશુઓ હતાં તો શું જમન મૂંગા પશુઓથી અલગ છે. એ પણ મૂંગો છે... અરે.. પશુઓ તો સાંભળી શકે છે જમન તો સાંભળી પણ શકતો નથી.**

‘ના પણ આપણે જમનને પૂસવું તો પડેને કે નૈ શું થ્યું ‘તું’ સરપંચને પોતે બોલી નાખેલા શબ્દોનું ભાન થયું એટલે એ થોથવાતા થોથવાતા બોલ્યો.

‘મેં જીવલાને કેવરાવ્યું છે કે ગાયના પેટમાંથી કાંઇ નીકળે તો આવી ને કહી જાય.’ નગરશેઠે જમનની પૂછપરછને જુદો વળાંક આપ્યો.

‘શેઠ, શેઠ’...બૂમો પાડતો અરજણ અંદર આવી બોલ્યોઃ ‘બચુ સુથારની ગાય ડચકા ખાય છે.’

‘તું આપણા ઘોડા ડાક્ટરને લઇને બચુના ઘીરે પોંચ’. કહેતા સરપંચ ઊભો થઇ ગયો. નગરશેઠે ઝભ્ભો પહેરી લીધો. આખી વાતથી બિલકુલ અજાણ જમન દિગ્મૂઢ બનીને જોતો રહી ગયો.

(ક્રમશઃ)■



---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વાયરો | કચરો |
| વારવું | ઈચ્છા |
| વાંછના | સમાચાર |
| વાવડ | રોકવું |
| વાસીદું | પવન |

## ઓળખાણ પડી?



સચિન તેંડુલકર સહિત અનેક ખેલાડી જેને આદર્શ માને છે એ વેસ્ટ ઈન્ડિઝના ધૂંઆધાર બેટ્સમેનની ઓળખાણ પડી?

અ) કાલીચરણ
બ) લેરી ગોમ્સ
ક) ગોર્ડન ગ્રીનીજ
ડ) વિવ રિચર્ડ્સ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રો | કા | ણ | ૨ કા | ર | | ૩ પી | છે | ૪ હ | ૫ ઠ |
| જે | | | શ | | ૬ પ | રા | | ૭ દ | ગા |
| ૮ રો | જ | ૯ ડી | | ૧૦ પ | રિ | ણા | ૧૧ મ | | રો |
| જ | | ૧૨ મ | હે | તા | બ | | ૧૩ ર | ઢ | |
| | ૧૪ સો | | | ૧૫ વ | ળ | ૧૬ ગા | ડ | | ૧૭ ન |
| ૧૮ અ | હ | મ | | ટ | | ત્ર | | ૧૯ સા | ર |
| ૨૦ નિ | મ | | ૨૧ પ | | ૨૨ મ | | ૨૩ સ | દ | મા |
| શ્રિ | | ૨૪ મં | દ | | ૨૫ જ | બા | ન | | ઈ |
| ૨૬ ત | ડા | કો | | ૨૭ આ | બૂ | | ૨૮ મ | ૨૯ હા | |
| તા | | ડો | | ૩૦ સ | ત | ત | | ૩૧ થ | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | | ૭ | | ૮ | | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | ૧૨ | ૧૩ | |
| | | | ૧૪ | | | | | | |
| ૧૫ | | | | | | | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | ૧૯ | ૨૦ | | ૨૧ | | | |
| | | ૨૨ | | | | ૨૩ | | ૨૪ | |
| ૨૫ | ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | |
| | ૨૯ | ૩૦ | | | ૩૧ | | ૩૨ | ૩૩ | |
| ૩૪ | | | | | | ૩૫ | | | |

### આડી ચાવી

૧. પેદાશ, ઉત્પત્તિ, ફળ (૪)
૪. જોર દઇને (૫)
૭. ---માં બારણું બેસાડેલું હોય (૪)
૯. સ્વાગતમાં બારણે --- બાંધો (૩)
૧૧. ઘણીવાર પાણી--- વાળું હોય છે (૨)
૧૨. ઉત્કટ ઇચ્છા, તલપ (૩)
૧૪. જમાઉધારની નોંધ કરવી તે (૪)
૧૫. ભ્રમ વિના (૪)
૧૬. બસ્તી (જો. છૂ.) (૩)
૧૮. તેજ, પ્રકાશ, ઓજ (જો. છૂ) (૨)
૧૯. પારસી ચોથો મહિનો (૨)
૨૧. રાખ, ધૂળ, નાશ (૨)
૨૨. ઉનાં પાણી માટે --- મૂકો (૩)
૨૩. જલેબી જેવી મીઠાઇ (૪)
૨૫. છુટ્ટી, પરવાનગી (૨)
૨૮. બ્રાહ્મણ (૨)
૨૯. ---નું માર્યું એટલે દુઃખી થયેલું (૨)
૩૧. નિરાંત અનુભવવી (૪)
૩૪. આંકડાને લગતું (૫)
૩૫. સપનાં (૩)

### ઊભી ચાવી

૨. ભાર, વજન, દાબ (૩)
૩. પુરુષ (૨)
૪. એક મરાઠી ફરસાણ (૫)
૫. પૂજાયેલું (૩)
૬. સોનારૂપાનો બારીક તાર (૩)
૮. નજરોનજર, સંમુખ (૩)
૧૦. રસથી ભરેલું (૪)
૧૩. રઢ, લત (૩)
૧૪. સધ્ધર, પૈસાદાર (૫)
૧૫. પ્રમાણે (૪)
૧૬. પહેલી તિથિ (૩)
૧૭. માહિતીથી ભરેલું (૫)
૨૦. રાજસ્થાનમાં ને કચ્છમાં છે (૨)
૨૧. લાલ કિલ્લાની આસપાસ --- છે (૨)
૨૪. સૂર્ય (૨)
૨૬. ખર્ચો (૩)
૨૭. કાબૂમાં, તાબામાં (૨)
૩૦. રસ્તા પર તો --- હોય જ ને! (૨)
૩૧. ગરીબની --- ના લેવાય (૨)
૩૨. કદાચિત, ભગવાન કરે (૨)
૩૩. રુંવાડું (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં કયા શહેરમાં દર વર્ષે કારતક મહિનામાં શુકલતીર્થ મેળાનું આયોજન કરવામાં આવે છે એ શોધી કાઢો.

અ) વડોદરા બ) લીમડી ક) સુરેન્દ્રનગર ડ) ભરૂચ

## જાણવા જેવું

ટેસ્ટ ક્રિકેટનો પ્રારંભ ૧૮૭૭માં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ઓસ્ટ્રેલિયાના મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ હતી. ત્રણ દિવસ ચાલેલી એ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ૪૫ રનથી વિજય થયો હતો. ૧૯૭૭માં રમાયેલી શતાબ્દી ટેસ્ટમાં પણ ઓસ્ટ્રેલિયાનો વિજય થયો હતો, ૪૫ રનના જ તફાવતથી.

## સુડોકુ-૮૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | | | ૪ | ૬ |
| | | ૫ | ૬ | | ૪ | ૧ | | |
| ૯ | | ૪ | | ૧ | | ૨ | | ૮ |
| | | ૬ | ૪ | | ૨ | ૭ | | |
| | | | | | | | | |
| | | ૧ | ૫ | | ૭ | ૯ | | |
| ૬ | | ૮ | | ૫ | | ૩ | | ૭ |
| | | ૨ | ૮ | | ૩ | ૪ | | |
| ૭ | ૧ | | | | | | ૫ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૬ | ૮ | ૪ | ૯ | ૭ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૫ |
| ૮ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૨ | ૪ | ૯ | ૬ | ૭ | ૫ | ૮ | ૩ | ૧ |
| ૬ | ૭ | ૮ | ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૧ | ૫ | ૩ | ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૬ |
| ૭ | ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૯ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ | ૬ | ૭ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૧ | ૩ | ૫ | ૨ | ૮ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

પાણીને જંતુમુક્ત કરવા માટે કયા વાયુનો ઉપયોગ કરવામાં આવે છે એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) નાઈટ્રોજન
બ) હિલિયમ
ક) ક્લોરિન
ડ) હાઈડ્રોજન

## નોંધી રાખો

બીજા વિશે ફરિયાદ કરવા કરતાં જાતને બદલો, કારણ કે કાર્પેટ પાથરવા કરતાં પોતાના પગમાં ચપ્પલ પહેરવા વધુ સહેલું છે.

## માઈન્ડ ગેમ

ભણતર માટે વિશ્વભરમાં ખ્યાતિ ધરાવતી ઓક્સફર્ડ યુનિવર્સિટી અને કેમ્બ્રિજ યુનિવર્સિટી કયા દેશમાં છે એ ખબર છે?

અ) પોલેન્ડ બ) યુએસએ
ક) ડેનમાર્ક ડ) યુકે

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| શીર્ષ | માથું |
| શિલા | પથ્થર |
| શીદ | કેમ |
| શીઘ્ર | સત્વર |
| શિશુ | બાળક |

ગુજરાત મોરી મોરી રે
વૌઠાનો મેળો

ઓળખાણ પડી
પાવો નૂરમી

માઈન્ડ ગેમ
સુનીલ ગાવસકર

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
બ્યુટેન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોલા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) નૂતન વિપીન

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com



# આજકાલ જે જબરું પોપ્યુલર બની રહ્યું છે એ 'પોડકાસ્ટ' શું છે?

## કોરોના-કાળમાં 'ઘરબંધી' ભોગવી રહેલા લોકોમાં જેમ એફ.એમ. રેડિયો લોકપ્રિય બન્યો એની સાથે ભુલાઈ ગયેલા 'પોડકાસ્ટ'નોય રોમાંચક પુનર્જન્મ થયો

સેંકડો સદીઓ પહેલાંના માનવી પાસે મનમાં અસ્તવ્યસ્ત વિચારો હતા, પણ એને વ્યકત કરવા માટે શબ્દો નહોતા- બોલવાની ભાષા નહોતી. ક્રમશઃ પોતાની વાત સામેવાળા સુધી પહોંચાડવા માટે એની પાસે પ્રથમ આકૃતિરૂપે ચિતરામણની ભાષા આવી. એ દરમિયાન આદિમાનવ પોતાની વાત જાતભાતના અવાજ અને હાવભાવ દ્વારા વ્યકત કરતો થયો. આગળ જતાં આકૃતિમાંથી લિપિ બની, ત્યાર બાદ શબ્દો ગોઠવાતા ગયા અને વ્યવસ્થિત ભાષા બનતી ગઈ. એ પછી તો માણસ જ એક એવું પ્રાણી હતું, જે એકમેક સાથે બોલતાં-લખતાં થયું. સદીઓ વીતતી ગઈ. પછી તો કાળક્રમે આજે માનવી વચ્ચે અનેકવિધ સાધન દ્વારા માહિતીની આપ-લે કેવી ત્વરિત કક્ષાએ પહોંચી ગયું છે એ આપણે જાણીએ છીએ. સંદેશાવ્યવહારનાં અનેક સાધનો, જેમ કે તાર-ટપાલ-ટેલિફોનથી લઈને ઈમેલ-સેલફોન- કમ્પ્યુટર-ઈન્ટરનેટ-સેટેલાઈટ ઇત્યાદિ છે.. એ દરેકની જેટલી ખૂબી છે એટલી ખામી-મર્યાદા પણ છે.

આ બધાં વચ્ચે, રેડિયોનું બ્રોડકાસ્ટિંગ અને ટીવીનું ટેલિકાસ્ટિંગની સાથે આજકાલ 'પોડકાસ્ટિંગ' જેવો થોડો અજાણ્યો-અપરિચિત લાગતો શબ્દ પણ આપણી રોજિંદી ભાષામાં બહુ ઝડપથી ઉમેરાઈ ગયો છે.

એક સમય એવો હતો જ્યારે કોઈ જાણીતી વ્યક્તિ કે ફિલ્મ-સ્પોર્ટ્સ સેલિબ્રિટી પોતાની અનુક્રમે સૌ પહેલાં ટીવી અખબાર અને પછી રેડિયો કે વેબ સાઈટસ પર ઈન્ટરવ્યૂ આપવો પસંદ કરતી. હવે સિનારિયો પલટાયો છે. એ લોકો હવે આજની પેઢીમાં જાણીતી વેબસાઈટસ અને સોશિયલ મીડિયામાં પણ પોતાના વિચારો વ્યકત કરવા લાગ્યા છે. અત્યારે એમણે કશું કહેવું હોય તો પ્રેસવાળાને કહેતાં પહેલાં સોશિયલ મીડિયાની નેટવર્કિંગ સાઈટસ 'X' (અગાઉ 'ટ્વિટર') અને 'ઈન્સ્ટાગ્રામ' પર પોતાનાં વાત-વિચાર વહેતાં કરે છે. હવે એમની સમકક્ષ 'પોડકાસ્ટ' પણ આવી ગયું છે!

આજે અમિતાભ બચ્ચન વિરાટ કોહલી કે મહેન્દ્ર સિંહ ધોની જેવા મહારથી પણ લોકો સુધી ઝડપથી પહોંચી જવા 'પોડકાસ્ટ'નું માધ્યમ અપનાવતા થઈ ગયા છે તો આવા જ એક બહુ જાણીતા એક યૂટ્યૂબર - પોસ્ટકાસ્ટર રણવીર અલાહાબાદિયાએ એના એક અશ્લીલ બીભત્સ શો દ્વારા તાજેતરમાં દેશભરમાં વિવાદનો વંટોળ જગાડ્યો છે..

-તો શું છે આ પોડકાસ્ટ?

આ પોડકાસ્ટ વિશે જાણવા-સમજવા માટે આપણે વેબકાસ્ટિંગ (કે સ્ટ્રીમિંગ) વિશે અલપઝલપ જાણવું જરૂરી છે. કોઈ પણ ઘટનાની વીડિયો તથા ઑડિયોનું ઈન્ટરનેટના માધ્યમથી જીવંત (દૃશ્ય-શ્રાવ્ય) પ્રસારણ થાય એને આપણે 'વેબકાસ્ટિંગ' કહીએ છીએ.

બીજી તરફ, પોડકાસ્ટ એટલે ડિજિટલ ઑડિયો (ધ્વનિ), જેને આપણે માત્ર સાંભળી શકીએ. મોટા ભાગે આવાં પોસ્ટકાસ્ટ એક પછી એક વારાફરતી સાંભળી શકીએ એ રીતે શ્રેણીબંધ અગાઉથી રેકોર્ડ કરવામાં આવ્યાં હોય છે. સામાન્ય રીતે પોડકાસ્ટ એક જ વ્યક્તિ રજૂ કરે છે. આમ છતાં ક્યારેક બે વ્યક્તિ-હોસ્ટ અને ગૅસ્ટ પણ હોઈ શકે, જેને શ્રોતાઓ લેપટોપ-ડેસ્કટોપ કે મોબાઈલ પર કે વેબસાઈટ દ્વારા સાંભળી શકે છે.

કેટલીય વસ્તુની શોધખોળ વર્ષો પહેલાં જાહેરમાં આવી હોય,પરંતુ એક યા બીજાં કારણસર એનાં સીમિત ઉપયોગને લીધે લોકો એને વીસરી જાય છે.. અને પછી અચાનક શ્રોતા સામે ફરી આવે ને લોકપ્રિય બની જાય. પોડકાસ્ટ સાથે પણ કંઈક આવું જ થયું હતું , પરંતુ 'એપલ' કંપનીના અદ્યતન મ્યુઝિક પ્લેયર 'આઈપોડ'ના આગમન સાથે ઑડિયો જગતનો સમગ્ર સિનારિયો પલટાઈ ગયો. એના સમાંતરે ડિજિટલ ધ્વનિ પ્રસારણને 'પોડકાસ્ટ'ના નામે નવું જીવન અને નવી દિશા મળી.



અમિતાભ બચ્ચન અને મહેન્દ્ર સિંહ ધોની જેવા મહારથી પણ જાણે છે કે હવે 'પોડકાસ્ટ' પણ કેવાક અસરકારક બની રહ્યાં છે.

(બાય ધ વે, 'પોડ'નો એક ડિક્ષનેરી અર્થ છેઃ 'માલ ભરવાનું સાધન-પાત્ર!)

ધારો કે તમારા ટીવી સ્ક્રીન પર એક દૃશ્ય ચાલી રહ્યું છે, જેને જોવા-સાંભળવા તમારે એકધારા એક જગ્યાએ બેસીને આંખ-કાન સતર્ક રાખવા પડે. જો આવું જ કંઈ માત્ર તમારે સાંભળવાનું હોય તો તમે કિચનમાં કે અન્ય કોઈ જગ્યાએ બીજાં કામ કરતાં કરતાં પણ સાંભળી શકો. કોઈ લખાણના શબ્દો કરતાં પણ બોલાયેલા શબ્દ-અવાજ વધુ શક્તિશાળી પુરવાર થાય છે અને આ વાતનો બખૂબી ઉપયોગ કરીને પોતાનાં ઉત્પાદન ગ્રાહકો સુધી સરળતા-સચોટતાથી પહોંચાડી શકાય છે. આ સુવિધાને લીધે ઈ-કોમર્સની દુનિયામાં આજે પોડકાસ્ટનું મહત્ત્વ ઝડપથી વધી રહ્યું છે.

આમ તો પોડકાસ્ટ એટલે સ્વર-ધ્વનિનું પ્રસારણ ૧૯૮૦ના દાયકામાં શરૂ થયું ત્યારે એ 'ઑડિયો બ્લોગિંગ' તરીકે જાણીતું હતું. પાછળથી એક અમેરિકન પત્રકાર બેન હેમર્સલીએ આવા પ્રસારણને 'પોડકાસ્ટિંગ' તરીકે ઓળખાવ્યું પછી એ નામથી જાણીતું થયું. હવે તો વીડિયો ક્લિપ્સ પણ એમાં ઉમેરીને વીડિયો પોડકાસ્ટ તૈયાર કરવાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે.

આજ આપણે ત્યાં ભારતમાં પોડકાસ્ટનો કેવોક સિનારિયો છે?

અગાઉ આપણે ત્યાં રડ્યુંખડ્યું પોડકાસ્ટિંગ થતું, પરંતુ કોવિડ-કાળની કટોકટી વખતે જેમ OTTની માર્કેટ ખૂલી ગઈ એવું જ પોડકાસ્ટ માટે થયું. શરૂઆતમાં લોકોએ કુતૂહલવશ ટાઈમપાસ મનોરંજન તરીકે પોડકાસ્ટને આવકાર્યું. એ પછી તો લોકોને એમાં જબરો રસ પડ્યો કે આજે દર મહિને પોડકાસ્ટને ૫૮ મિલિયન (૫ કરોડ ૮૦ લાખ) લોકો સાંભળતા થઈ ગયા છે! પોડકાસ્ટના શ્રોતાની શ્રેણીમાં આજે આપણે અમેરિકા-ચીન પછી ત્રીજે નંબરે છીએ, જે આગામી આંક આપણે ત્યાં આવતા વર્ષે ૨૦૨૫માં ૧૨૦ મિલિયન (૧૨ કરોડ)સુધી પહોંચી જાય તો આશ્ચર્ય નહીં!

આપણે ત્યાં પોડકાસ્ટિંગનું ભવિષ્ય વ્યવસાયી દૃષ્ટિએ પણ ઊજળું છે, કારણ કે આપણી પ્રજા પહેલેથી જ રેડિયોની ચાહક રહી છે. હા, વચ્ચે ટેલિવિઝનના આગમનથી શહેરોમાં રેડિયો કામચલાઉ રેઢો પડયો, પણ દૂર દૂરનાં ગામોમાં- અંતરિયાળ વિસ્તારોમાં ટીવીનાં ફૂટપ્રિન્ટસ નબળાં પડતાં હતાં એટલે ગ્રામ્યપ્રજાનો રેડિયોપ્રેમ અકબંધ રહ્યો.

આની સાથે સમય જતાં બીજી તરફ, FM (ફ્રીકવેન્સી મોડ્યુલેશન) રેડિયો સ્ટેશનો દ્વારા આગવી રીતે રજૂ થતા મનોરંજનના પ્રોગ્રામ્સે આજની યુવા પેઢીને વધુ આકર્ષ્યા અને શહેરોમાં રેડિયોનું પુનરાગમન થયું. એને પગલે યુવા પેઢીમાં પણ પોડકાસ્ટિંગનો પણ દૌર શરૂ થઈ ગયો.

આજે પોડકાસ્ટની દુનિયામાં અમુક શ્રેણી, જેમ કે સામાજિક - સાંસ્કૃતિક - વ્યવસાય - વેપાર - આરોગ્ય - આધ્યાત્મિક હાસ્ય - ગુનાખોરી તેમ જ રાજકરણ જેવા વિષયોને નજરમાં રાખીને પોડકાસ્ટ તૈયાર કરવામાં આવે છે. આજના તરુણ-યુવાનો કેરિયર તેમ જ આરોગ્ય વિશે વધુ સજાગ છે. મનના ઉચાટને આધ્યાત્મિક રીતે કેમ શાંત પાડવો ઇત્યાદિનું માર્ગદર્શન આપે એવાં સકારાત્મક પોડકાસ્ટ આ પેઢીને વધુ પસંદ છે. સહેજે છે કે આવા યુવાનો સુધી પોતાની પ્રોડ્ક્ટ્સ - બ્રાન્ડસ પહોંચાડવા ઉત્સુક મોટી કંપનીઓ લોકપ્રિય પોડકાસ્ટને જાહેરખબરો દ્વારા ટેકો આપવા લાગી છે. આર્થિક નિષ્ણાતોના કહેવા અનુસાર ૨૦૨૫ના આખર સુધીમાં આપણી મ્યુઝિક ઑડિયો-પોડકાસ્ટની માર્કેટ આશરે ૬૨ કરોડ રૂપિયાના આંકને આંબી જાય તો નવાઈ ન પામવી!

આમ આજે દિન-પ્રિતિદિન પોપ્યુલર બની રહેલા પોડકાસ્ટની પહોંચ કેટલી?

વેલ, છેલ્લાંમાં છેલ્લા આંકડા પર નજર ફેરવીએ તો અમેરિકાની કુલ વસતિના ૪૯% લોકો (૨૫થી ૪૪ વર્ષ)માં પોડકાસ્ટ બહુ પોપ્યુલર છે. ત્યાં ૧૫૫ મિલિયનથી વધુ અમેરિકન પ્રજા દર અઠવાડિયે એક વાર તો પોડકાસ્ટ સાંભળે છે. આજે એકલા અમેરિકામાં ૮ લાખથી વધુ પોડકાસ્ટ ઍપ સક્રિય છે, જેના દ્વારા અત્યાર સુધીમાં ૩૫ મિલિયન પોડકાસ્ટ એપિસોડ પ્રસારિત થયા છે.

આવા એપિસોડ ક્યો વર્ગ ક્યાં સાંભળે છે?

વેલ, ૪૯% લોકો ઘેર બેસીને સાંભળે છે ૨૨% શ્રોતા કાર ડ્રાઈવ કરી વખતે સાંભળે છે તો ૧૧% ઑફિસમાં અને ૮% જિમમાં કસરત કરતી વખતે પોડકાસ્ટ માણે છે.

આ બધી આંકડાબાજી ધ્યાનમાં રાખીને અનુભવી સમાજશાસ્ત્રીઓ અને નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ કહે છે કે આગામી વર્ષોમાં પણ પોડકાસ્ટનું સામ્રાજ્ય હજુ વધુ ને વધુ પ્રસરતું જશે! ■

કરિઅર
કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# અર્બન ફાર્મિંગને બનાવો ભવિષ્યની મજબૂત કારકિર્દી

(ઉદ્યોગજગતમાં અઘોષિત રૂપે ચોથી ક્રાંતિ શરૂ થઇ ગઇ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ના આવ્યા બાદ ધીમે પગલે નોકરીઓમાં મોટા ફેરફાર થવા લાગ્યા છે. ભવિષ્યની સ્માર્ટ કારકિર્દી નવેસરથી સેટ થઇ રહી છે.)

જે યુવાનો કૃષિ ક્ષેત્રમાં આધુનિકતા લાવવા માગે છે તથા પર્યાવરણને અનુકૂળ રાખવા માટેના પણ પ્રયાસ કરવા માગે છે તેમની માટે અર્બન ફાર્મિંગ અને સસ્ટેનેબલ એગ્રિકલ્ચરનું ક્ષેત્ર શાનદાર ફ્યુચરસ્ટિક કેરિયર છે.

આ ખેતી કરવાના એ પ્રકારના પર આધારિત છે જે પર્યાવરણને અનુકૂળ હોય છે. આ ક્ષેત્રમાં અનેક પ્રકારની હાઇ ટેક્નિક જેમ કે ગ્રીન હાઉસ ટેક્નોલોજી, વર્ટિકલ ફાર્મિંગ ટેક્નોલોજી, હાઇડ્રોપોનિલ્સ અને એક્વાપોનિક્સ તથા જૈવિક ખેતી જેવી ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે.



### આ ક્ષેત્રમાં ભવિષ્ય શું છે

ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારને કારણે હાલમાં ખેતી માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે તે લાંબાસમય સુધી ચાલવાની નથી. તેથી ખેતી માટે નવી અને સસ્ટેનેબલ પદ્ધતિ વિકસિત કરવાની જ રહેશે. તેથી જ દુનિયાભરમાં હાલમાં અર્બન ફાર્મિંગના ક્ષેત્રમાં ઘણો વિકાસ જોવા મળી રહ્યો છે અને કારકિર્દીના રૂપે પણ આ ક્ષેત્ર ઘણું મહત્ત્વનું છે.

શહેરોમાં તાજાં ફળો અને જૈવિક કૃષિ ઉત્પાદનોની માગ વધુ છે તેથી અર્બન ફાર્મિંગમાં ભવિષ્ય ઘણું સારું છે. એમ પણ સંપૂર્ણ દુનિયામાં હાલમાં સ્માર્ટ સિટીની નવી રૂપરેખા આગળ આવી રહી છે જેમાં શહેરોમાં જ ખેતી વિકસાવવાને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેથી અર્બન એગ્રિટેક સ્ટાર્ટઅપને વધુ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઘણા એવા સ્ટાર્ટઅપ પણ ખુલ્યા છે.

કેરળના કોચિ અને તિરુવનંતપુરમ શહેરોમાં ત્રણ ડઝનથી પણ વધુ એગ્રિટેક સ્ટાર્ટઅપ નવા પ્રકારની ખેતીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. બેંગલુરુ અને મુંબઈમાં પણ મોટા પાયે અર્બન એગ્રિકલ્ચરની શરૂઆત થઇ રહી છે. તેથી આ ક્ષેત્રમાં કારકિર્દીની મોટી તકો ઉપલબ્ધ થઇ છે.

### આ માટે કયો અભ્યાસ જરૂરી છે

અર્બન ફાર્મિંગ અને સસ્ટેનેબલ એગ્રીકલ્ચરમાં કારકિર્દી બનાવવા માટે નીચે જણાવેલા અભ્યાસક્રમોમાં પ્રવેશ કરી શકાય છે.

**બીએસસી એગ્રિકલ્ચરઃ** સાયન્સના કોઇપણ સ્ટ્રીમમાં ૧૨મું કરીને ચાર વર્ષની બીએસસી એગ્રિકલ્ચરની ડિગ્રી લઇને આ ક્ષેત્રમાં જોરદાર કારકિર્દી બનાવી શકાય છે.

**બીએસસી હોર્ટિકલ્ચરઃ** વિજ્ઞાનના કોઇ પણ સ્ટ્રીમમાં ૧૨મું ધોરણ પાસ કરીને ચાર વર્ષની બીએસસી હોર્ટિકલ્ચરની ડિગ્રી મેળવી શકો છો.

**બીટેક એગ્રિકલ્ચર એન્જિનિયરિંગઃ** ફિઝિક્સ, મેથ્સ અને કેમેસ્ટ્રીમાં ૧૨મું પાસ કર્યા બાદ ચાર વર્ષની આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે મહત્ત્વની છે.

**ડિપ્લોમા ઇન અર્બન ફાર્મિંગઃ** ૧૨મું ધોરણ પાસ કર્યા બાદ છ મહિનાથી એક વર્ષનો ડિપ્લોમા અર્બન એગ્રિકલ્ચરમાં કેરિયર બનાવવા માટે મહત્ત્વનો કોર્સ છે.

**સર્ટિફિકેટ કોર્સઃ** કોઇ પણ સ્ટ્રીમમાં ૧૦મું અને ૧૨મું પાસ કર્યા બાદ ત્રણથી ૧૨ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ હાઇડ્રોપોનિક્સ અથવા ઓર્ગેનિક ફાર્મિંગમાં કરી શકો છો તથા અર્બન ફાર્મિંગ અથના સસ્ટેનેબલ એગ્રિકલ્ચરમાં કારકિર્દી બનાવી શકો છો.

### અભ્યાસ કરવા માટે મહત્ત્વની સંસ્થાઓ

ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાન, દિલ્હી

પંજાબ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, લુધિયાણા

ગુરુ ગોવિંદ સિંહ ઇન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, દિલ્હી

તમિળનાડુ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, કોઇમ્બતુર

આ સિવાય આઇસીએઆરથી માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી જેમ કે ગોવિંદ વલ્લભપંથ યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટીથી પણ મહત્ત્વની ડિગ્રી લઇ શકાય છે.

### ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ, દિલ્હી

ઇન્દિરા ગાંધી ઇન્સ્ટિટયૂટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચ, મુંબઈ

ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચર રિસર્ચ, બેંગલુરુ

એમએટી ઇન્સ્ટિટયૂટ ઓફ એગ્રિકલ્ચર, નોઇડા

આ ક્ષેત્રમાં શૈક્ષણિક યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ અનેક ક્ષેત્રમાં નોકરીઓ ઉપલબ્ધ થઇ શકે છે જેમ કે...

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ

કેન્દ્ર અને રાજ્ય સરકારના કૃષિ વિભાગ

નેશનલ બેંક ઓફ એગ્રિકલ્ચર રૂરલ ડેવલપમેન્ટ

ભારતીય ખાદ્ય નિગમ

રાષ્ટ્રીય હરિત અધિકરણ

### રોજગારની તકો

હાઇડ્રોપોનિક્સ અને વર્ટિકલ ફાર્મિંગ સેટઅપ

ઓર્ગેનિક પ્રોડક્ટ્સની ખેતી અને વેચાણ

ગ્રીન હાઇસ ફાર્મિંગ અને નર્સરી બિઝનેસ

એગ્રિકલ્ચર કન્સલ્ટન્સી અને એગ્રિ ટુરિઝમ

આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવ્યા બાદ મહિને ૩૦,૦૦૦થી લઇને વર્ષે ૩૦ લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકાય છે. ■

વિશેષ
અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# રુદ્રઃ હૉસ્પિટલ ઑન વ્હીલ્સ

## આ ટ્રેન વરદાન બની રેલવેના હજારો કર્મચારીઓ-મજૂરો ને તેમના પરિવારો માટે

ઘણી વખત એવું બનતું હોય છે જ્યારે ભંગાર સમજીને જે વસ્તુનો ત્યાગ કરાયો હોય તેમાંથી લોકોપયોગી વસ્તુનું સર્જન થતું હોય છે. આવું જ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે ભુસાવલના ડિવિઝનલ રેલવે મેનેજર ઇટી પાંડેએ. તેમણે ટ્રેનના એક ભંગાર પડેલા કોચમાં હોસ્પિટલ બનાવી જેને નામ આપ્યું રુદ્ર. આ હોસ્પિટલમાં દુર્ગમ વિસ્તારોમાં રહેતા રેલવે કર્મચારીઓ અને મજૂરો તથા તેમના પરિવારોને સ્વાસ્થ્ય સંબંધિત સારવાર પૂરી પાડવામાં આવે છે. આ મોબાઇલ ક્લિનિક દ્વારા તાકીદે સમયસર મેડિકલ સારવાર પૂરી પાડવામાં આવે છે. હાલમાં આ હોસ્પિટલનો લાભ ૧૦૦૦ કરતાં વધુ રેલવે કર્મચારી-મજૂરો લઇ રહ્યા છે.


ડિવિઝનલ રેલવે મેનેજર ઇટી પાંડે

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતમાં આવેલું ભુસાવલ રેલવે માટે ઘણું મહત્ત્વનું સ્ટેશન છે. અહીં રેલવે સંબંધિત ઘણા કામ થતા હોય છે. તેથી અહીંના અનેક દુર્ગમ વિસ્તારોમાં પણ રેલવે સંબંધિત કર્મચારીઓના પરિવાર આવેલા છે. ઘણી વખત મેડિકલ કટોકટીના સમયે તેઓને સમયસર સારવાર મેળવવાનું મુશ્કેલ થઇ પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં રુદ્ર હોસ્પિટલ તેમની માટે વરદાન બની છે. એક સમય હતો જ્યારે અહીંના રેલવે કર્મચારીઓને મેડિકલ સારવાર મેળવવામાં વિલંબ થતો હતો ત્યારે હવે તેમને તેમના ઘર આંગણે મેડિકલ સારવાર મળી રહે છે.



આ શક્ય થયું છે ફક્ત ઇટી પાંડેના વિચારોથી. તેઓ ભુસાવલમાં ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) તરીકે કાર્યરત છે. તેમનો એક સરળ વિચાર હાલમાં અનેક લોકોના સ્વાસ્થ્યની સારવાર માટે ઉપયોગી થયો છે. તેઓ અલાહાબાદ યુનિવર્સિટીથી સાયકોલોજીમાં ગોલ્ડ મેડલિસ્ટ છે તથા મુંબઈમાં પશ્ચિમ અને મધ્ય રેલવેમાં સેવા આપી ચૂક્યા છે.

રેલવેમાં ઘણા મજૂરો-કર્મચારીઓ ઇજા પામતા હોય છે તેઓને સમયસર સારવાર મળવી જરૂરી હતી અને આ અંગે મારા મનમાં હંમેશાં ચિંતા રહેતી હતી. ભુસાવલમાં ૨૫,૦૦૦થી વધુ રેલવે મજૂરો અને તેમના પરિવાર રહે છે. તેમને ઘણી વખત સમયસર મેડિકલ સારવાર મળતી નહોતી તથા ગંભીર બીમારીઓનું નિદાન થતું નહોતું. આ વિસ્તારમાં ડોક્ટરો અથવા મેડિકલ નિષ્ણાતોનો અભાવ પણ મોટી સમસ્યા હતી, એમ ઇટી પાંડે જણાવે છે.

ઘણા મજૂરો ચાલીસગાંવ, મૂર્તિઝાપુર અને બડનેરા જેવા દુર્ગમ વિસ્તારમાં રહેતા હોય છે. તેઓને સારવાર માટે ભુસાવલની ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં આવવું પડતું હોય છે જેમાં ઘણો સમય વેડફાય છે. ઘણા મજૂરો રેલવે ટ્રેક પર જ કામ કરતા હોય છે જેઓને વારંવાર ઇજા થતી હોય છે ત્યારે તેમને સારવાર મળવી મુશ્કેલ થઇ પડે છે. હાલમાં આ હોસ્પિટલ ઓન વ્હિલ્સમાં ત્રણ એસી કોચ છે જેમાં ડોક્ટરો અને મેડિકલ ટીમ દર પંદર દિવસે દુર્ગમ રેલવે ડિવિઝનોમાં જઇને રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોને સારવાર આપે છે, એમ તેઓ જણાવે છે.

મારા વિચારોને હકીકત બનાવવું સરળ નહોતું. જરૂરી કામમાં આવતા કોચને આ હોસ્પિટલ બનાવવાનું કામ મુશ્કેલ હતું. તેની માટે પરવાનગી મેળવવી અઘરી હતી, પણ મને ખબર હતી કે આ હોસ્પિટલ લાંબાગાળે દરેક માટે ઉપયોગી થઇ પડશે. આખરે મને ગ્રીન સિગ્નલ મળ્યું. ત્યાર બાદ મુંબઈના માટુંગા મધ્ય રેલવેના વર્કશોપથી જૂના કોચને ભુસાવલ લાવવામાં આવ્યો. આખરે ત્રણ એસી કોચને ભેગા કરીને તેમાં મેડિકલ સારવાર માટેની સામગ્રી વિકસાવવામાં આવી. આ કોચમાં ઇસીજી મશીનથી લઇને બ્લડ સેમ્પલ કલેક્ટ કરવાની સુવિધા તથા કન્સલ્ટેશન માટે ડોક્ટરો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા. મહિલાઓને પણ યોગ્ય તે સારવાર મળી શકે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું, એમ ઇટી જણાવે છે.

૧૮મી જાન્યુઆરી, ૨૦૨૫ના ભુસાવલ ડિવિઝનના ચાલીસગાંવમાં પ્રથમ મેડિકલ કેમ્પનું આયોજન આ રુદ્ર હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું, જેને અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો. એક જ દિવસમાં જ ૨૫૯ લોકોએ આ સેવાનો લાભ લીધો જેમાં ૧૫૯ મજૂરો, ૭૨ રેલવે કર્મચારીઓના પરિવારના સભ્યો, પચીસ નિવૃત્ત મજૂરોનો સમાવેશ થાય છે. રુદ્ર મેડિકલ ટીમમાં ૬૦ ડોક્ટરોનો સમાવેશ થાય છે. અહીં દર્દીઓની સારવારનો રેકોર્ડ સંભાળીને રાખવામાં આવે છે જેથી જો તેઓ અન્ય સારવાર માટે હોસ્પિટલમાં જાય ત્યારે તેમને કોઇ સમસ્યા ન નડે. બીજો મેડિકલ કેમ્પ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના મૂર્તિઝાપુરમાં રાખવામાં આવ્યો હતો જ્યાં ૨૯૧ લોકોએ તેનો લાભ લીધો હતો, એમ ઓફિસર પાંડે જણાવે છે.

હાલમાં ઇટી પાંડે અને રુદ્રની ટીમ આ મોબાઇલ હોસ્પિટલમાં વધુ કોચ જોડીને લોકોને વધુને વધુ મેડિકલ સારવાર આપવા માટે વિચારી રહી છે. શક્ય હોય ત્યાં સુધી રેલવે કર્મચારીઓને એક છત નીચે જ તમામ મેડિકલ સારવાર મળી રહે એ માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. ■

# બેન્ચમાર્કમાં સતત ત્રીજે દિવસે પીછેહઠ, મિડકૅપ અને સ્મોલકૅપ ઈન્ડેક્સમાં લાંબા સમયે સારો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શેરબજારે સતત ચોથા દિવસે પીછેહઠ નોંધાવી હતી. નબળા યુએસ બજારો અને ટેરિફ ધમકીઓએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચાડી છે. સેન્સેક્સ ૪૨૪.૯૦ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૭૫,૩૧૧.૦૬ પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૬૨૩.૫૫ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૭૫,૧૧૨.૪૧ને અથડાયો હતો. નિફ્ટી ૧૧૭.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૫૧ ટકા ગબડીને ૨૨,૭૯૫.૯૦ની સપાટીએ પહોંચ્યો હતો.

પાછલા ચાર સત્રમાં સેન્સેક્સ ૬૮૫.૮૦ પોઇન્ટ અને નિફ્ટી ૧૬૩.૬૦ પોઇન્ટ ગબડ્યો છે. એમએન્ડએમ છ ટકાના કડાકા સાથે ટોપ લૂઝર બન્યો હતો, અન્ય ઘટનારા શેરોમાં અદાણી પોર્ટ, ટાટા મોટર્સ, સન ફાર્મા, પાવર ગ્રીડ, ઝોમેટો, આઇસીઆઇસીઆઇ બેન્ક, સ્ટેટ બેન્ક અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો. જ્યારે ટાટા સ્ટીલ, લાર્સન, એચસીએલ ટેકનો, એશિયન પેઇન્ટ, એચડીએફસી બેન્ક અને એનટીપીસી ટોપ ગેઇનર બન્યા હતા.

ઓટો, એફએમસીજી અને ફાર્મા શેરો વિશેષ ગબડ્યા હતા. બર્મન પરિવારે ઓપન ઓફર પછી હિસ્સો નિયંત્રિત કરવાનો લાભ મેળવ્યો હોવાના અહેવાલો વચ્ચે રેલીગેર આઠ ટકાથી વધુ ઊછળ્યો હતો. ગ્રીન એનર્જી પહેલને વેગ આપવા માટે ભારત લાઇટ એન્ડ પાવર સાથેના સોદા બાદ એનટીપીસી ગ્રીનના શેરમાં ઉછાળો હતો. કંપની બોર્ડે રૂ. ૪,૫૦૦ કરોડના રાઇટ્સ ઇશ્યૂ પ્લાનને મંજૂરી આપ્યા બાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

વોટર સપ્લાઇ અને સીવેજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના અમલીકરણમાં નિષ્ણાત, વીએલ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડને ગુજરાત વોટર સ્પલાઇ એન્જ સીવેજ બોર્ડ તરફથી રૂ. ૪૧.૯૨ કરોડનો મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે, જે કંપનીએ ૧૮ મહિનાની અંદર પૂર્ણ કરવાનો છે. આ કરાર કચ્છના અબડાસામાં અબડાસા આરડબલ્યુએસએસ ઓગમેન્ટેશન ૨૦૨૧-૨૨ પ્રોજેક્ટ હેઠળ અપાયો છે.પ્રાથમિક મૂડીબજાર હાલ શાંત છે પરંતુ પાઇપલાઇનમાં ૧૦૦૦ ભરણાં હોવાના અહેવાલ છે. ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ રૂ. ૩૧.૭૦ કરોડના નિશ્ચિત ભાવના જાહેર ભરણા સાથે ૨૪મી ફેબ્રુઆરીએ બજારમાં પ્રવેશ કરશે, જે સંપૂર્ણપણે ૧૩.૫૫ લાખ શેરનો ફ્રેશ ઇશ્યૂ છે. ભરણું ૨૭ ફેબ્રુઆરીના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ ફેબ્રુઆરીએ અને લિસ્ટિંગ ચોથી માર્ચે થવાની અપેક્ષા છે. શેરદીઠ ભાવ રૂ. ૨૩૪ નક્કી થયો છે અને અરજી માટે લઘુત્તમ લોટ સાઇઝ ૬૦૦ છે.

જેએમ ફાઇનાન્શિયલના શેરમાં રૂ. ૨૩૦ કરોડનું ટેક્સ રિફંડ મળવાના અહેવાલોએ તેજી જોવા મળી હતી. અમેરિકાની મજબૂત માગની આશા, રશિયાના પુરવઠાની ચિંતાના અહેવાલો વચ્ચે ક્રૂડતેલમાં સુધારો જોવા મળ્યો છે. ડોલર વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ટ્રમ્પ ટેરિફની ચિંતાઓ વચ્ચે સોનું સતત આઠમી સાપ્તાહિક આગેકૂચ આગળ વધ્યું છે.

ટ્રમ્પની રેસિપ્રોકલ નીતિની ટેક્સ્ટાઇલ ક્ષેત્રે અસર વિશે અત્યારે કશું કહેવું ઘણું વહેલું છે, પરંતુ અમેરિકામાં ભારત હોમ ફર્નિશિંગ અને ગાર્મેન્ટની સારી નિકાસ કરે છે. અલબત્ત ચાઇના પ્લસ વનની જેમ બાંગ્લાદેશ પ્લસ વન જેવો કોનસેપ્ટ ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગ માટે લાભદાયી બની શકે, એમ ઇન્ડિયા આઇટીએમએ દ્વારા બીઇસી ખાતે યોજાઇ રહેલા ગ્લોબલ ટેક્સટાઇલ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ શોના પ્રવકતાએ જણાવ્યું હતું. આ જીટીટીઇએસ, ૨૦૨૫માં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ચીન, જર્મની, ૨૭થી વધુ દેશના ૨૫,૦૦૦થી વધુ વ્યાવસાયિક સહભાગી થયા છે. એશિયન બજારોની નરમાઇ પાછળ શુક્રવારે ભારતના



બેન્ચમાર્ક નીચા મથાળે ખુલ્યા હતા. અમેરિકાએ જાહેર કરેલી ટેરિફ સામેના અન્ય દેશના સંભવિત પ્રત્યાઘાતની અસરોની ચિંતા અને વિદેશી ફંડોના સતત વેચાણને કારણે સેન્ટિમેન્ટ ખરડાયું છે. ઓટો અને ફાર્માની આગેવાની હેઠળ વેચવાલીનું દબાણ વધતા સવારના સત્રમાં જ સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૮૦૦ની નીચે સરકી ગયો હતો. સેન્સેક્સ પેકમાં, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ અને હિન્દુસ્તાન યુનિલિવર ટોપ લુઝર્સમાં હતા. ટ્રમ્પે નવા વિધાનમાં સેમીકન્ડકટર અને ફાર્માસ્યુટિકલ્સ સહિતની ચીજો પર નવી ટેરિફ લાદવાના અથવા વધારવાના સંકેત આપ્યા હોવાથી ઇક્વિટી ઇન્વેસ્ટર્સનું સેન્ટિમેન્ટ વધુ ખોરવાયું છે. આ ઉપરાંત એશિયાઇ બજારોના સંકેત પમ નબળા રહ્યાં હતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી પણ અવિરત રહેવાની સંભાવનાને કારણે બજારનું મોરલ ખખડી ગયું છે. ભારતીય માલ પર સંભવિત યુએસ ટેરિફ અંગે વધતી ચિંતાઓને કારણે સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્કમાં નજીવો ઘટાડો થયો હતો. ટ્રમ્પની પ્રસ્તાવિત વેપાર નીતિ ફુગાવાજન્ય દબાણ વધારે એવી ધારણાં છે. તાજેતરની ફેડરલ રિઝર્વની મિનિટ્સ સૂચવે છે કે વ્યાજ દરમાં ઘટાડો વિલંબિત થઈ શકે છે. જોકે, સ્થાનિક સ્તરે ફુગાવામાં ઘટાડા અને આરબીઆઇ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા વ્યાજદરના ઘટાડાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક સમયગાળાથી વપરાશી માગમાં સુધારો થવાની અપેક્ષા વચ્ચે વ્યાપક બજારમાં પ્રારંભિક રિકવરી જોવા મળી હતી. દરમિયાન, વૈશ્વિક બજારમાં ટ્રમ્પ ટેરિફની ચિંતાને કારણે વર્લ્ડ માર્કેટમાં સોનું નવી વિક્રમી સપાટી તરફ આગળ વધતું રહ્યું છે. ચીને ફેબ્રુઆરીમાં અપેક્ષા મુજબ બેન્ચમાર્ક ધિરાણ દર યથાવત રાખ્યા છે. જાપાની યેનમાં મજબૂતાઇ હતી જ્યારે ડોલર સ્થિર રહ્યો હતો. ફેડરલ રિઝર્વે મિનિટ્સ દ્વારા સાવધાનીનો સૂર આલાપ્યો હોવાથી એશિયન શેરોમાં ઘટાડાનો દોર જોવા મળ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર મેટલ ઈન્ડેક્સ વધ્યો હતો, જ્યારે ઓટો ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ.૨.૬૫ લાખ કરોડનો ઘટાડો થયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૫,૭૩૫.૯૬ના બંધથી ૪૨૪.૯૦ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૨.૬૫ લાખ કરોડ ઘટીને રૂ.૪૦૨.૨૦ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૫,૬૧૨.૬૧ ખૂલીને ઊંચામાં ૭૫,૭૪૮.૭૨ સુધી અને નીચામાં ૭૫,૧૧૨.૪૧ સુધી જઈને અંતે ૭૫,૩૧૧.૦૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૭ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૦૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૪૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૧૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૩ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૩૩ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૧ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર મેટલ ઈન્ડેક્સ ૧.૨૩ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં ઓટો ૨.૬ ટકા, હેલ્થકેર ૧.૬ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૪૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૪૨ ટકા, રિયલ્ટી ૧.૩૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૧૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૭ ટકા, એનર્જી ૦.૮૬ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૪ ટકા, બેન્કેક્સ ૦.૮૨ ટકા, આઈટી ૦.૭૧ ટકા, સર્વિસીસ ૦.૭ ટકા, ટેક ૦.૫૪ ટકા, એફએમસીજી ૦.૫૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૫ ટકા, પાવર ૦.૩૧ ટકા, યુટિલિટીઝ ૦.૨૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૦૬ ટકા અને કોમોડિટીઝ ૦.૦૧ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટાટા સ્ટીલ ૧.૮૮ ટકા, લાર્સન ૧.૧૦ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૭૫ ટકા, એશિયન પેઈન્ટ ૦.૩૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૩૧ ટકા, એનટીપીસી ૦.૨૫ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૨૧ ટકા નેસ્લે ૦.૧૪ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૦૩ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૬.૦૭ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૫૭ ટકા, ટાટા મોટર્સ ૨.૪૬ ટકા, સન ફાર્મા ૧.૬૦ ટકા, પાવર ગ્રીડ ૧.૫૨ ટકા, ઝોમેટો ૧.૪૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૧ ટકા અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૦૨ ટકા અને કોટક બેન્ક ૦.૯૯ ટકા ઘટચા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૦.૬૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૦૭ સોદામાં ૧,૧૮૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૬૧,૩૮૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩૩,૭૬,૯૬૪.૬૪ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નરમ

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ચાર પૈસા ઘટીને ૮૬.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સાધારણ નરમાઈ રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૬૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૭૭ અને ઉપરમાં ૮૬.૫૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૬.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૪ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો. તાજેતરમાં જોવા મળી રહેલું ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી શકે છે, એમ મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે સંભવત રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડો રૂપિયાને ટેકો આપી શકે છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા વધીને ૧૦૬.૬૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૨૪.૯૦ પૉઈન્ટનો અને ૧૧૭.૨૫ પૉઈન્ટનો ઘટાડો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૩૩૧૧.૫૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. તેમ છતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૨ ટકા ઘટીને બેરલદીઠ ૭૬.૧૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વૈશ્વિક સોનું વિક્રમ સપાટીએથી પાછું ફરતાં સોનું ₹ ૪૨૮ ઘટ્યું, ચાંદી ₹ ૬૪૨ તૂટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ગઈકાલે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ વધીને ૨૯૫૪.૬૯ ડૉલરની સપાટીએથી પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સાવચેતીના અભિગમ વચ્ચે રોકાણકારો નવી લેવાલીથી દૂર રહેતાં હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૭થી ૪૨૮ ઘટી આવ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૪૨નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૪૨ તૂટીને રૂ. ૯૭,૧૪૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના



ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૭ ઘટીને રૂ. ૮૫,૭૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૮ ઘટીને રૂ. ૮૬,૦૯૨ના મથાળે રહ્યા હતા. ગઈકાલે સલામતી માટેની માગને ટેકે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૫૪.૬૯ ડૉલરની સપાટીએ પહોંચીને પાછા ફર્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯૨૬.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં સાપ્તાહિક ધોરણે અત્યાર સુધીમાં સતત આઠમાં સપ્તાહમાં આગેકૂચ જળવાઈ રહેતાં એક ટકા સુધીનો સુધારો નોંધાયો હતો. વધુમાં આજે સોનાના વાયદામાં પણ ભાવ ૦.૫ ટકા ઘટીને ૨૯૪૦.૯૦ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે હાલના તબક્કે સોનામાં અમેરિકાની વેપારની નીતિઓની અનિશ્ચિતતાને કારણે હેજરૂપી માગને ટેકે મજબૂત આંતરપ્રવાહ જોવા મળી રહ્યો હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હાલ ખરીદદારો ગંભીરપણે ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સોનાના ભાવની સપાટી જોઈ રહ્યા છે. આ સપ્તાહના આરંભે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે લાકડા સહિતની વનના અન્ય ઉત્પાદનો પર ટૂંક સમયમાં ટેરિફની જાહેરાત કરવામાં આવશે, એમ જણાવવાની સાથે તેઓ આયાતી કાર, સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ પર પણ ડ્યૂટી લાદવાની યોજના ધરાવે છે, એમ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે પૂર્વે હોદ્દો અખત્યાર કર્યો ત્યારે તેમણે ચીનથી આયાત થતી ચીજો પર અતિરિક્ત ૧૦ ટકા ડ્યૂટી અને સ્ટીલ તથા એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આમ ટ્રમ્પની વેપાર અને વેરાની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં ગઈકાલે એટલાન્ટા ફેડ ગવર્નરે ફેડરલ રિઝર્વ આગામી ટૂંકા સમયગાળા દરમિયાન વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં વ્યાજદરની ઊપજ ન આપતી સોના જેવી અસક્યામતોમાં રોકાણકારોની માગ નિરસ રહેતી હોય છે, પરંતુ તાજેતરમાં સોનાની તેજીને વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન, નિકલ, બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ટીન, નિકલ, બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૮ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં નિરસ વેપારે ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ શુષ્ક રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૨૯૨૩, રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૬૫ અને રૂ. સાત ઘટીને રૂ. ૮૮૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ માગ નિરસ રહેતાં ભાવઘટાડો જોવા મળ્યો હતો તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૮૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૩૮ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૧૯ અને રૂ. ૮૦૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૨, રૂ. ૭૫૭, રૂ. ૨૦૦, રૂ. ૨૬૯, રૂ. ૨૭૪ અને રૂ. ૧૮૧ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૫થી ૩૭૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૮૦માં થયા હતા.

## અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફ સામે ભારતે શૂન્ય સામે શૂન્ય ટકાનો પ્રસ્તાવ મૂકવો જોઈએઃ જીટીઆરઆઈ

નવી દિલ્હીઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફના પ્રસ્તાવ સામેના ઉકેલ રૂપે ભારતે શૂન્ય સામે શૂન્ય ટેરિફના પ્રસ્તાવનો વ્યૂહ અપનાવવો જોઈએ જે દ્વીપક્ષીય વેપાર કરારની વાટાઘાટોમાં કોઈ તકલીફ ન થાય, એમ આર્થિક થિન્ક ટૅન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવ (જીટીઆરઆઈ)એ તેના એક અહેવાલમાં જણાવ્યું છે. આ વ્યૂહ હેઠળ જીટીઆરઆઈએ ભલામણ કરી હતી કે સરકારે અમેરિકાથી આયાત થતી એવી ટેરિફ લાઈન્સ અથવા તો ઉત્પાદનની કેટેગરીઓ ઓળખી કાઢવી જોઈ જેના પરથી આયાત જકાત દૂર કરવામાં આવે તો પણ સ્થાનિક ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રને હાની ન પહોંચે અને તે જ પ્રમાણે અમેરિકા પણ ભારતીય સામાન પરની ડ્યૂટી દૂર કરે. ભારત આ ચીજોની યાદીમાંથી કૃષિ ચીજોને બાકાત રાખી શકે છે અને યાદી તૈયાર કરતી વખતે જાપાન, કોરિયા અને આસિયન દેશો સાથે થયેલા મુક્ત વેપાર કરારને પણ તપાસવા જોઈએ, એમ જીટીઆરઆઈના સ્થાપક અજય સહાયે જણાવતાં ઉમેર્યું હતું કે આ યાદી અંગે અમેરિકા સાથે એપ્રિલ પહેલા અથવા તો રેસિપ્રોકલ ટેરિફના અમલ પહેલા ચર્ચા કરવી જોઈએ. જેથી ત્વરીતપણે મુક્ત વેપાર કરાર થાય અને જો અમેરિકા તૈયાર થાય તો ભારત માટે રેસિપ્રોકલ ટેરિફના દર નીચા અથવા તો શૂન્યની આસપાસ રહે. અમેરિકામાં થતી ભારતીય ચીજોની સામે ઊંચા ટેરિફનો સામનો કરવા ભારત અમેરિકાથી થતી આયાત થતા ૯૦ ટકા ઔદ્યોગિક ઉત્પાદનો માટે શૂન્ય ટકા સામે શૂન્ય ટકા ટેરિફનો પ્રસ્તાવ મૂકે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. જોકે, શૂન્ય ટકા સામે શૂન્ય ટકા ટેરિફના વ્યૂહથી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિયમનોનું ઉલ્લંઘન થાય છે, પરંતુ તેનાથી મુક્ત વેપાર કરારની વાટાઘાટોમાં ઓછી હાની થશે, અન્યથા અમેરિકા ભારતને અમેરિકી કંપનીઓ માટે સરકારી પ્રાપ્તિ કરવા, કૃષિ સબસિડી ઘટાડવા, નબળા પેટન્ટ સંરક્ષણો સ્વીકારવા જેવી મુશ્કેલ રાહતો આપવા માટે દબાણ કરી શકે છે અને ભારત તે માટે સ્વીકારવા તૈયાર ન પણ થાય, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુએસએમસીએ (કેનેડા અને મેક્સિકો સાથેના કરાર) થયા હોવા છતાં ૨૫ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. વધુમાં અહેવાલમાં ઉમેર્યું હતું કે જો અમેરિકા પ્રસ્તાવ નામંજૂર કરે તો સમજવું કે ટેરિફ એ વાસ્તવિક મુદ્દો નથી અને માત્ર કન્સેશન સહિત અન્ય બાબતો માટે ભારત પર દબાણ લાવવાનું જ કેન્દ્ર સ્થાને છે. આવા કિસ્સામાં ભારતે વાટાઘાટો નકારી કાઢવી જોઈએ અને ચીનના વલણને ધ્યાનમાં રાખીને ગેરવાજબી માગણીઓને ઠુકરાવી દેવી જોઈએ. નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ જ્યારે ચીનથી થતી આયાત પર ૧૦ ટકા ડ્યૂટી લાદવાની જાહેરાત કરી ત્યારે તુરંત ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદવાની સાથે એનવિડીયા અને ગૂગલ સામે તપાસનો આરંભ કર્યો હતો. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ ગત ૧૩મી ફેબ્રુઆરીના રોજ રેસિપ્રોકલ ટેરિફની યોજનાની જાહેરાત કરી હતી અને જે દેશો સાથેની વેપારી તુલા ખાધમાં હોય તે દેશોથી થતી આયાત સામે ડ્યૂટી વધારવાની જાહેરાત કરી હતી અને જો રેસિપ્રોકલ ટેરિફનો અમલ થાય તો ભારતીય નિકાસને નોંધપાત્ર અસર થાય તેમ છે, એમ અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે જો ભારતથી નિકાસ થતી ચીજો પર એક સમાન ટેરિફ લાદવામાં આવે તો હાલ જે ટેરિફ ૨.૮ ટકા છે તે વધીને ૪.૯ ટકા થાય અને જો સેક્ટર અનુસાર ડ્યૂટી લાદવામાં આવે તો ભારતીય કૃષિ નિકાસને અત્યંત માઠી અસર થાય તેમાં પણ ખાસ કરીને શ્રીમ્પ, ડેરી ચીજો અને પ્રોસેસ્ડ ખાદ્ય ચીજો પર ૩૮.૨ ટકા સુધીની ટેરિફ હોવાથી વધુ માઠી અસર થઈ શકે છે. આ સિવાય ફાર્માસ્યુટિકલ, જ્વેલરી, ડાયમંડ અને ઈલેક્ટ્રોનિક્સ ચીજોની નિકાસ પણ જોખમમાં આવશે. નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૪માં ભારત-અમેરિકા વચ્ચેનો દ્વીપક્ષીય વેપાર ૧૨૫ ડૉલર કરતાં વધુ માત્રાનો રહ્યો હતો.

## વૈશ્વિક બજાર પાછળ આયાતી તેલમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૯૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં બાવીસ રિંગિટનો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સોયા રિફાઈન્ડ તથા આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી, સેલરિસેલ તેમ જ હાજરમાં કામકાજો છૂટાછવાયાં રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫ તથા ગોલ્ડન એગ્રી, રૂચી, એએનએ અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૯૦, રૂ. ૧૩૮૦, રૂ. ૧૩૭૦ અને રૂ. ૧૩૯૧ ક્વૉટ થઈ રહ્યાં હતાં.



જૂનાગઢમાં ગિરનારના ભવનાથમાં ૨૨ ફેબ્રુઆરીથી શિવરાત્રી મેળાનો પ્રારંભ સવારે ૯:૦૦ વાગે ભવનાથ મંદિર ઉપરથી ધજા જોડાવી મેળાનો પ્રારંભ કરવામાં આવશે. (તસવીર હરેશ સોની જૂનાગઢ)

# બજેટ ૨૦૨૫-૨૬માં કચ્છને નર્મદાનાં પાણી માટે ૧૪૦૦ કરોડ ફાળવાયા: ભુજ-નખત્રાણા ચાર માર્ગીય હાઈ-સ્પીડ કોરિડોર માટે ૯૩૭ કરોડ ખર્ચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત રાજ્યના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ગત ગુરુવારે રજૂ કરેલા રાજ્યના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સરહદી જિલ્લા કચ્છના વિકાસ માટે કેટલીક મહત્ત્વની ઘોષણાઓ કરી હતી. રણપ્રદેશ માટે જીવાદોરી સમાન નર્મદા નદીના દરિયામાં વહી જતાં પાણી વાળવા માટે ૧૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે તેમ જ રિજિયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરાઈ રહ્યો છે, તેવી જાણકારી નાણાપ્રધાને તેમના બજેટ ભાષણમાં આપી હતી. ભુજ-નખત્રાણા ચાર માર્ગીય હાઈ-સ્પીડ કોરિડોરની કામગીરી માટે રાજ્ય સરકારના બજેટમાં ૯૩૭ કરોડ રૂપિયાના ભંડોળની ફાળવણીની જાહેરાત પણ નાણામંત્રીએ કરી હતી. કચ્છ સાથે સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પિંગ સ્ટેશન તેમ જ હાઈડ્રો પાવર સ્ટેશન પર કુલ ૧૪ જગ્યાએ સોલાર પ્રોજેક્ટ માટે ૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની ઘોષણા પણ કરાઈ હતી.

સુરક્ષા માટેના કચ્છના વ્યૂહાત્મક કોરીક્રીક વિસ્તારને 'ટૂરિઝમ પ્લેસ' એટલે કે પર્યટન સ્થળ તરીકે વિકસાવવાના આયોજનની પણ જાહેરાત બજેટ ભાષણ દરમ્યાન નાણાપ્રધાને કરી હતી.

કચ્છમાં મેગા ફૂડ પાર્કનું નિર્માણ તેમ જ ચાડવા રખાલ વિસ્તારમાં હેણોતરાના કેપ્ટિવબ્રીડિંગ સેન્ટરની ઘોષણા ઉપરાંત અંજારમાં સિટી સર્વે સુપરિન્ટેન્ડેન્ટની નવી કચેરીના બાંધકામની ઘોષણા કરાઈ હતી, તો કચ્છના કિસાનોને ટ્રેક્ટર ખરીદી પર સહાય હાલના ૬૦ હજારમાંથી વધારીને એક લાખ રૂપિયા કરાઈ હોવાની જાહેરાત પણ બજેટમાં સામેલ કરાઈ હતી.

# ભુજના યુગલે યુનાઈટેડ કિંગ્ડમ મોકલવાના બહાને સુખપરની મહિલાના ૧૯.૫૫ લાખ રૂપિયા ખંખેરી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ તાલુકાના સુખપર ગામની ગૃહિણીને યુનાઇટેડ કિંગ્ડમ મોકલવાના નામે ભુજમાં ઈમિગ્રેશન ઑફિસ ખોલીને બેઠેલાં યુગલે ૧૯.૫૫ લાખ રૂપિયા મેળવીને છેતરપિંડી કર્યાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી હતી. સુખપર ગામના જૂનાવાસમાં રહેતી ૩૫ વર્ષીય આરતી અનિલભાઈ સોલંકીએ છેતરપિંડી અંગે ભુજના હૉસ્પિટલ રોડ પર શ્રીજી ઈમિગ્રેશનના નામે દુકાન ચલાવતા કેતન સોલંકી અને તેની પત્ની ડિમ્પલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

યુનાઇટેડ કિંગ્ડમમાં કાયમ માટે સ્થાયી થવાની ઇચ્છા હોઈ આરતીએ વર્ષ ૨૦૨૪માં ભુજના હૉસ્પિટલ રોડ પર સત્ત્વ કૉમ્પ્લેક્સમાં શ્રીજી ઇમિગ્રેશન નામે ઑફિસ ચલાવતા કેતન સોલંકીની મુલાકાત કરી હતી. કેતને ફરિયાદીને ટેમ્પરરી વર્ક કેટેગરીમાં ક્રિએટિવ વર્કર તરીકે યુકે મોકલવાનું વચન આપ્યું અને બે માસમાં તમામ કાર્યવાહી પૂરી થઈ જશે તેવો વાયદો કર્યો હતો.

કેતનના કહેવા મુજબ ફરિયાદીએ યુકેમાં જવા માટેની ઑનલાઈન પરીક્ષા પાસ કરી હતી. ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં કેતનને આરટીજીએસ વડે પાંચ લાખ રૂપિયા ચૂકવ્યા અને તે પેટે તેની પત્ની ડિમ્પલે પહોંચ આપી હતી. આ કંપની તરફથી આવેલો કાગળ ફરિયાદીના પતિને વૉટસઍપ પર મોકલ્યાં બાદ મે ૨૦૨૪માં તેમણે રોકડા પાંચ લાખ તથા આરટીજીએસથી દસ લાખ ટ્રાન્સફર કર્યા. ત્યાર બાદ જૂન ૨૦૨૪માં વધુ બે લાખ જમા કરાવ્યા અને નાણાંની લેવડ-દેવડની ડિમ્પલે પહોંચ આપી હતી.

અચાનક કેતન સોલંકીએ તેમને જણાવ્યું હતું કે ક્રીએટિવ વર્કર કેટેગરીમાં તકલીફ થશે એટલે બ્યુટિશિયન તરીકેની કેટેગરીના વિઝા મેળવવા માટે પ્રોસેસ કરવી પડશે. આ બહાના હેઠળ વધુ થોડાક માસ વીતી ગયા હતા. ત્યાર બાદ કેતને ફરી જણાવ્યું કે, બ્યુટિશિયન કેટેગરીમાં કામ નથી થયું એટલે હવે સ્કિલ્ડ વર્કર તરીકેની કેટેગરીમાં એપ્લાય કરવું પડશે અને તે પેટે કંપનીમાં પાંચ હજાર પાઉન્ડ (૫.૫૫ લાખ રૂપિયા) ભરવા પડશે કહી વધુ પૈસા પડાવ્યા હતા.

કેતનના ભરોસે રહીને ફરિયાદીએ સપ્ટેમ્બર ૨૦૨૪માં ૫.૫૫ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા જેની તેને કોઈ પહોંચ મળી નહોતી. આ રીતે, આરોપી યુગલે ફરિયાદી પાસેથી વિવિધ બહાને ટુકડે ટુકડે ૨૭.૫૫ લાખ રૂપિયા મેળવી લીધા હતા. થોડા સમય બાદ સ્કિલ્ડ વર્કર તરીકેનો લેટર કૅન્સલ થયો હોવાનું કહીને કેતને હાથ અદ્ધર કરી દેતાં ફરિયાદીએ પોતાનો લેટર કૅન્સલ થયો હોવાની જાણ કરતો કાગળ જોવા માગતા કેતને તે કાગળ બતાડ્યો નહોતો. ફરિયાદીએ નાણાં પરત માંગતાં પંદર દિવસમાં નાણાં પાછાં આપી દેવાનો વાયદો કર્યો અને નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪માં આઠ લાખ રૂપિયા પરત ચૂકવી આપ્યા હતા.

# ભાવનગર જિલ્લાનાં ગારિયાધાર અને પાલીતાણા તાલુકામાં વૉટરશેડ યાત્રા યોજાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ (વોટરશેડ ૨.૦) દ્વારા અમલીકરણ કરવામાં આવી રહી છે. જેમાં જળ સંચય અને જળ સંરક્ષણનાં કામો કરવામાં આવે છે. યાત્રાનો મુખ્ય ઉદ્દેશ જળનું સંરક્ષણ કરવું તેમજ પર્યાવરણને વૃક્ષો દ્વારા શુદ્ધ રાખવાન હેતુથી લોકોમાં જન જાગૃતિ સારૂ પાલીતાણા તાલુકામાં ડબલ્યુ.ડી.સી. ૨.૦/૨ હાથસણી પોજેક્ટનાં જાળીયા(અમરાજી) તેમ જ મોટા ગરાજિયા ગામે અને ગારિયાધાર તાલુકામાં ડબલ્યુ.ડી.સી. ૨.૦/૧ વેળાવદર પ્રોજેકટનાં મોટા ચારોડિયા તેમ જ લુવારા ગામે આયોજન કરવામાં આવ્યું હતું.

વોટરશેડ યાત્રા દરમ્યાન ગામમાં પાણીને લગતાં કામો જેવા કે ચેકડેમ, નાલાપ્લગ, ચેકવોલ, કોઝ-વે કમ ચેકડેમ, ઈન્જેક્શન વેલ વગેરે જેવા કામોથી વરસાદી પાણીની બચત કરી ભૂગર્ભ જળનું સ્તર ઉચું લાવવા પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓથી લાભાર્થીઓને ખેતીમાં અનેક લાભ થયેલ હોવાથી લોકો ખુબ જ ઉત્સાહી તેમજ આનંદમાં જોવા મળ્યા હતા. આ યોજનાનાં પ્રોડકશન સિસ્ટમ હેડ હેઠળ વ્યક્તિગત લાભાર્થીઓને સંમાનિત કરવામાં આવ્યા તેમજ કેટલશેડ, જિપ્સમ, વાડી પ્રોજેકટ, સબમર્સીબલ પંપ, કોટન પીકર, ડ્રીપ ઈરીગેશન, પોલી હાઉસ વગેરેનાં વ્યક્તિગત લાભાર્થીઓને મળેલ લાભ અંગે લાભાર્થીઓ દ્વારા વર્ણન કરવામાં આવ્યું અને યોજનાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. ''એક પેડ માં કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને સેલ્ફી પોઈન્ટ દ્વારા લોકોને આકર્ષિત કરવામાં આવ્યા ત્યારબાદ રથનું ફલેગ ઓફ કરી રથ અમરેલી તરફ રવાના કરવામાં આવ્યો હતો.

# સતત ચોથા દિવસે ૩૦ સ્થળે આવકવેરાના દરોડા ચાલુ: વાંધાજનક ડેટા રીકવર કરવા દિલ્હી અને બેંગ્લોરથી નિષ્ણાતો બોલાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં સતત ચોથા દિવસે પણ બિલ્ડરો, ફાઈનાન્સરો, જ્વેલર્સ, તમાકુ વ્યવસાયકારો, શિપ નેવિગેશન નિકાસકાર, શિપ બ્રેકર સહિતનાના વ્યવસાયના સ્થળો અને રહેણાક પર આવકવેરા વિભાગના દરોડા અને સર્ચની કામગીરી યથાવત્ રહી હતી. આઇટી વિભાગ જુદી જુદી એન્ટ્રીઓ તપાસી તેનું ક્રોસ વેરિફિકેશન કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ભાવનગરમાં આઈટીની તપાસ દરમિયાન ૩૪ સ્થળોએ વધુ શંકાઓ અને પુરાવા મળતા તંત્રએ દરોડા-સર્ચની સંખ્યા ૪૬ સુધી પહોંચાડી હતી. ગુરુવારે ૧૬ જગ્યાએ સર્ચ-દરોડાની કામગીરી પૂર્ણ થઇ હતી પરંતુ ૩૦ સ્થળોએ કામગીરી સતત ચાલી હતી. દરમિયાન તમાકુ સંબંધિત વ્યવસાયકારના ઘરેથી એક સિક્રેટ રૂમ મળી આવ્યો છે અને તેની તલસ્પર્શી તપાસ કરવામાં આવી રહી છે, જ્યારે અન્ય સ્થળોએથી પણ વાંધાજનક ડેટા, સાહિત્ય, કાચી ચીઠ્ઠીઓ, રોકડ રકમ મોટા જથ્થામાં મળી આવ્યું હતું.

જે પૈકી રણછોડદાસ જીણાભાઈ ધોળકીયા (આર.ઝેડ.)ના માલિક જયેશ ધોળકિયા દુબઈ હતા અને તેઓને તેડાવવામાં આવ્યા હતા. ધોળકિયાના ઈસ્કોન સૌંદર્ય વસાહતમાં આવેલી હવેલીમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તે દરમિયાન એક દિવાલ પર લાકડાનું સુશોભન હતુ તે શંકાસ્પદ લાગતા અધિકારીઓએ ખખડાવ્યુ હતુ. તેની પાછળ બોદો અવાજ આવતા અંદર મોટો ગેટ નિકળ્યો હતો અને તેની પાછળ એક સિક્રેટ રૂમ હોવાનું જણાયુ છે, તે રૂમની ચાવી ધોળકિયા પાસે માગતા તેઓ દુબઈ ચાવી ભૂલી ગયા હોવાનું રટણ કરી રહ્યા હતા, દરમિયાન ગેટના લોક ઉત્પાદકના માણસોને બોલાવાયા હતા.

૪૬ જગ્યા પર સર્ચ અને દરોડા દરમિયાન મોબાઈલ, કૉમ્પ્યુટર, લેપટોપમાં સિક્રેટ ડેટા ડીલીટ કરી નાખવામાં આવ્યા હોવાની બાબત આવકવેરાના અધિકારીઓને ધ્યાને આવતા ડીલીટ થયેલો ડેટા રીકવર કરવાના કામમાં નિષ્ણાત લોકોને બેંગલોર, દિલ્હીથી બોલાવાયા હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ફાઇનાન્સરો પૈકીના બે લોકોની ઑફિસમાંથી ૨.૨૫ કરોડની રોકડ અને પોટકા ભરાય તેટલી નવી-જૂની ચીઠ્ઠીઓ,કાગળ મળી આવ્યા છે. દરોડાના તમામ સ્થળોના બૅન્ક ખાતા, બૅન્ક લોકરો અંગે બૅન્કોને પણ જાણ કરવામાં આવી છે.

પ્રથમ વખત આવકવેરાની કાર્યવાહીમાં સામેલ તમામ કર્મચારીઓ માટે જમવાનું, પાણી અને અન્ય બાબતોની વ્યવસ્થા તંત્ર તરફથી જ કરાઈ છે અને જેને ત્યાં દરોડા હોય તેઓની એકપણ વસ્તુ, સવલતનો ઉપયોગ નહીં કરવા સુચના હોવાનું જાણવા મળ્યું હતું. દરોડાની આ કાર્યવાહી ભાવનગરમાં ટૉક ઑફ ટાઉન બની ગઈ છે.

# રાજકોટ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટના નામે ૧ મિલિયન મુસાફરોની અવરજવરનો રેકોર્ડ પ્રસ્થાપિત થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં હિરાસર ખાતેના ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર હવે આધુનિક ટર્મિનલ ધમધમતું થઈ ગયું છે. આ એરપોર્ટ પર ૧ મિલિયન મુસાફરોની અવરજવરનો રેકોર્ડ પ્રસ્થાપિત થયો છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન ૫,૩૫,૯૬૬ મુસાફરો રાજકોટ ઍરપૉર્ટ ઉપર ઊતર્યા તો ૫,૧૭,૩૭૫ મુસાફરોએ દેશના અન્ય એરપોર્ટ ખાતે હવાઇ સફર કરી હતી. આમ વર્ષ ૨૦૨૪માં રાજકોટ ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ ઉપરથી ૧૦,૫૩,૩૪૧ મુસાફરોએ અવર જવર કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ પર વર્ષ ૨૦૨૪માં નવેમ્બર માસમાં ૧.૦૧ લાખ મુસાફરોની અવરજવર હતી. જે ડિસેમ્બર માસમાં વધીને ૧.૦૫ લાખ થઈ તો વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૧.૧૦ લાખ મુસાફરોની અવર જવર થઈ હતી. છેલ્લા ત્રણ મહિનામાં ૩,૧૭,૮૬૭ મુસાફરોની હવાઈ સફર થઈ હતી. જેમાં નવેમ્બર માસ કરતા ડિસેમ્બરમાં હવાઇ મુસાફરોની સંખ્યામાં ૪,૧૨૯ નો વધારો થયો હતો. ડિસેમ્બર માસ કરતા જાન્યુઆરી માસમાં હવાઇ મુસાફરોમાં ૪,૧૪૯ નો વધારો થયો હતો.

હાલ રાજકોટ ઈન્ટરનેશનલમાં નવુ અદ્યતન ટર્મિલન તૈયાર થતાં હવાઈ મુસાફરો વિમાનમાંથી સીધા જ એરોબ્રીજ મારફત ટર્મિનલમાં પ્રવેશી પાર્કિંગ સુધી સરળતાથી પહોંચી રહ્યા છે. પરંતુ કમનસીબી એ છે કે હજુ એક પણ ઈન્ટરનેશનલ ફલાઈટની સુવિધા શરૂ થઈ નથી. હાલ આ ઍરપૉર્ટમાં દિલ્હી, મુંબઈ, ગોવા, પૂના, હૈદરાબાદ, બેંગ્લોર જેવાં મેટ્રો શહેરોને જોડતી સીધી હવાઈ સેવામાં ડેઈલી ૧૧ થી ૧૨ ફલાઈટનું આવાગમન રહે છે.

# રાજકોટની હૉસ્પિટલના વીડિયોકાંડની તપાસમાં ક્રાઈમ બ્રાંચને બે હજારથી વધુ વીડિયો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:રાજકોટની પાયલ હૉસ્પિટલના સીસીટીવી હેક થયાની ઘટનાના કેસમાં સાયબર ક્રાઇમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. રાજકોટની મેટરનીટી હૉસ્પિટલોમાં પ્રસૂતાઓની સારવાર અને તપાસના વીડિયો યુ-ટયુબ અને ટેલીગ્રામ ચેનલો ઉપર અપલોડ કરીને કરાતી કમાણીનો પર્દાફાશ કરી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્ર અને યુ.પી.ના ત્રણ સૂત્રધારને પકડી પાડયા હતાં. ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં ૨ હજારથી વધુ વીડિયો હોવાનો ખુલાસો થયો હતો.

ક્રાઈમ બ્રાંચની તપાસમાં આરોપીઓ ૮૦૦થી ૨૦૦૦માં વીડિયો વેચતા હતા. છેલ્લા ૮ મહિનાથી આ પ્રવૃતિ ચાલતી હતી. બે ટાઇપના ગ્રુપોમાં વીડિયો મોકલતા અને ડેમો રેગ્યુલર અને ડેમો પ્રીમિયમ ગ્રુપ ચલાવતા હતા. પ્રીમિયમ ગ્રુપમાં વધુ પૈસા લેવાતા હતા. બસ સ્ટેન્ડ, પાર્લર, ગંગા નદીના વીડિયો હેક કરતા હતા. આરોપી પ્રજ્વલ તૈલીએ ૮ મહિનામાં ૧૦ લાખથી વધુની કમાણી કરી હોવાનું ક્રાઈમ બ્રાંચને તપાસમાં જાણવા મળ્યું હતું.

અમદાવાદ સાયબર ક્રાઇમ ડીસીપી લવિના સિન્હાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ અંગે ૧૭ તારીખે ફરિયાદ નોંધાઈ હતી. સાયબરની બે ટીમ અને ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ બહાર ગઈ હતી. હજુ પણ અનેક ટીમો આ તપાસમાં બહાર લાગી છે. ૧૦૦થી ઉપર મેમ્બરો આરોપીઓના પ્રીમિયમ ગ્રૂપમાં હતા. ૫૦૦થી વધુ મેમ્બર ડેમો ગ્રુપમાં હતાં. આરોપીઓના ડિવાઈસમાંથી ૨૨ કેટેગરીના વીડિયો મળી આવ્યા છે. ૬૦થી ૭૦ હૉસ્પિટલના વીડિયો આરોપીઓ પાસેથી મળ્યા છે. આરોપીઓ વીડિયો વેચીને ૮થી ૯ લાખ કમાતા હતા ગેરકાયદેસર રીતે કન્ટેન્ટ વેચવામાં આવતું હતું. આરોપીઓ ૬થી ૮ મહિનાથી સક્રિય હતા

# ગાંધીધામમાં આધેડ વયની શિક્ષિકાને ડિજિટલ અરેસ્ટ કરીને સાયબર માફિયાઓએ ૧૫.૫૦ લાખ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મની લોન્ડરિંગ કેસના નામે ડરાવી-ધમકાવી સરહદી કચ્છના ગાંધીધામ શહેરમાં રહેતાં એક આધેડ વયનાં શિક્ષિકાને ૧૫ કલાક સુધી ડિજિટલ એરેસ્ટ કરીને સાયબર અપરાધીઓએ ૧૫.૫૦ લાખ રૂપિયા પડાવી લેતાં ચકચાર મચી હતી. શહેરના વોર્ડ નંબર ૭-બીમાં રહીને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરનારાં બાવન વર્ષીય કાન્તાબેન નરેશભાઈ સોલંકીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૬ ફેબ્રુઆરીના રોજ તેમને 'સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટ, મુંબઈ' લખેલા નંબર પરથી વૉટસઍપ કોલ આવ્યો હતો. ગભરાઈને તેમણે સામેથી તે નંબર પર સંપર્ક કરતાં પોલીસ વર્દીમાં રહેલા સાયબર માફિયાએ તમારા આધાર કાર્ડના નંબર થકી મુંબઈની કેનેરા બૅન્કમાં ખાતું ખૂલ્યું હોવાનું અને તેમાં નાણાંની હેરફેર થતાં મની લોન્ડરિંગનો કેસ દાખલ થયો હોવાનું જણાવી, ફોન કટ ના કરવા કરડાકીભર્યા અવાજે સૂચના આપી હતી.

ત્યાર બાદ કુલ ૨૪ લોકો સાથે ૫૩૮ કરોડનું ફ્રોડ થયું છે અને આ ગુનાનો સૂત્રધાર જેટ ઍરવેઝનો માલિક નરેશ ગોયલ હોવાનું જણાવી, હોંશિયાર સાયબર માફિયાઓએ કાન્તાબેનને ડરાવી દીધાં હતાં. આરોપીઓએ આ કેસ નેશનલ સિક્રેટ હોવાનું, તમારા જીવને જોખમ હોવાનું કહીને અશોક સ્થંભવાળા સીબીઆઈ અને સુપ્રીમ કોર્ટના અલગ અલગ ઑર્ડર વૉટસઍપ પર મોકલીને તેમને વધુ ડરાવી મૂક્યાં હતાં. ફરિયાદીને સાયબર માફિયાઓએ આખી રાત સળંગ પંદર કલાક ડિજિટલ અરેસ્ટ કરી તેઓ જ્યાં જાય તે અંગે મેસેજ કરી જાણ કરવા હુકમ કર્યો હતો. એટલું જ નહિ, આધેડ શિક્ષિકાને તેમની મકાન-મિલકતો જપ્ત થવા સાથે ધરપકડ થવાની ચીમકી આપી હતી.

ચીટરોએ તેમને છાપું વાંચવા સુધ્ધાં ના પાડી હતી. વાત વાતમાં કાન્તાબેનને વિશ્વાસમાં લઈને માફિયાઓએ વિવિધ બૅન્ક ખાતાઓની વિગતો આપીને ૧૫.૫૦ લાખ રૂપિયા મેળવી લીધા હતા. ૧૮ ફેબ્રુઆરીના રોજ છાપું વાંચતાં વડોદરાની એક મહિલાને પોતાની જેમ જ ડિજિટલ અરેસ્ટ કરીને સાયબર માફિયાઓએ રૂપિયા પડાવ્યા હોવાનો કિસ્સો ધ્યાને આવતાં કાન્તાબેને નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ પર જાણ કરતાં આ રીતે સમગ્ર બનાવ બહાર આવ્યો હતો. હાલ પોલીસે અજ્ઞાત લોકો વિરુદ્ધ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ધાર્મિક દબાણો મુદ્દેની કામગીરી અંગે આસિસ્ટન્ટ કેબીનેટ હોમ સેક્રેટરીએ સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ધાર્મિક દબાણો દૂર કરવાની કામગીરી અંતર્ગત રાજકોટમાં ધાર્મિક દબાણો મુદ્દે થયેલી કામગીરીની રાજ્ય સરકારના આસિ. કેબિનેટ હોમ સેક્રેટરીએ રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વીડિયો કૉન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી.આ વીડિયો કૉન્ફરન્સના કારણે રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજિત રેવન્યુ અધિકારીઓની બેઠક મોકૂફ રખાઈ હતી. અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટ જિલ્લામાં ૧૫૦૦ જેટલાં ધાર્મિક દબાણો સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા છે. આ મુદ્દે આસિસ્ટન્ટ કેબીનેટ હોમ સેક્રેટરી દ્વારા સમીક્ષા કરીને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. ધાર્મીક દબાણો મુદ્દે હાઈ કોર્ટના દિશાનિર્દેશ મુજબ સરકાર દ્વારા ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે મુજબ કામગીરી કરવા તાકીદ કરાઈ હતી.રાજકોટ સહિત રાજયભરમાં સરકારી જમીનો પર ખડકાયેલા દબાણના મામલે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેની સાથોસાથ હવે ધાર્મિક દબાણોના મામલે પણ તંત્ર ગંભીર બન્યું છે. રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગે જામનગર રોડ ખાતે ડિમોલિશનની કામગીરી હાથ ધરી હતી. જેમાં ક્રાઇમ બ્રાન્ચ પાસે સરકારે ફાળવેલી જગ્યામાં ગેરકાયદે ખડકાયેલા ૫૦ જેટલાં કાચાં-પાકાં બાંધકામ તોડી પડાયાં હતાં અને કુલ ૧૫ કરોડની જમીન ખુલ્લી કરાઈ હતી.

# દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓને અપગ્રેડ કરવા રાજ્ય સરકારે બજેટમાં જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ગુરૂવારે રાજ્યનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓને અપગ્રેડ કરવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયથી બંને નગરપાલિકા વિસ્તારોના વિકાસ કામોને વેગ મળશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓમાં ખંભાળિયા નગરપાલિકા હાલામાં સી ગ્રેડની છે. ધારાસભ્ય મુળુભાઈ બેરાના પ્રયાસોથી શહેર નજીકની ચાર ગ્રામ પંચાયતોને ભેળવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૧૧માં અહીંની વસ્તી ૪૧ હજાર હતી. ૨૦૨૫માં આ વસ્તી વધીને ૮૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે. જેથી આ પાલિકાને અપગ્રેડ કરવાની દરખાસ્ત આગળ વધતાં તે એ ગ્રેડની બનશે અને તેને વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

તે ઉપરાંત દ્વારકા નગરપાલિકા વિસ્તારમાં ૨૦૧૧માં ૩૮ હજારની વસ્તી હતી, જે ૨૦૨૫માં વધીને ૭૫ હજારથી વધુ થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અહીંના વિકાસ માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ બધાં પરિબળોને ધ્યાનમાં રાખીને દ્વારકા નગરપાલિકાને સી ગ્રેડમાંથી બી ગ્રેડમાં અપગ્રેડ કરવામાં આવશે. સરકારે બજેટમાં આ માટે જાહેરાત કર્યા બાદ હવે બંને પાલિકાઓને વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે અને વિકાસકામોને વેગ મળશે.

# દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓને અપગ્રેડ કરવા રાજ્ય સરકારે બજેટમાં જાહેરાત

અમદાવાદ: ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ગુરૂવારે રાજ્યનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓને અપગ્રેડ કરવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયથી બંને નગરપાલિકા વિસ્તારોના વિકાસ કામોને વેગ મળશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓમાં ખંભાળિયા નગરપાલિકા હાલામાં સી ગ્રેડની છે. ધારાસભ્ય મુળુભાઈ બેરાના પ્રયાસોથી શહેર નજીકની ચાર ગ્રામ પંચાયતોને ભેળવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૧૧માં અહીંની વસ્તી ૪૧ હજાર હતી. ૨૦૨૫માં આ વસ્તી વધીને ૮૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે. જેથી આ પાલિકાને અપગ્રેડ કરવાની દરખાસ્ત આગળ વધતાં તે એ ગ્રેડની બનશે અને તેને વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. તે ઉપરાંત દ્વારકા નગરપાલિકા વિસ્તારમાં ૨૦૧૧માં ૩૮ હજારની વસ્તી હતી, જે ૨૦૨૫માં વધીને ૭૫ હજારથી વધુ થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અહીંના વિકાસ માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ બધાં પરિબળોને ધ્યાનમાં રાખીને દ્વારકા નગરપાલિકાને સી ગ્રેડમાંથી બી ગ્રેડમાં અપગ્રેડ કરવામાં આવશે. સરકારે બજેટમાં આ માટે જાહેરાત કર્યા બાદ હવે બંને પાલિકાઓને વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે અને વિકાસકામોને વેગ મળશે.

# ઘેડ પંથકમાં પાણી ભરાવાની સમસ્યા ઉકેલવા ૧૫૦૦ કરોડના પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કામાં ૧૭૦ કરોડની ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દર વર્ષે ચોમાસાની સિઝનમાં જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘેડ પંથકમાં સર્જાતી પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. સરકારે ૧૫૦૦ કરોડના આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૧૭૦ કરોડની ફાળવણી કરતાં તેની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દર વર્ષે ચોમાસાની સિઝનમાં જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાદર-ઓઝત અને મધુવંતી નદીના પાણી ફરી વળવાથી અનેક ગામડાઓ બેટમાં ફેરવાઈ જાય છે. ઘેડ પંથક દરિયાની સપાટી સમકક્ષ કે તેનાથી નીચા લેવલે હોવાથી પાણી લાંબા સમય સુધી ભરાઈ રહે છે. આ સમસ્યાના નિરાકરણ માટે સરકારે એક ખાનગી કંપનીને અભ્યાસનું કામ સોંપ્યું હતું. આ કંપની જુલાઈ-૨૦૨૫માં પોતાનો અહેવાલ રજૂ કરશે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ ૧૫૦૦ કરોડ રૂપિયા છે. પ્રથમ તબક્કે આ પ્રોજેક્ટમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ૧૭૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.